RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 08-06-2026 I VOL : 12 I Issue : 83 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


સુવિચાર

પરિશ્રમ વિના પ્રગતિ શક્ય નથી. ખુશી અંદરથી જન્મે છે.

3 

જગતનો તાત બરબાદીના આરે: બનાસ ડેરીએ 'છાસ પાઈ દૂધ કાઢ્યું'!

4 
ગુજરાતના પૂર્વ સીએમ આનંદીબહેન પટેલનો ગૌરવપૂર્ણ કાર્યકાળ

6 
રકુલ પ્રીત સિંઘે ટ્રોલરોની જોરદાર ઝાટકણી કાઢી

7 
'મારે ફક્ત રમવું નથી પણ 20 વર્ષ સુધી ક્રિકેટ જગત પર રાજ...

## એક નજર...

### પૂજા ભાલેકરે કેમેરા સામે ફ્લોન્ટ કર્યું ક્લિવેજ, તસવીરોએ લગાવી આગ



દરરોજ, પૂજા તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેના હોટ ફોટા શેર કરે છે અને તેના ચાહકોને તેની ઝલક બતાવે છે. જો કે, ચાહકો પણ તેની દરેક ઝલક મેળવવા માટે આતુરતાથી રાહ જુએ છે. હવે અભિનેત્રીએ તેની લેટેસ્ટ તસવીરો શેર કરી છે, જેમાં તે ખૂબ જ સિઝલિંગ પોઝ આપતી વખતે ફોટોશૂટ કરાવી રહી છે.

## NEWS TRACK

### ઈરાનની અબજો ડોલરની ફ્રીઝ સંપત્તિ પર અમેરિકાની નજર, ટ્રમ્પના પ્લાનથી વૈશ્વિક સંકટ વધશે?

અમેરિકા અને ઈરાન વચ્ચે સીઝફાયર (યુદ્ધવિરામ) લાગુ થયાને હજી ગણતરીના દિવસો જ થયા છે, ત્યાંજ બંને દેશો વચ્ચે એક નવો અને મોટો વિવાદ ઊભો થઈ ગયો છે. અમેરિકા હવે ઈરાનની અબજો ડોલરની ફ્રીઝ (જપ્ત) કરાયેલી સંપત્તિનો ઉપયોગ ખાડી દેશો કુવૈત અને બહેરીનને થયેલા નુકસાનની મરામત માટે કરવાની ગંભીર યોજના બનાવી રહ્યું છે. આ પગલાના કારણે નાજુક સ્થિતિમાં રહેલો યુદ્ધવિરામ ફરી એકવાર જોખમમાં મુકાય તેવી પ્રબળ આશંકા સેવાઈ રહી છે. અમેરિકન નાણા મંત્રીએ આપ્યા તપાસના આદેશ સૂત્રો અને રૉયટર્સના અહેવાલ મુજબ, ઈરાન દ્વારા કુવૈત અને બહેરીન પર કરવામાં આવેલા ડ્રોન અને મિસાઈલ હુમલા બાદ અમેરિકા આ આકરા પગલા પર વિચાર કરી રહ્યું છે. અમેરિકાના નાણા મંત્રી સ્કોટ બેસેન્ટે એક વિશેષ ટીમને ઈરાન દ્વારા ખાડી સહયોગી દેશોને પહોંચાડવામાં આવેલા નુકસાનનું વિગતવાર મૂલ્યાંકન કરવાનો નિર્દેશ આપ્યો છે.

### અમેરિકામાં ભારતીય યુવકની ક્રૂર હત્યા: 'ફેક' પિત્ઝા ડિલિવરીના બહાને જાળમાં ફસાવી ગોળી મારી

અમેરિકાના ફિલાડેલ્ફિયામાં તેલંગાણાના 28 વર્ષીય ભારતીય યુવક અંશુલ કુંચાની પિત્ઝા ડિલિવરી કરવા દરમિયાન ગોળી મારીને ઘાતકી હત્યા કરવામાં આવી છે. પ્રાથમિક અહેવાલો મુજબ, આ સમગ્ર ઘટના એક સુનિયોજિત કાવતરું હોવાનું સામે આવ્યું છે, જેમાં અંશુલને પિત્ઝાના 'ફેક' (નકલી) ઓર્ડર આપીને બોલાવવામાં આવ્યો હતો. અંશુલ અમેરિકામાં એક મલ્ટીનેશનલ કંપનીમાં કાયમી નોકરી કરતો હતો, પરંતુ વધારાની કમાણી કરવા માટે તે વીકેન્ડ (શનિ-રવિ) પર પાર્ટ-ટાઈમ પિત્ઝા ડિલિવરી એક્ઝિક્યુટિવ તરીકે કામ કરતો હતો. નકલી ઓર્ડર આપીને જાળમાં ફસાવ્યો શનિવારે રાત્રે અંશુલને એક સુનશાન વિસ્તારમાંથી પિત્ઝા ડિલિવરીની રિક્વેસ્ટ મળી હતી. અંશુલ જ્યારે ત્યાં પિત્ઝા પહોંચાડવા ગયો ત્યારે તે વિસ્તારમાં કોઈ હાજર નહોતું. અચાનક ત્યાં બે નકાબપોશ હુમલાખોરો આવ્યા હતા અને અંશુલના માથાના ભાગે એક પછી એક કહીને ઘણી ગોળીઓ મારી દીધી હતી. ગોળીબાર કર્યા બાદ હુમલાખોરો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. લૂંટ નથી થઈ, આ એક ષડયંત્ર: પરિવારનો આરોપ અંશુલના પરિવારના જણાવ્યા અનુસાર, હુમલાખોરોએ અંશુલ પાસેથી કોઈ લૂંટફાટ કરી નથી.

## મોંઘવારીનો વધુ એક ડામ

# ઘરેલુ LPG ગેસ સિલિન્ડરના ભાવમાં 29 રૂપિયાનો વધારો

પાક્કો ગુજરાત ન્યૂઝ, નવી દિલ્હી

દેશની રાજધાની દિલ્હીમાં સામાન્ય નાગરિકોના બજેટને ખોરવતા માઠા સમાચાર સામે આવ્યા છે. સૂત્રો તરફથી મળતી માહિતી અનુસાર, 7 જૂનથી દિલ્હીમાં 14.2 કિલોગ્રામવાળા ઘરેલું એલપીજી (LPG) સિલિન્ડરની કિંમતમાં મોટો વધારો ઝીંકવામાં આવ્યો છે. ગેસ સિલિન્ડરનો ભાવ 913 રૂપિયાથી વધીને હવે 942 રૂપિયા




થઈ ગયો છે, એટલે કે સીધો 29 રૂપિયાનો વધારો નોંધાયો છે. અગાઉ માર્ચ મહિનામાં પણ વધ્યા હતા ભાવ

આ અગાઉ 7 માર્ચના રોજ પણ પ્રતિ સિલિન્ડર 60 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. તે સમયે પશ્ચિમ એશિયા (વેસ્ટ એશિયા) માં ચાલી રહેલા તણાવ અને સંઘર્ષને કારણે વૈશ્વિક એનર્જી સપ્લાય ખોરવાઈ ગઈ હતી અને આંતરરાષ્ટ્રીય બજારમાં ઈંધણના ભાવ આકાશે આંબ્યા હતા. ઉદ્યોગ જગતના સૂત્રોના જણાવ્યા અનુસાર, અગાઉ કરાયેલા ભાવવધારાથી ઓઈલ કંપનીઓના નુકસાનની માત્ર આંશિક ભરપાઈ જ થઈ શકી હતી. આ તાજેતરના ફેરફાર પહેલા સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓને વેચાતા દરેક LPG સિલિન્ડર પર અંદાજે 703 રૂપિયાનું મોટું નુકસાન થઈ રહ્યું હતું. નોંધનીય છે કે આ જ મહિનાની 1લી જૂને 19 કિલોગ્રામવાળા કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં પણ મોટો વધારો કરાયો હતો. દિલ્હીમાં કમર્શિયલ સિલિન્ડર 42 રૂપિયા મોંઘો થઈને 3113.50 રૂપિયા અને કોલકાતામાં 53.20 રૂપિયાના વધારા સાથે 3255.50 રૂપિયા ની સપાટીએ પહોંચી ગયો છે. આ ઉપરાંત, નાના વેપારીઓ અને સામાન્ય નાગરિકો દ્વારા વપરાતા 5 કિલોગ્રામના એફટીએલ (FTL) સિલિન્ડરના ભાવમાં પણ 11 રૂપિયાનો ઈજાફો કરાયો છે. ઈંધણના ભાવોમાં આ વધારો માત્ર ગેસ સિલિન્ડર પૂરતો સીમિત નથી. મે મહિનાથી અત્યાર સુધીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કુલ મળીને 7.50 રૂપિયા પ્રતિ લીટરનો તોતિંગ વધારો ઝીંકવામાં આવ્યો છે. આટલા ભાવવધારા છતાં, ઈન્ડસ્ટ્રીના સૂત્રોનું કહેવું છે કે સરકારી ઓઈલ કંપનીઓ હજુ પણ પેટ્રોલ અને ડીઝલને તેની મૂળ પડતર કિંમત કરતાં સસ્તા ભાવે વેચી રહી છે. હાલની સ્થિતિએ કંપનીઓને પેટ્રોલ પર અંદાજે 11 રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ પર 33.6 રૂપિયા પ્રતિ લીટરનું નુકસાન વેઠવું પડી રહ્યું છે.

## કાશ્મીરમાં 4 દિવસમાં 4 વખત વાદળ ફાટયા, હિમાચલમાં ભૂકંપ

નવી દિલ્હી

જમ્મુ કાશ્મીરના કિશ્તવાડમાં ચાર દિવસમાં ચાર જગ્યાએ વાદળ ફાટવાની ઘટનાઓ સામે આવી ચુકી છે. ભુસ્ખલનની ભીતિને પગલે પ્રશાસને પ્રભાવિત વિસ્તારોની ધાર્મિક યાત્રાઓને હાલ પુરતા અટકાવી દીધી છે અને લોકોને સતર્ક રહેવાની સલાહ આપી છે. દરમિયાન હિમાચલ પ્રદેશમાં ભૂકંપના ત્રણ આંચકા અનુભવાયા છે. હિમાચલ પ્રદેશમાં રાતભર ભૂકંપના ત્રણ આંચકા



અનુભવાયા હતા જેની તીવ્રતા 5.0, 2.8 અને 3.0 રહી હતી. આ ભૂકંપને પગલે કેટલાક વિસ્તારોમાં મકાનો પડી ગયા હતા જ્યારે લોકોમાં ભારે ભય ફેલાયો હતો. રાત્રે 10 વાગ્યે પાંચની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જ્યારે 11 વાગ્યે 2.8 અને 11:52 કલાકે ત્રણની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેને પગલે અનેક વિસ્તારોમાં ભારે નુકસાન પહોંચ્યું હતું. બીજી તરફ જમ્મુ કાશ્મીરના કિશ્તવાડ, ડોડા અને રિયાસી જેવા પહાડી વિસ્તારોમાં ભારે વરસાદ અને વાદળ ફાટવાની ઘટનાઓ સામે આવી છે. એવામાં પ્રશાસને પહાડી વિસ્તારોમાં લોકોને નદીઓથી દૂર રહેવાની સલાહ આપી છે. ઘાટીમાં ભારે વરસાદ અને વાદળ ફાટવાની સ્થિતિ છે જ્યારે જમ્મુમાં ગરમીનો કેર યથાવત છે, કિશ્તવાડમાં પ્રશાસને મચૈલ માતા અને મિંધલ માતાના યાત્રાળુઓને હાલ યાત્રાએ ના જવાની સલાહ આપી છે.

# ચોમાસું મહારાષ્ટ્ર સહિત 12 રાજ્યોમાં પહોંચ્યું

## કેરળ-તમિલનાડુમાં ભારે વરસાદ, ચેન્નઈમાં પારો 40°C; MP-રાજસ્થાનમાં 50KMPHની ઝડપે વાવાઝોડું ફૂંકાયું

નવી દિલ્હી

રવિવારે ચોમાસું વધુ ચાર રાજ્યો ત્રિપુરા, નાગાલેન્ડ, આસામ અને અરુણાચલ પ્રદેશમાં પહોંચી ગયું. મહારાષ્ટ્રમાં ચોમાસું માત્ર દક્ષિણ કોંકણ સુધી જ આગળ વધ્યું. તેને કારણે 9 જૂન સુધી સિંધુદુર્ગ અને



રત્નાગિરીમાં ભારે વરસાદ થઈ શકે છે. જોકે, આગામી સપ્તાહ સુધી રાજ્યમાં વરસાદનું પ્રમાણ નબળું રહેવાનો અંદાજ છે. IMD અનુસાર, ચોમાસાને કારણે કેરળ, કર્ણાટક, ગોવા અને તમિલનાડુના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. જોકે, તમિલનાડુની રાજધાની ચેન્નઈમાં સતત 5મા દિવસે પારો 40C નો આંકડો પાર કરી ગયો. દેશમાં ગુજરાત સિવાયના અન્ય તમામ રાજ્યોમાં પ્રી-મોન્સુન વરસાદ થઈ રહ્યો છે. મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, બિહાર, ઝારખંડ, હરિયાણા, હિમાચલ પ્રદેશ સહિત નોર્થ ઈસ્ટના રાજ્યોમાં શનિવારે ભારે વરસાદ થયો. એમપીમાં ભોપાલ સહિત 4 જિલ્લાઓમાં 50kmphની ઝડપે વાવાઝોડું ફૂંકાયું. રાજસ્થાનના બીકાનેરમાં વરસાદ સાથે કરા પડ્યા. યુપીના મઉ અને ગાઝીપુરમાં પણ શનિવારે વરસાદ થયો. ભારતમાં ત્રણ દિવસ મોડું પહોંચ્યા બાદ ચોમાસાએ ગતિ પકડી લીધી છે. શનિવારે ચોમાસાએ આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મિઝોરમ અને મણિપુરમાં પ્રવેશ કર્યો. આ પહેલા તે શુક્રવારે કર્ણાટક, તમિલનાડુ અને ગોવામાં પહોંચ્યું હતું. દેશમાં ચોમાસું 4 જૂને કેરળ પહોંચ્યું હતું. IMD મુજબ આગામી ત્રણ દિવસમાં ચોમાસું પૂર્વોત્તરના તમામ રાજ્યો અને પશ્ચિમ બંગાળના કેટલાક ભાગો સુધી પહોંચી શકે છે. આગામી 10 દિવસમાં તે બિહાર, ઝારખંડ અને ઓડિશા પહોંચવાની સંભાવના છે. સ્કાયમેટ વેધરના નિષ્ણાત જીપી શર્માના મતે એમપી, છત્તીસગઢ, ઓડિશા અને બંગાળમાં ચોમાસાની ગતિ હાલ ધીમી રહી શકે છે, કારણ કે તેને આગળ વધારવા માટે બંગાળની ખાડીમાં કોઈ મજબૂત હવામાન સિસ્ટમ સક્રિય નથી. યુરોપિયન હવામાન એજન્સી અનુસાર, પ્રશાંત મહાસાગરમાં અલ નીનો બનવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. તાજા આંકડાઓમાં સમુદ્રનું તાપમાન તે સ્તરથી ઉપર પહોંચી ગયું છે, જેને અલ નીનોની શરૂઆત માનવામાં આવે છે. વૈજ્ઞાનિકોનું અનુમાન છે કે અલ નીનોના કારણે આ વર્ષે ડિસેમ્બર સુધીમાં સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં 3C સુધી વધી શકે છે. જો આ અનુમાન સાચું સાબિત થાય છે, તો આ વર્ષનો અલ નીનો વિશ્વભરમાં તાપમાનમાં ઘણો વધારો કરશે.

# સિવિલ હોસ્પિટલનો રિપોર્ટ આઈકેડીઆરસીએ ફગાવ્યો: 21 વર્ષની દીકરી ટ્રાન્સપ્લાન્ટની આશા છોડીને આંખમાં આંસુ સાથે ઘરે પરત ફરી!

અમદાવાદ

અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાંથી એક એવી હૃદયદ્રાવક અને વહીવટી તંત્રની આંખ ઉઘાડનારી ઘટના સામે આવી છે, જેને સાંભળીને કોઈપણ સંવેદનશીલ માણસ ધ્રુજી ઉઠશે. એશિયાના સૌથી મોટા મેડિકલ કેમ્પસમાં ગરીબ અને સામાન્ય કેટેગરીના કિડની દર્દીઓ માટે અત્યારે જીવન-મરણનો સંકટ ઊભો થયો છે. એક તરફ મફત ડાયાલિસિસની વ્યવસ્થા બંધ થઈ રહી છે, તો બીજી તરફ એક જ કેમ્પસમાં આવેલી બે સરકારી હોસ્પિટલો એકબીજાના રિપોર્ટ સ્વીકારવા તૈયાર નથી. તંત્રની આ અંદરોઅંદરની લડાઈ અને સંકલનનો અભાવ ગરીબ દર્દીઓની જિંદગીની આશા તોડી રહ્યો છે.

વાત કરીએ ચમન શર્મા નામની એક ૨૧ વર્ષની દીકરીની. જે પોતાની માતા સાથે કિડની ટ્રાન્સપ્લાન્ટની મોટી આશા લઈને અમદાવાદ આવી હતી. રહેવા-જમવાના અને ભાડાના પૈસા ખર્ચી નાખ્યા બાદ તેની પાસે માત્ર ૧૯૦ રૂપિયા બચ્યા હતા. પહેલા દિવસે સિવિલના ટ્રોમા સેન્ટરમાં તેની તમામ તપાસ મફત થઈ અને રિપોર્ટ આવ્યો. પરંતુ ત્યાં ટેકનિશિયનની ખામીને કારણે ડાયાલિસિસ ન થઈ શક્યું. બીજા દિવસે જ્યારે તે દીકરી બાજુમાં જ આવેલી આઈકેડીઆરસી હોસ્પિટલ પહોંચી, ત્યારે ત્યાંના મેડિકલ ઓફિસરે સિવિલનો રિપોર્ટ સ્વીકારવાની સાફ ના પાડી દીધી અને નવી તપાસ કરાવવાનું કહી દીધું!




સવાલ એ થાય છે કે જે રિપોર્ટ સિવિલના સરકારી ડોક્ટરોએ પોતે તૈયાર કર્યો, જે સેન્ટર આઈકેડીઆરસીના ડાયરેક્ટરના અધીન આવે છે, તે રિપોર્ટ આઈકેડીઆરસીમાં અમાન્ય કેવી રીતે થઈ ગયો? આ અણઘડ વહીવટથી કંટાળીને અને આર્થિક રીતે ભાંગી પડેલી એ દીકરી ટ્રાન્સપ્લાન્ટનો ઈરાદો છોડીને રડતી આંખે પાછી ફરી ગઈ. આનાથી મોટી સરકારી તંત્રની નાકામી બીજી કઈ હોઈ શકે?

બીજી બાજુ, સામાન્ય અને ગરીબ વર્ગના દર્દીઓ માટે લાઈફલાઈન સમાન ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ એટલે કે પીએમએનડીપી યોજના આઈકેડીઆરસીમાં બંધ થવા જઈ રહી છે. આગામી ૯ જૂન ૨૦૨૬થી ડાયાલિસિસ સેવામાં મોટો ફેરફાર કરતો સર્ક્યુલર બહાર પડાયો છે. જે દર્દીઓ પાસે બીપીએલ, પીએમજેએવાય કે એસસી-એસટી જેવા સરકારી કાર્ડ નથી પરંતુ તેઓ વાસ્તવિક રીતે ગરીબ છે, તેમના માટે હવે મફત ડાયાલિસિસના દરવાજા બંધ થઈ જશે. રોજ સિવિલમાં ૧૦૦૦થી ૧૫૦૦ દર્દીઓ ડાયાલિસિસ કરાવે છે, જેમાંથી ૫૦થી ૧૦૦ દર્દીઓ એવા છે જેમની પાસે કોઈ કાર્ડ નથી પણ તેઓ લાચાર છે.

કિડની ડાયાલિસિસ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ ફાઉન્ડેશનના મહેશ દેવાણીએ આ મામલે મુખ્યમંત્રી કાર્યાલય અને સ્વાસ્થ્ય વિભાગને પત્ર લખીને તાકીદે હસ્તક્ષેપ કરવા માગ કરી છે. ડાયાલિસિસ એ કોઈ શોખ કે વૈકલ્પિક સારવાર નથી, એ દર્દીને જીવતો રાખવા માટેની અનિવાર્ય સેવા છે. ફાઉન્ડેશને માગ કરી છે કે સામાન્ય વર્ગના દર્દીઓ પાસેથી ચાર્જ લેવાનો નિર્ણય તાત્કાલિક બદલવામાં આવે, જૂનો પ્રોગ્રામ ફરી શરૂ થાય અને ચમન શર્માના કેસમાં જવાબદારો સામે કડક તપાસ થાય.

જોવાનું એ રહેશે કે સંવેદનશીલ હોવાનો દાવો કરતી સરકાર આ ગરીબ દર્દીઓની વહારે ક્યારે આવે છે, કે પછી લાલિયાવાડીમાં ગરીબો આમ જ દમ તોડતા રહેશે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# સુરતમાં ધોળા દિવસે 'ભૂતિયા બુલડોઝર'નો આતંક : 100થી વધુ મકાનો જમીનદોસ્ત થયા

## મનપા અને પોલીસ કહે છે 'અમે નથી કર્યું!' તો ગરીબોના આશિયાના કોણે ઉજાડ્યા?

સુરત

હીરા અને ટેક્સટાઇલ નગરી સુરતમાંથી કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતો એક એવો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે, જેણે આખા રાજ્યના રાજકીય અને વહીવટી વર્તુળોને હચમચાવી દીધા છે. કતારગામના નાસીરનગર વિસ્તારમાં ધોળા દિવસે, સરેઆમ હિટાચી અને જેસીબી મશીનોના પંજા ફેરવીને ગરીબો અને શ્રમિકોના આશરે ૧૦૦ થી વધુ મકાનો તોડી પાડવામાં આવ્યા. સેંકડો પરિવારો અને માસૂમ બાળકો આ કાળઝાળ ગરમી અને આગામી ચોમાસાની આફત વચ્ચે રસ્તા પર આવી ગયા છે. પરંતુ આ ઘટનાનો સૌથી ઘાતક અને મોટો સવાલ એ છે કે - જો સુરત મહાનગરપાલિકા (SMC) એ આ તોડકામ નથી કર્યું, તો પછી આ 'અજ્ઞાત અને માયાવી' બુલડોઝરો કોના ઈશારે ફર્યા?

પોલીસ અને તંત્ર મૂકપ્રેક્ષક, ગરીબોના આશિયાના રાખ!

સ્થાનિક રહીશોના આક્રોશ અને ઘટનાસ્થળના વીડિયો ચીસો પાડીને કહી રહ્યા છે કે જ્યારે જેસીબીના પંજા ગરીબોના ઘરોને તોડી રહ્યા હતા, સ્ત્રીઓ અને બાળકો રડી રહ્યા હતા, ત્યારે ત્યાં ખાખી વર્દીધારી પોલીસ જવાનો અને મનપાના અધિકારીઓ સરેઆમ હાજર હતા. ગરીબોનો આક્ષેપ છે કે કોઈ પણ પ્રકારની પૂર્વ નોટિસ આપ્યા વિના, સાદા કપડામાં આવેલા કેટલાક તત્વોએ મકાનો જમીનદોસ્ત કરી નાખ્યા. હવે સવાલ એ ઉઠે છે કે જો આ ડિમોલિશન ગેરકાનૂની હતું, તો ત્યાં હાજર પોલીસે બુલડોઝરોને રોક્યા કેમ નહીં? શું સુરતમાં કોઈ ખાનગી બિલ્ડર કે માફિયા એટલો શક્તિશાળી થઈ ગયો છે કે તે સરકારી તંત્રની હાજરીમાં આખેઆખી વસાહત ભૂંસી નાખે?

'મુદ્દાની વાત'માં પવન મકાનના તીખા અને સણસણતા સવાલો: ૧. મનપા કહે છે અમે માત્ર માપણી કરવા ગયા હતા, તો મનપાની આંખ સામે ૧૦૦ મકાન તૂટતા રહ્યા અને અધિકારીઓ અંધારામાં હતા? આ કેવી દલીલ? ૨. કોઈ પણ મેજિસ્ટ્રેટના ઓર્ડર વિના ધોળા દિવસે આટલું મોટું તોડકામ કરવાની હિંમત કોની? ૩. પોલીસ તંત્ર ત્યાં માત્ર તમાશો જોવા ઊભું હતું કે પછી આ આખી સેટિંગ પાછળ કોઈ મોટું નેટવર્ક કામ કરી રહ્યું છે? ૪. પ્રાઈવેટ પ્રોજેક્ટના રસ્તા માટે ગરીબોની જીંદગી રોળવાનો હક આ બૂલડોઝર ચલાવનારાઓને કોણે આપ્યો?

ધારાસભ્ય વિનુ મોરડીયા મેદાને: 'આ કાયદો હાથમાં લેવાનો ગંભીર મામલો છે'

આ રહસ્યમય તોડકામ બાદ કતારગામના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી વિનુ મોરડીયાએ પણ તંત્ર સામે લાલ આંખ કરી છે અને સમગ્ર ઘટનાને અત્યંત ગંભીર ગણાવી છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' સાથેની ખાસ વાતચીતમાં ધારાસભ્ય વિનુ મોરડીયાએ જણાવ્યું હતું કે, 'મેં મ્યુનિસિપલ કમિશનર અને સેન્ટ્રલ ઝોનના અધિકારીઓ સાથે કડક શબ્દોમાં વાત કરી છે. મનપાના ચોપડે આવા કોઈ ડિમોલિશનનો આદેશ જ નથી. મનપા સિવાય કોઈને ઘર તોડવાનો અધિકાર નથી. જો કોઈ ત્રીજી પાર્ટીએ આ કૃત્ય કર્યું છે, તો આ સરેઆમ કાયદો હાથમાં લેવાની વાત છે. આની પાછળ જે કોઈ પણ જવાબદાર હશે, તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરાવવામાં આવશે.'

- **સત્તાધીશોના 'તપાસ'ના પોકળ દાવા**

બીજી તરફ વિવાદ વધતા જ મનપાના સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ રાજન પટેલે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસના આદેશ આપ્યા છે અને મેયર માયા માવાણીએ પણ તપાસ બાદ સત્ય બહાર લાવવાની વાત કહી છે. પરંતુ સવાલ એ છે કે જ્યાં સુધી આ તપાસના કાગળો ફરશે, ત્યાં સુધી ખુલ્લા આકાશ નીચે કલ્પાંત કરી રહેલા એ ગરીબ પરિવારોનો ન્યાય કોણ આપશે? આ લુખ્ખા તત્વો અને વહીવટી તંત્રની મિલીભગતનો પર્દાફાશ થવો જ જોઈએ.

**- પવન મકાન, 'મુદ્દાની વાત', પાક્કો ગુજરાત ન્યૂઝ, સુરત.**




## છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા અપહરણ અને પોક્સો કેસના આરોપીની પાનવડ પોલીસે કરી ધરપકડ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લામાં નોંધાયેલા અપહરણ તેમજ પોક્સો એક્ટના ગંભીર ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી ફરાર આરોપીને પાનવડ પોલીસે ઝડપી પાડી મહત્વની સફળતા મેળવી છે.

મળતી માહિતી મુજબ, છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આરોપી લાંબા સમયથી નાસતો ફરતો હતો. ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ફરાર આરોપીઓને પકડવાની ઝુંબેશ દરમિયાન પાનવડ પોલીસને ચોક્કસ બાતમી મળતા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પોલીસે બાતમીના આધારે આરોપી લુકમાન ઈશાક કાદુ (ઉ.વ. 28), રહે. કાનડી મહોલ્લા, છોટાઉદેપુરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તથા પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો હોવાનું જાણવા મળે છે.

આરોપીની ધરપકડ બાદ તેને વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી માટે સંબંધિત તપાસ એજન્સીને સોંપવામાં આવ્યો છે. લાંબા સમયથી ફરાર આરોપીને ઝડપી પાડવામાં પાનવડ પોલીસની કામગીરીને મહત્વપૂર્ણ સફળતા માનવામાં આવી રહી છે.

## ઓલપાડ તાલુકા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જયેન્દ્ર દેસાઈને પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ કારણ દર્શાવો નોટિસ

ઓલપાડ

સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરવા બદલ ઓલપાડ તાલુકાના સાંધીએર ગામના પીઢ કોંગ્રેસ અગ્રણી અને તાલુકા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ જયેન્દ્રભાઈ ધીરૂભાઈ દેસાઈને કારણ દર્શાવો (શો-કોઝ)નોટિસ ફટકારવામાં આવી છે.જેના પગલે તાલુકાના રાજકારણમાં ભારે ગરમાટો આવ્યો છે. સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદભાઈ ચૌધરીએ જાહેર કરેલ સત્તાવાર પત્રમાં સાંધીએરના કોંગ્રેસ અગ્રણી જયેન્દ્રભાઈ દેસાઈ સામે શિસ્તભંગના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. આ પત્રમાં જણાવ્યા મુજબ જયેન્દ્ર દેસાઈએ તાજેતરમાં યોજાયેલ સ્થાનિ ક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવાર વિરૂદ્ધ કામ કર્યું હતું. તેમણે ઉમેદવારને હરાવવા માટે સક્રિય પ્રચાર- પ્રસાર કરી પક્ષને ભારે રાજકીય નુકસાન પહોંચાડ્યું હોવાની લેખિત ફરિયાદ ઓલપાડ તાલુકા કોંગ્રેસ પ્રમુખ,પક્ષના ઉમેદવારો તેમજ અન્ય કોંગ્રેસી આગેવાનો દ્વારા કરવામાં આવી હોવાનું જિલ્લા પ્રમુખે નોટીસમાં જણાવ્યું છે.આ ગંભીર ફરિયાદોના આધારે જિલ્લા પ્રમુખે તેમને પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરવા બદલ આગામી ૦૬ વર્ષ માટે પક્ષમાંથી શા માટે સસ્પેન્ડ ન કરવા?તે બાબતની નોટીસ ફટકારી છે.

જો કે જયેન્દ્રભાઈ દેસાઈને ૪૮ કલાકનો સમય આપતા પ્રમુખે જણાવ્યું છે કે, આ મામલે તેઓ રૂબરૂ અથવા લેખિતમાં પોતાનો ખુલાસો જિલ્લા પ્રમુખ આનંદભાઈ ચૌધરી સમક્ષ રજુ કરે.જો તેઓ નિયત સમય મર્યાદામાં કોઈ ખુલાસો નહીં કરશે તો તેમને પક્ષમાંથી ૦૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવાની ચીમકી આપી છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખે આ પત્રની નકલ ગુ.પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા અને શિસ્ત સમિતિને પણ મોકલી છે.

## બસ, ઇકો અને આઇસર વચ્ચે સર્જાયો ગમખ્વાર અકસ્માત, 4 લોકોના કમકમાટીભર્યા મોત

વડોદરા

વડોદરાના પાદરા નજીક આવેલા સમીયાલા ગામ પાસે એક હૃદયદ્રાવક અને મોટી દુર્ઘટના સર્જાઈ છે. અંપાડ ગામના રહીશો માટે આ દિવસ કાળ સાબિત થયો છે. સમીયાલા ગામ નજીક એસટી બસ, ઈકો કાર અને આઈસર ટ્રક વચ્ચે ગમખ્વાર ટ્રિપલ અકસ્માત સર્જાતા ઘટનાસ્થળે જ ૪ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ઈકો કારના કુચ્ચેકુચ્ચા ઊડી ગયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, અકસ્માતનો ભોગ બનેલી ઈકો કારમાં કુલ ૮ પેસેન્જરો સવાર હતા અને આ તમામ લોકો પાદરા નજીકના અંપાડ ગામના વતની હોવાનું સામે આવ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ, ઈકો કારના ચાલકે રોંગ સાઈડમાં એટલે કે ખોટી દિશામાં પૂરપાટ ઝડપે કાર ચલાવતાં આ આખો અકસ્માત સર્જાયો હતો.

રોંગ સાઈડમાંથી આવી રહેલી ઈકો કાર સામેથી આવતી બસ અને આઈસર ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત થતાં જ ચીસાચીસ અને બૂમાબૂમ મચી ગઈ હતી. કારમાં સવાર ૮ લોકોમાંથી ૪ લોકોએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો, જ્યારે અન્ય લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે.

ત્રણ વાહનો વચ્ચે ટક્કર: એસટી બસ, ઈકો અને આઈસર વચ્ચે ટ્રિપલ અકસ્માતથી હાઈવે જામ થઈ ગયો હતો.

રોંગ સાઈડ ડ્રાઈવિંગ નડ્યું: ઈકો કાર ચાલકે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરીને રોંગ સાઈડમાં ગાડી નાખતા આ મોટી હોનારત સર્જાઈ. ઈજાગ્રસ્તો હોસ્પિટલમાં: અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા અન્ય લોકોને તાત્કાલિક અસરથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. મૃતકો અંપાડ ગામના હોવાની ખબર પડતાં જ સમગ્ર પંથકમાં અને અંપાડ ગામમાં અરેરાટી સાથે ભારે શોક વ્યાપી ગયો છે.

## ખેડાના કઠલાલમાં SMCની તવાઈ : 2508 વિદેશી દારૂની બોટલ અને બીયરના ટીન સાથે બે બુટલેગર ઝડપાયા

ખેડા

ખેડા જિલ્લાના કઠલાલ પંથકમાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતા બુટલેગરો પર ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે લાલઆંખ કરી છે. કઠલાલ વિસ્તારમાં એસએમસીની ટીમે બાતમીના આધારે દરોડો પાડીને ૨૫૦૮ નંગ વિદેશી દારૂની બોટલો અને બીયરના ટીનનો મસમોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ રેડ દરમિયાન પોલીસે સ્થળ પરથી બે બુટલેગરોની પણ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સ્થાનિક પોલીસ ઊંઘતી રહી અને SMC ત્રાટકી : મળતી માહિતી મુજબ, કઠલાલ વિસ્તારમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઉતારવામાં આવ્યો હોવાની ચોક્કસ બાતમી ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલને મળી હતી. સ્થાનિક પોલીસને અંધારામાં રાખીને એસએમસીની ટીમે ઓચિંતો દરોડો પાડતા બુટલેગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. પોલીસે સ્થળ પરથી જુદી-જુદી બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો અને બીયરના ટીન મળી કુલ ૨૫૦૮ નંગ મુદ્દામાલ જપ્ત કર્યો છે.

દારૂના નેટવર્કનો પર્દાફાશ કરવા તપાસ તેજ :એસએમસીની ટીમે દારૂના આ જથ્થા સાથે બે શખ્સોને દબોચી લીધા છે, જ્યારે આ દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં પૂછપરછ શરૂ કરી છે. આ રેડના પગલે સ્થાનિક કઠલાલ પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.

પોલીસે દારૂ, વાહન અને મોબાઈલ ફોન સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કરીને આગળની તપાસ ખેડા પોલીસને સોંપી છે.

**મોંઘવારીનો મરણતોલ ફટકો : LPG સિલિન્ડરમાં 29 નો તોતિંગ વધારો**

## પેટ્રોલ-ડીઝલના ભડકા બાદ હવે રસોડામાં 'ગેસ'નો બ્લાસ્ટ

### આકરા ભાવવધારાને પગલે ગૃહિણીઓમાં સરકાર સામે ભારે ક્રોધ, આક્રોશ અને ચિંતાની પ્રચંડ લાગણી વ્યાપી

અમદાવાદ,

રોજ સવારે મોંઘવારીના નવા ડામ સહન કરતી દેશની જનતાની કમર તોડવા માટે સરકારી તેલ કંપનીઓએ વધુ એક આંચકો આપ્યો છે. પેટ્રોલ અને ડીઝલના આસમાને આંબતા ભાવોથી ઓલરેડી ત્રસ્ત સામાન્ય જનતાના રસોડા પર હવે મોંઘવારીનો મોટો બોમ્બ ફૂટ્યો છે. મોંઘવારીના રાક્ષસે ગૃહિણીઓના બજેટના લીરેલીરા ઉડાવી દીધા છે, કારણ કે દેશમાં રાંધણ ગેસ (LPG) ના સિલિન્ડરના ભાવમાં ફરી એકવાર રૂપિયા ૨૯ નો તોતિંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. આ આકરા ભાવવધારાને પગલે મધ્યમવર્ગીય પરિવારો અને ખાસ કરીને ગૃહિણીઓમાં સરકાર સામે ભારે ક્રોધ, આક્રોશ અને ચિંતાની પ્રચંડ લાગણી વ્યાપી ગઈ છે.

છેલ્લા કેટલાક સમયથી ઈંધણના ભાવો સતત વધતા સામાન્ય જીવન જીવવું દોહ્યલું બન્યું છે. ટ્રાન્સપોર્ટેશન મોંઘું થવાના કારણે શાકભાજીથી લઈને કરિયાણા સુધીની તમામ ચીજવસ્તુઓ પહેલાથી જ મોંઘીદાટ થઈ ગઈ છે. તેવામાં હવે સવારે ચા મૂકવા માટે ગેસ ચાલુ કરતા જ વાલીઓ અને ગૃહિણીઓનો જીવ અધ્ધર થઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. ૨૯ નો આ સીધો વધારો દેખાવામાં નાનો હોઈ શકે, પણ મહિનાનું આખું ગણિત ખોરવી નાખવા માટે કાફી છે. આ ઘાતક ભાવવધારા બાદ સોશિયલ મીડિયાથી લઈને બજારોમાં ગૃહિણીઓનો આક્રોશ ફાટી નીકળ્યો છે. આક્રોશ વ્યક્ત કરતા ગૃહિણીઓ જણાવી રહી છે કે, 'એકબાજુ આવક વધતી નથી અને બીજીબાજુ જીવનજરૂરી વસ્તીઓ પર અસહ્ય ભાવો ઝીંકવામાં આવી રહ્યા છે. જો આવી જ રીતે સબસિડી વગરના અને ઘરેલું ગેસના સિલિન્ડરો મોંઘા થતા રહેશે, તો અમારે ફરીથી જૂના જમાનાની જેમ ચૂલા સળગાવવાનો વારો આવશે. સરકાર ક્યારે જનતાના ખિસ્સા પર થતી આ લૂંટ બંધ કરશે?'

બજારના વિશ્લેષકોનું માનવું છે કે, આંતરરાષ્ટ્રીય બજાર અને ક્રૂડના ભાવોનું બહાનું ધરીને ઝીંકવામાં આવતો આ ભાવવધારો સામાન્ય માણસની જીવવાની આશા છીનવી રહ્યો છે. એકતરફ મધ્યમ વર્ગ ટેક્સના બોજ હેઠળ દબાયેલો છે અને બીજીતરફ ઘર ચલાવવું હવે લોઢાના ચણા ચાવવા જેવું સાબિત થઈ રહ્યું છે.

પેટ્રોલ-ડીઝલ બાદ ગેસ સિલિન્ડરના આ તોતિંગ ભાવવધારાથી દેશના કરોડો રસોડામાં આક્રોશનો ભડકો થયો છે અને આગામી દિવસોમાં આ મુદ્દે ઠેર-ઠેર વિરોધ પ્રદર્શનો થાય તો નવાઈ નહીં.

**ટેન્ક ચેમ્બરની સફાઈ કરવા ઉતરેલા**

## ખાંડબજારમાં 4 સફાઈ કામદારોના ગૂંગળામણથી કમકમાટીભર્યા મોત થયા

સુરત

સુરત શહેરમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને ચકચારી ઘટના સામે આવી છે. શહેરના ખાંડબજાર વિસ્તારમાં આવેલી એક અંડરગ્રાઉન્ડ ટેન્ક ચેમ્બરની સફાઈ કરવા માટે ઉતરેલા ચાર સફાઈ કામદારોના ગૂંગળામણના કારણે કરુણ મોત નિપજ્યા છે. આ કમકમાટીભરી દુર્ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે.

ખાંડબજાર વિસ્તારમાં આવેલી ટેન્કની સફાઈ કરવા માટે આ કામદારો અંદર ઉતર્યા હતા. ટેન્ક ચેમ્બરની અંદર એકઠો થયેલો ઝેરી ગેસ અથવા ઓક્સિજનની ભારે ઉણપના કારણે ચારેય કામદારોનો શ્વાસ રૂંધાવા લાગ્યો હતો. ચેમ્બરની ઊંડાઈ અને ઝેરી હવાને લીધે તેઓ બહાર નીકળી શક્યા ન હતા અને જોતજોતામાં ચારેય શ્રમિકોના ગૂંગળામણના કારણે ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તુરંત જ ફાયર બ્રિગેડ તેમજ સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. ફાયર ફાઈટરોની ટીમે ભારે જહેમત બાદ ચારેય કામદારોના મૃતદેહોને ટેન્ક ચેમ્બરમાંથી બહાર કાઢ્યા હતા. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી છે.

**'સિંઘમ' જેવા અધિકારી એચ.ટી. મકવાણાને અહીં મૂકો!**

## ગોંડલમાં ખનીજ માફિયાઓ સામે કોંગ્રેસ આક્રમક ખનીજ ચોરી રોકવા નેતાએ મુખ્યમંત્રીને લખ્યો પત્ર

ગોંડલ/રાજકોટ

રાજકોટ જિલ્લાના ગોંડલ પંથકમાં લાંબા સમયથી ચાલી રહેલી ગેરકાયદેસર ખનીજ ચોરીના કાળા કારોબારને ડામવા માટે હવે રાજકારણ ગરમાયું છે. ગોંડલ અને આસપાસના વિસ્તારોમાં ખનીજ માફિયાઓ બેફામ બન્યા હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ સીધા રાજ્યના મુખ્યમંત્રી (CM) ને પત્ર લખીને આક્રોશ ઠાલવ્યો છે. પત્રમાં ખનીજ ચોરી અટકાવવા માટે કોઈ સામાન્ય આદેશ આપવાને બદલે, કોંગ્રેસ નેતાએ એક કડક અને બાહોશ અધિકારીનું નામ જોગ સજેશન કરીને તંત્રમાં દોડધામ મચાવી દીધી છે. મળતી વિગતો અનુસાર, ગોંડલ પંથકમાં નદીના પટ તેમજ સરકારી જમીનોમાંથી મોટાપાયે થઈ રહેલી રેતી અને પથ્થરોની ખનીજ ચોરીથી સરકારી તિજોરીને કરોડો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. સ્થાનિક તંત્ર આ માફિયાઓ સામે લાચાર સાબિત થઈ રહ્યું હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસના નેતાએ



મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો છે. પત્રમાં તેમણે સ્પષ્ટ શબ્દોમાં માંગ કરી છે કે, જો ગોંડલમાંથી ખનીજ ચોરીનું દૂષણ જડમૂળથી નાબૂદ કરવું હોય, તો અહીં કડક અને પ્રામાણિક છાપ ધરાવતા જાણીતા અધિકારી એચ.ટી. મકવાણા (H.T. Makwana) ને તાત્કાલિક મૂકવામાં આવે.

તંત્રમાં એચ.ટી. મકવાણાની છાપ એક 'સિંઘમ' અને કડક અધિકારી તરીકેની રહી છે. તેઓ જ્યાં પણ ફરજ બજાવે છે ત્યાં ખનીજ માફિયાઓ, ભૂમાફિયાઓ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરનારા તત્વો ફફડી ઉઠે છે.

## ગુજરાત પોલીસની અનોખી પહેલ: લોકોને ફિટનેસનું મહત્વ સમજાવવા ગોધરામાં સાયકલ રેલી યોજાઈ

ગોધરા, ફિરદોસ ગુણીયા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ' અભિયાનને વેગ આપવા માટે ગુજરાત પોલીસ દ્વારા રાજ્યભરમાં 'સાયકલ ઓન સન્ડે' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત પંચમહાલ જિલ્લા પોલીસે પણ આજે સવારે સ્થાનિક નાગરિકોના સહયોગથી એક ખાસ સાયકલ રેલી યોજી હતી, જેમાં જિલ્લાના આશરે ૩૦ થી ૩૫ જેટલા ઉત્સાહી સાયકલિસ્ટો અને પોલીસ વિભાગના જવાનોએ હેલ્મેટ તેમજ ગિયર સાથે ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકોને રોજિંદા જીવનમાં બેઠાડુ શૈલી છોડીને શારીરિક પ્રવૃત્તિઓ વધારવા અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવાનો છે. પંચમહાલ પોલીસના આ પ્રશંસનીય પ્રયાસ દ્વારા નાગરિકોને ફિટનેસનું મહત્વ સમજાવવાનો અને સક્રિય જીવનશૈલી અપનાવીને રોગોથી મુક્ત રહેવા માટેનો એક સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો.

**જેલ સુધારણા તરફ સકારાત્મક કદમ**

## 'ગુસ્સામાં આવીને જ લોકો અપરાધી બને છે' : વડોદરા જેલ સુપરિન્ટેન્ડન્ટ IPS ઉષા રાડા

વડોદરા

અપરાધ અને ગુનેગારો પ્રત્યે સમાજનો દ્રષ્ટિકોણ સામાન્ય રીતે નકારાત્મક હોય છે, પરંતુ જેલ એ માત્ર સજા આપવાનું સ્થાન નથી, પણ ગુનેગારને સારો માણસ બનાવવાનું 'સુધારગૃહ' છે. આ વાતને વડોદરા સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડન્ટ અને વરિષ્ઠ IPS અધિકારી ઉષા રાડાએ પોતાના સકારાત્મક કાર્યોથી સાર્થક કરી બતાવી છે. કેદીઓના માનસિક પરિવર્તન અને જેલ સુધારણા માટે તેઓ સતત પ્રશંસનીય કામગીરી કરી રહ્યા છે. તાજેતરમાં તેમણે એક અત્યંત મહત્વનો વિચાર રજૂ કરતા જણાવ્યું હતું કે, 'મોટાભાગના કિસ્સાઓમાં લોકો ગુસ્સામાં આવીને જ અપરાધી બને છે.' IPS ઉષા રાડાના જણાવ્યા અનુસાર, જેલમાં સજા કાપી રહેલા ઘણા કેદીઓ રીઢા ગુનેગાર હોતા નથી. કોઈ એક ક્ષણિક ગુસ્સાની પળ, આવેશ કે ખોટા નિર્ણયના કારણે તેમના હાથે ગુનો થઈ જતો હોય છે અને તેઓ જેલના સળિયા પાછળ ધકેલાઈ જાય છે. એકવાર ગુનો થયા પછી જ્યારે તેઓ જેલમાં આવે છે, ત્યારે તેમનામાં પસ્તાવાની ભાવના




જગાડવી અને તેમના ગુસ્સા પર કાબૂ મેળવતા શીખવવું એ જેલ પ્રશાસનની મોટી જવાબદારી બની જાય છે. વડોદરા સેન્ટ્રલ જેલમાં કેદીઓનું પુનર્વસન (Rehabilitation) થાય અને તેઓ સજા પૂરી કરીને જ્યારે સમાજમાં પાછા ફરે ત્યારે ફરી ક્યારેય ગુનાખોરીના રસ્તે ન જાય, તે દિશામાં IPS ઉષા રાડાના નેતૃત્વમાં અનેક રચનાત્મક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે.

## રેલવેની IRCTC કંપનીએ વિદેશમાં ગુમ થયેલો મોબાઈલ પરત અપાવ્યો

વેળાવદર, (તખુભાઈ સાંડસુર દ્વારા)

ભારતીય રેલવે એક અલગ કંપની ધરાવે છે જેનું નામ છે irctc .આ કંપની રેલવ કેટરિંગ અને રેલવેના પ્રવાસોનું સુંદર આયોજન કરે છે. આ રેલવે પ્રવાસોમાં તેની સાથે જોડાતા કોઈપણ પ્રવાસીને નાની મોટી કોઈ તકલીફ ન પડે તેની સંપૂર્ણ કાળજી લેતી હોય છે. વાત એમ છે કે થોડાં સમય પહેલાં આઈઆરસીટીસી કંપની દ્વારા રેલવે ભારત દર્શન અને શ્રીલંકા પ્રવાસનું આયોજન થયેલું .તે આયોજનનો વિષય હતો રામયાત્રા. જે પૂજ્ય મોરારીબાપુના પાવન સંકલ્પ અને તેના આશીર્વાદથી યોજાઈ હતી. આ યાત્રા દરમિયાન અનેક યાત્રીઓ ચિત્રકૂટથી શરૂ કરીને વાયા લંકા થઈને અયોધ્યા સુધી ભગવાન રામ જ્યાં ગયા એ પદ ચિન્હો સુધી જવાનો મનોરથ કર્યો હતો. પૂજ્ય મોરારિબાપુએ દરેક સ્થાનોને રામજીની ગાથા ગાય સંભળાવી હતી. આ રામયાત્રાના એક પ્રવાસી તરીકે રાજકોટના ડો.મનોજ જોશી પણ સામેલ હતા કે જેઓ એક સમયે ગુજરાતી વિભાગના સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિભાગીય વડા હતા. શ્રીલંકામાં ગયેલી આ યાત્રામાં ડો. મનોજ જોશી પોતાનો મોબાઈલ એરપોર્ટ પહોંચતા હોટલ અને એરપોર્ટ સુધીની ટ્રાન્સફર બસમાં ભૂલી જાય છે. કોલંબો એરપોર્ટથી ફ્લાઈટ ડિપાર્ચર થવાનો સમય થઈ ગયો હોવાથી તે મોબાઈલ શોધવા માટેની નો સમય ન હતો. મનોજભાઈની સાથે મુસાફરી કરી રહેલા શ્રી તખુભાઈ સાંડસુરને તેમણે આ વાત જણાવી હતી.

## સુરતની જનતા 'તાપી રિવરફ્રન્ટ'ના સપના જોતી રહી ગઈ અને મેયર સાહેબા મૌન ધારણ કરી બેસી ગયા!

સુરત

વાત જ્યારે ટેક્સ વસૂલવાની હોય ત્યારે સુરત મહાનગરપાલિકા (SMC) એશિયામાં નંબર વન બનવાના દાવા કરે છે, પણ જ્યારે જનતાને સુવિધા અને પ્રોજેક્ટ્સ આપવાની વાત આવે ત્યારે સ્માર્ટ સિટીનું તંત્ર રીતસરનું ઘૂંટણિયે પડી જાય છે. સુરતની જીવાદોરી સમાન તાપી નદીના શુદ્ધિકરણ અને કાંઠાના વિકાસ માટે કરોડો રૂપિયાના ખર્ચે જાહેર કરાયેલા 'તાપી રિવરફ્રન્ટ' (Tapi Riverfront) પ્રોજેક્ટની સુરતની જનતા ચાતક નજરે રાહ જોઈ રહી છે. વર્ષો વીતી ગયા, કરોડોના બજેટ કાગળ પર મંજૂર થઈ ગયા, પણ જમીન પર હજુ એક પથ્થર પણ હલ્યો નથી. આ ગંભીર મુદ્દે જ્યારે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા પ્રથમ નાગરિક એટલે કે સુરતના મેયર માયા માવાણીને સીધા

- **જનતાના સવાલો પર કેમ સીવી લીધા હોઠ?**

સવાલો પૂછવામાં આવ્યા, ત્યારે તેઓ આ મુદ્દે કંઈ પણ બોલવા તૈયાર ન થયા અને મૌન ધારણ કરી લીધું!

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટની તર્જ પર સુરતમાં પણ તાપી નદીના કિનારે આધુનિક રિવરફ્રન્ટ બનાવવાની જાહેરાતો શાસકોએ ચૂંટણીઓ જીતવા માટે જોરશોરથી કરી હતી. સુરતીલાલાઓને સપના બતાવાયા હતા કે તાપીના કિનારે હરવા-ફરવાના સ્પોટ, ગાર્ડન અને પ્રવાસન સ્થળો વિકસશે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આજે પણ તાપી નદીમાં ડ્રેનેજના ગંદા પાણી ઠલવાઈ રહ્યા છે અને રિવરફ્રન્ટના નામે માત્ર ફાઈલો જ એક ટેબલથી બીજા ટેબલ પર ફરી રહી છે. જનતાના પરસેવાના કરોડો રૂપિયા કન્સલ્ટિંગ ફી અને માપણીના નામે સ્વાહા થઈ રહ્યા છે, પણ પ્રોજેક્ટ ક્યારે પૂરો થશે તેનો જવાબ કોઈની પાસે નથી.

પવન મકાનના સણસણતા સવાલો: મેયર સાહેબા, આ મૌન પાછળનું રહસ્ય શું છે?

૧. સ્માર્ટ સિટીની જનતાને કરોડોના ખર્ચે રિવરફ્રન્ટના સપના બતાવીને હવે કેમ મોઢા છુપાવવામાં આવી રહ્યા છે?

૨. તાપી રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં અત્યાર સુધી થયેલા કરોડોના ખર્ચનું પરિણામ શું? શું આ જનતાના પૈસાનો વેડફાટ નથી?

૩. પત્રકારો અને જનતાના સવાલોનો સામનો કરવાથી મેયર કેમ ભાગી રહ્યા છે? શું પ્રોજેક્ટમાં કોઈ મોટો લોચો છે કે પછી તંત્રની લાચારી?

૪. સુરતના અન્ય કરોડોના પ્રોજેક્ટ્સ અટકેલા પડ્યા છે, તો શું તાપી રિવરફ્રન્ટ પણ માત્ર કાગળ પરનો પ્રોજેક્ટ બનીને રહી જશે?

સુરતની જનતા કાળઝાળ ગરમીમાં હરવા-ફરવા માટે સારા સ્થળો ઝંખે છે. મનપાના શાસકો વિદેશી અને અન્ય રાજ્યોના પ્રવાસો કરીને 'સ્માર્ટ સિટી' ના મોડેલ શીખી આવે છે, પણ પોતાના જ શહેરમાં જાહેર કરેલો પ્રોજેક્ટ કેમ સમયસર પૂરો થતો નથી તેનો કોઈ રોડમેપ તેમની પાસે નથી. જનતા સવાલ પૂછી રહી છે કે જો મેયર જેવા જવાબદાર પદ પર બેઠેલી વ્યક્તિ જ આટલા મહત્વના પ્રોજેક્ટ પર મૌન સાધી લે, તો પછી સુરતની જનતાએ ન્યાયની આશા કોની પાસે રાખવી? આ મુદ્દે શાસકોએ જનતાને હિસાબ આપવો જ પડશે.

# જગતનો તાત બરબાદીના આરે: બનાસ ડેરીએ 'છાસ પાઈ દૂધ કાઢ્યું'!

## પશુ આહાર બનાસ દાણમાં 200નો તોતિંગ વધારો, ખાતરમાં પણ 1350થી 2200નો સીધો ઝીંકાયો ભાવવધારો

**પાલનપુર/બનાસકાંઠા**

ગુજરાતના પશુપાલન અને કૃષિ ક્ષેત્રની જીવાદોરી ગણાતા બનાસકાંઠા જિલ્લામાંથી ખેડૂતો અને પશુપાલકોની કમર તોડી નાખતા મોટા સમાચાર સામે આવ્યા છે. એશિયાની સૌથી મોટી ગણાતી બનાસ ડેરીએ પશુપાલકોને રાતા પાણીએ રડાવતો નિર્ણય લીધો છે. સહકારી ક્ષેત્રની આ ડેરીએ પશુ આહાર એટલે કે 'બનાસ દાણ'ના ભાવમાં એક ઝાટકે રૂપિયા ૨૦૦ નો તોતિંગ વધારો ઝીંકી દીધો છે. આ ભાવવધારાથી પશુપાલકો હજુ બેઠા થાય તે પહેલાં જ, કૃષિ ક્ષેત્રે વપરાતા ખાતરના ભાવોમાં પણ રૂપિયા ૧૩૫૦ થી લઈને સીધો ૨૨૦૦ સુધીનો ધરખમ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. એકતરફ મોંઘવારીનો માર અને બીજીતરફ ખેતી-પશુપાલનના ખર્ચમાં થયેલા આ અસહ્ય વધારાથી જિલ્લાના લાખો ખેડૂતોની આર્થિક સ્થિતિ અત્યંત કપરી અને દયનીય બની ગઈ છે.

સ્થાનિક પશુપાલકોમાં આ નિર્ણયને પગલે પ્રચંડ આક્રોશ જોવા મળી રહ્યો છે. પશુપાલકો ભારે હૈયે આક્ષેપ કરી રહ્યા છે કે,




બનાસ ડેરી માત્ર વાહવાહ લૂંટવા માટે પશુપાલકોના હિતની વાતો કરે છે, પરંતુ વાસ્તવિકતામાં આ 'છાસ પાઈને દૂધ કાઢવા જેવો ધંધો' થઈ રહ્યો છે. દૂધના ખરીદ ભાવમાં નજીવો વધારો આપીને તેની સામે પશુ આહાર (દાણ) અને અન્ય ખર્ચાઓ એટલા વધારી દેવામાં આવે છે કે ગરીબ પશુપાલકના હાથમાં મહિનાના અંતે માત્ર દેવું અને મજૂરી જ બચે છે. ઘાસચારો પહેલાથી જ મોંઘોદાટ છે, તેમાં બનાસ દાણમાં ૨૦૦ નો વધારો પશુપાલન વ્યવસાયને ખાડે નાખનારો સાબિત થશે.

પશુપાલન તો ઠીક, હવે ખેતી કરવી પણ ખેડૂતો માટે આત્મઘાતી સાબિત થઈ રહી છે. ચોમાસાની સીઝન માથે છે ત્યારે જ ખાતરની કિંમતોમાં ૧૩૫૦ થી લઈને ૨૨૦૦ સુધીનો તોતિંગ વધારો ઝીંકાયો છે. બિયારણ, ડીઝલ, મજૂરી અને વીજળીના ભાવો પહેલાથી જ ખેડૂતોનું લોહી ચૂસી રહ્યા છે, ત્યાં ખાતરમાં થયેલો આ સીધો વધારો ખેડૂતોના પડતા પર પાટુ સમાન છે. ખેડૂતો સવાલ પૂછી રહી છે કે જો ખેતી પાછળનો ખર્ચ આટલો વધી જશે, તો પાક તૈયાર થયા પછી વળતરના નામે અમને શું મળશે?

- **પવન મકાનના સણસણતા સવાલો: પશુપાલકોના વોટથી બનેલા આકાઓ હવે કેમ મૌન છે?**

૧. એશિયાની સૌથી મોટી બનાસ ડેરી જ્યારે દાણના ભાવમાં ૨૦૦ નો વધારો કરે, ત્યારે ગરીબ પશુપાલકોના ઘરનું બજેટ નથી દેખાતું?

૨. સહકારી સંસ્થાઓ પશુપાલકોના નફા માટે છે કે પછી તેમનું શોષણ કરીને પોતાની તિજોરીઓ ભરવા માટે?

૩. ખાતરમાં ૧૩૫૦ થી ૨૨૦૦ સુધીનો આ આકરો વધારો કોના ઈશારે ઝીંકાયો? શું સરકાર ખેડૂતોને સબસિડી આપવાના નામે માત્ર નાટક કરી રહી છે?

૪. આર્થિક સંકટમાં ઘેરાયેલા બનાસકાંઠાના લાખો ખેડૂતો અને પશુપાલકોના આક્રોશનો જવાબ આપવા ડેરી અને સરકારના સત્તાધીશો ક્યારે મેદાને આવશે?

- **જગતનો તાત ક્યાં જશે?**

બનાસકાંઠા જિલ્લો મુખ્યત્વે ખેતી અને પશુપાલન પર નિર્ભર છે. જો આ બંને વ્યવસાયો મોંઘવારીના કારણે ખોરવાઈ જશે, તો ગ્રામ્ય અર્થતંત્ર સંપૂર્ણપણે પડી ભાંગશે. મોંઘા ભાવનું દાણ અને સોનાના ભાવનું ખાતર ખરીદીને હવે સામાન્ય અને મધ્યમ વર્ગના ખેડૂતો માટે ટકી રહેવું અશક્ય બન્યું છે. જો વહેલી તકે આ કમરતોડ ભાવવધારો પાછો ખેંચવામાં નહીં આવે, તો પંથકમાં મોટું આંદોલન ફાટી નીકળે તેવી પૂરેપૂરી સંભાવના છે.

**- પવન મકાન, 'મુદ્દાની વાત', પાક્કો ગુજરાત ન્યૂઝ.**

**મોરબીમાં માનવતા શર્મસાર**

# પતિને બંધક બનાવી મહિલા પર પાંચ નરાધમોનું સામૂહિક દુષ્કર્મ

### ભોગ બનનાર મહિલાની ફરિયાદના આધારે પાંચ શખ્સો સામે ગંભીર ગુનાનો કેસ દાખલ

**મોરબી**

મોરબી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ ઉઠાવતી અને માનવતાને શર્મસાર કરતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. મોરબી તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં ખેતમજૂરી કરતા એક શ્રમિક દંપતીને નિશાન બનાવી પાંચ અજાણ્યા નરાધમોએ પતિને બંધક બનાવી તેની નજર સામે જ મહિલા પર સામૂહિક દુષ્કર્મ ગુજાર્યું હોવાની ગંભીર ફરિયાદ નોંધાતા સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચી ગઈ છે.

મળતી વિગતો મુજબ, ભોગ બનનાર પીડિત પરિવાર મોરબી પંથકની એક વાડીમાં રહીને ખેતમજૂરીનું કામ કરે છે. રાત્રિના સમયે દંપતી પોતાના ૨ વર્ષના માસૂમ બાળક સાથે વાડીમાં આવેલી ઓરડીમાં હાજર હતું, ત્યારે અચાનક પાંચ જેટલા શખ્સો ત્યાં ઘૂસી આવ્યા હતા. આ નરાધમોએ સૌથી પહેલા મહિલાના પતિને પકડીને બંધક બનાવી દીધો હતો. ત્યારબાદ માસૂમ બાળકની હાજરીમાં જ પાંચેય શખ્સોએ મહિલા પર વારાફરતી સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું અને નાસી છૂટ્યા હતા.

જિલ્લા પોલીસ તંત્ર એક્શન મોડમાં

આ કાળજું કંપાવી દેનારી ઘટનાની જાણ થતાં જ મોરબી તાલુકા પોલીસ સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે પીડિત મહિલાની ફરિયાદના આધારે પાંચેય અજાણ્યા શખ્સો વિરૂદ્ધ સામૂહિક દુષ્કર્મ અને અન્ય ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે જુદી-જુદી ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યા છે.

# તળાજાના દેવલીમાં ઘરફોડ ચોરી કરનારી આંતરરાજ્ય ગેંગના 5 સાગરીતો ઝડપાયા

### ગુજરાતથી રાજસ્થાન સુધી કનેક્શન: 20 દિવસ પહેલા રાજસ્થાનના જોધપુરમાં પણ ચોરી કર્યાની કબૂલાત

**ભાવનગર**

ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ને ઘરફોડ ચોરીના ગુનાઓ ઉકેલવામાં એક મોટી સફળતા મળી છે. તળાજા તાલુકાના દેવલી ગામે રોડ પર આવેલા એક રહેણાંક મકાનનું તાળું તોડી લાખોની ચોરી કરનાર આંતરરાજ્ય ગેંગના ૫ શાતિર તસ્કરોને પોલીસે રોકડ અને સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂપિયા ૧૨,૪૬,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. આ ગેંગની પૂછપરછમાં ગુજરાત ઉપરાંત રાજસ્થાનમાં પણ ચોરીના ગુના આચર્યા હોવાની ચોંકાવનારી કબૂલાત સામે આવી છે. મળતી માહિતી મુજબ, ભાવનગરના તળાજા પંથકમાં



આવેલા દેવલી ગામે રોડ પરના એક બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ લોખંડના સળિયા વડે તાળું તોડ્યું હતું અને મકાનમાં પ્રવેશી સોના-ચાંદીના કિંમતી દાગીના તેમજ રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને ભાવનગર LCBની ટીમ તપાસમાં જોતરાઈ હતી અને હ્યુમન સોર્સ તેમજ ટેકનિકલ સર્વેલન્સના આધારે ૫ આરોપીઓને દબોચી લીધા હતા.

રૂપિયા ૧૨.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત

પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી: રોકડા રૂપિયા ૨,૧૦,૦૦૦/- સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૯,૮૧,૦૦૦/- સહિત કુલ રૂપિયા ૧૨,૪૬,૦૦૦/- નો મુદ્દામાલ રિકવર કર્યો છે.

પોલીસની કડક પૂછપરછમાં ઝડપાયેલા આરોપીઓએ કબૂલાત કરી છે કે, આજથી આશરે વીસેક દિવસ પહેલા તેઓએ રાજસ્થાન રાજ્યના જોધપુર જિલ્લાના બલાર અને તેની આજુબાજુના ગામોમાં દિવસ દરમિયાન રેકી કરીને સોના-ચાંદીના દાગીનાની મોટી ચોરીઓ કરી હતી. ભાવનગર LCBની આ સફળ કામગીરીથી ગુજરાત અને રાજસ્થાનના અનેક ઘરફોડ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. પોલીસ હવે આરોપીઓના રિમાન્ડ મેળવી અન્ય કેટલા ગુનામાં તેમની સંડોવણી છે તે દિશામાં તપાસ ચલાવી રહી છે.

# ચકલાસીના દેવનગરમાં ક્રાઈમ બ્રાન્ચની રેડ : પત્તા ટીંચતા ૭ જુગારીઓ રંગેહાથ ઝડપાયા

**ખેડા/નડીયાદ**

ખેડા જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ અને જુગારધામો સામે પોલીસે લાલ આંખ કરી છે. ખેડા-નડીયાદ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે એક સફળ ઓપરેશન પાર પાડીને ચકલાસી પોલીસ સ્ટેશનની હદમાં આવેલા દેવનગર વિસ્તારમાંથી મોટાપાયે ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે જાહેરમાં હાર-જીતનો જુગાર રમી રહેલા ૯ શખ્સોને રોકડા રૂપિયા અને જુગારના સાહિત્ય સાથે રંગેહાથ દબોચી લીધા છે.

બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે ગોઠવી વોચ

ખેડા-નડીયાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ચકલાસીના દેવનગર વિસ્તારમાં કેટલાક ઈસમો એકઠા થઈને મોટાપાયે નસીબ અજમાવવાનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે કોઈને પણ કાનોકાન ખબર ન પડે તે રીતે દેવનગરમાં દરોડો પાડ્યો હતો. અચાનક ત્રાટકેલી પોલીસને જોઈને જુગારીઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી, પરંતુ એલસીબીની ટીમે કોર્ડન કરીને તમામ ૯ જુગારીઓને ઝડપી લીધા હતા.

# માંગરોળના શારદા ગ્રામ પાસે ગમખ્વાર અકસ્માત: તુફાન ગાડી અને ફોર-વ્હીલર વચ્ચે સામસામી ધડાકાભેર ટક્કર

**માંગરોળ**

માંગરોળ પંથકમાંથી આજે એક મોટા અને ગમખ્વાર અકસ્માતના સમાચાર સામે આવી રહ્યા છે. માંગરોળના શારદા ગ્રામ પાસે બે ફોર-વ્હીલર વાહનો વચ્ચે સામસામી ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ ભયાનક ટક્કરમાં બંને વાહનોમાં સવાર કુલ ૭ જેટલા લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે.



મળતી વિગતો અનુસાર, શારદા ગ્રામ નજીક રોડ પરથી પસાર થઈ રહેલી એક ફોર્સ તુફાન ગાડી અને અન્ય એક ફોર-વ્હીલર કાર વચ્ચે કોઈ કારણોસર સામસામી જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો સ્પીડમાં હતો કે બંને વાહનોના આગળના ભાગનો કુરચો બોલી ગયો હતો. આ અકસ્માતની દુર્ઘટનામાં ફોર્સ તુફાન ગાડીમાં સવાર થઈને જઈ રહેલા મહારાષ્ટ્રના ૪ પ્રવાસીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. જ્યારે તેની સામે ભટકાયેલી અન્ય ફોર-વ્હીલર કારમાં સવાર ૩ સ્થાનિક લોકોને પણ શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી છે. આમ, આ અકસ્માતમાં કુલ ૭ લોકો લોહીલુહાણ થયા હતા. અકસ્માતનો જોરદાર અવાજ આવતા જ આસપાસના સ્થાનિક લોકો અને માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઘટનાસ્થળે લોકોના મોટા ટોળા એકઠા થઈ ગયા હતા. સ્થાનિકોએ માનવતા દાખવીને વાહનોમાં ફસાયેલા ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામ ૭ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. ઘટના અંગે સ્થાનિક પોલીસને જાણ કરાતા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

**ભાજપના નામે ચરી ખાનાર નેતાજી આખરે જેલ ભેગા**

# ગોધરા પાલિકામાં કરોડોનું કૌભાંડ આચરનાર 'મનહર પટેલ'ની CID દ્વારા ધરપકડ કરવામાં આવી

**ગોધરા**

ગોધરા નગરપાલિકામાં લાંબા સમયથી ચાલી રહેલા ભ્રષ્ટાચારના ખેલનો આખરે CID ક્રાઈમે પર્દાફાશ કર્યો છે. ભાજપના નામે રોફ જમાવીને પાલિકાની સરકારી તિજોરી પર ત્રાટકશેલા અને કરોડો રૂપિયાના ખોટા બિલો તેમજ ચેકોનું કૌભાંડ આચરનારા સ્થાનિક નેતા મનહર પટેલની CID દ્વારા સત્તાવાર ધરપકડ કરવામાં આવી છે. આ કડક કાર્યવાહીથી પંચમહાલના રાજકીય આલમમાં અને ખાસ કરીને ભ્રષ્ટ અધિકારીઓ તેમજ નેતાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મનહર પટેલે ગોધરા નગરપાલિકાના વિવિધ વિકાસ કાર્યોના નામે કોઈ જ કામ કર્યા વગર, માત્ર કાગળ પર જ બોગસ એજન્સીઓ અને ખોટા બિલો ઊભા કર્યા હતા. એટલું જ નહીં, પાલિકાના ખાતામાંથી નાણાં સેરવી લેવા માટે અધિકારીઓ પર દબાણ લાવીને ખોટા ચેકો પણ વટાવી લીધા હોવાના પાકા પુરાવા તપાસ સમિતિને મળ્યા હતા. શાસક પક્ષ ભાજપના નામે વગ ધરાવતો હોવાથી સ્થાનિક સ્તરે તેની સામે અવાજ ઉઠાવતા લોકો પણ ડરતા હતા, પરંતુ આ મામલો CID ક્રાઈમ સોંપાતા જ દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ ગયું છે. બોગસ બિલોનું નેટવર્ક: જે કામો ક્યારેય જમીન પર થયા જ નથી, તેના લાખો રૂપિયાના નકલી બિલો મંજૂર કરાવી દેવાયા. ચેકોની હેરાફેરી: સરકારી ગ્રાન્ટ અને પ્રજાના ટેક્સના પૈસા પોતાના અંગત સ્વાર્થ અને મળતિયાઓના ખાતામાં ટ્રાન્સફર કરવા બોગસ ચેકોનો ઉપયોગ કરાયો. પક્ષના નામનો દુરુપયોગ: પોતાને ભાજપના મોટા નેતાઓનો આશીર્વાદ હોવાનો ડોળ કરીને સ્થાનિક અધિકારીઓને ધાક-ધમકીથી દબાવવામાં આવતા હતા. આ આર્થિક ગેરરીતિઓની વ્યાપક ફરિયાદો બાદ રાજ્ય સરકાર દ્વારા આ કેસની તપાસ CID ક્રાઈમને સોંપવામાં આવી હતી. CID ની ટીમે ટેકનિકલ સપોર્ટ અને પાલિકાના હિસાબી દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ કરતા મનહર પટેલ વિરૂદ્ધ ગંભીર નાણાકીય ઉથલપાથલના મજબૂત પુરાવા હાથ લાગ્યા હતા. પુરાવા મળતાની સાથે જ CID એ સકંજો કસીને મનહર પટેલને દબોચી લીધો છે. ગોધરાના જાગૃત નાગરિકોમાં આ ધરપકડને પગલે ભારે સંતોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે, પક્ષ ગમે તે હોય પરંતુ પ્રજાના પૈસા લૂંટનારા આવા તત્વોને સખત સજા થવી જ જોઈએ. હાલમાં CID દ્વારા મનહર પટેલના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ પૂછપરછ દરમિયાન પાલિકાના કયા-કયા અધિકારીઓ અને અન્ય કયા નેતાઓએ આ કૌભાંડમાં ભાગીદારી કરી હતી, તેના પણ મોટા ખુલાસા થવાની પૂરેપૂરી શક્યતા છે.

**મંત્રી કાંતિલાલ અમૃતિયાના ગામમાં પોલીસનો દમન?**

# 7 વર્ષના બાળક સહિત ખેડૂતોની અટકાયત, પોલીસ સ્ટેશનમાં ઢોર માર માર્યાનો આરોપ..!

**મોરબી**

મોરબી પંથકમાંથી એક અત્યંત ચોંકાવનારી અને કાયદો-વ્યવસ્થા સામે સવાલો ઊભા કરતી ઘટના સામે આવી છે. રાજ્યના મંત્રી કાંતિલાલ અમૃતિયાના વતનમાંથી પોલીસ દ્વારા ખેડૂતોની અટકાયત કરવામાં આવી હોવાના અહેવાલ છે. આ સમગ્ર મામલામાં સૌથી વધુ આઘાતજનક બાબત એ છે કે પોલીસ ખેડૂતોની સાથે એક ૭ વર્ષના માસૂમ બાળકને પણ બસમાં બેસાડીને ઉપાડી ગઈ હતી. એટલું જ નહીં, ખેડૂતોએ પોલીસ સ્ટેશનની અંદર તેમને ઢોર માર મારવામાં આવ્યો હોવાનો ગંભીર આરોપ લગાવતા ચકચાર મચી ગઈ છે.

મળતી વિગતો અનુસાર, ગઈકાલે તારીખ ૭ જૂનના રોજ મંત્રીના ગામમાં ખેડૂતોના ખેતરોમાંથી વીજ કંપની દ્વારા મોટા વીજ પોલ (થાંભલા) નાખવાની કામગીરી ચાલી રહી હતી. પોતાના ઊભા પાકને અને જમીનને નુકસાન થવાના ડરથી સ્થાનિક ખેડૂતોએ આ કામગીરીનો શાંતિપૂર્વક વિરોધ કર્યો હતો અને યોગ્ય વળતર અથવા વૈકલ્પિક વ્યવસ્થાની માંગ કરી હતી.

ખેડૂતોનો આ વિરોધ વહીવટી તંત્ર અને પોલીસને ન ગમતા, ત્યાં મોટી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. પોલીસે વિરોધ કરી રહેલા તમામ ખેડૂતોની અટકાયત કરવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન એક ખેડૂત પરિવારના ૭ વર્ષના નિર્દોષ બાળકને પણ પોલીસે છોડ્યો ન હતો અને તેને પણ અન્ય ખેડૂતો સાથે બસમાં પૂરીને લઈ જવામાં આવ્યો હતો.

અટકાયત કરીને પોલીસ સ્ટેશન લઈ ગયા બાદ ખેડૂતો સાથે અમાનવીય વર્તન થયું હોવાના આક્ષેપો ઉઠ્યા છે. મુક્ત થયેલા ખેડૂતો અને તેમના પરિવારોનો આરોપ છે કે લોકશાહી ઢબે વિરોધ કરવા બદલ પોલીસ સ્ટેશનની અંદર તેમને બહુ ખરાબ રીતે ઢોર માર મારવામાં આવ્યો છે. એક તરફ સરકાર ખેડૂત હિતની વાતો કરે છે, ત્યારે બીજી તરફ મંત્રીના જ ગામમાં ખેડૂતો પર આ પ્રકારનો પોલીસ દમન ગુજારવામાં આવતા સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. મંત્રીના ગામમાં બબાલ: મંત્રી કાંતિલાલ અમૃતિયાના ગામમાં જ ખેડૂતો અને પોલીસ સામસામે આવી ગયા.

માસૂમ બાળક નજરકેદ: ગુનેગારોની જેમ ૭ વર્ષના છોકરાને પણ પોલીસ બસમાં ઉપાડી ગઈ.

લોહીલુહાણ આક્ષેપો: વીજ પોલનો વિરોધ કરવા બદલ પોલીસ સ્ટેશનમાં લોકઅપની પાછળ ખેડૂતોને માર માર્યાનો દાવો.

પાક્કો ગુજરાતનો સવાલ: શું ખેડૂતો પોતાના હક માટે અવાજ પણ ન ઉઠાવી શકે?

આ ઘટના સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે વાયરલ થતાં જ ભારે વિવાદ ઊભો થયો છે. વિપક્ષ અને ખેડૂત સંગઠનો પણ હવે આ મુદ્દે મેદાને આવે તેવી શક્યતા છે. પાક્કો ગુજરાત ન્યૂઝ સવાલ ઉઠાવે છે કે, અન્નદાતા ગણાતા ખેડૂતો સાથે ગુનેગારો જેવું વર્તન કેટલું યોગ્ય છે? અને એક ૭ વર્ષના બાળકને પોલીસ કયા કાયદા હેઠળ ઉપાડી ગઈ? આ મામલે ઉચ્ચ કક્ષાએથી તટસ્થ તપાસ થાય અને જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે પગલાં લેવાય તેવી લોકસાહિત્યમાં માંગ ઉઠી રહી છે.

# સુરતમાં લોહિયાળ ખેલ : ચા પીવા ગયેલા બે મિત્રોની નિર્મમ હત્યા કરાઈ

### નજીવી બાબતે 10-15 લોકો ચપ્પુ લઈને તૂટી પડ્યા

**સુરત**

ગુજરાતનું આર્થિક પાટનગર ગણાતું સુરત શહેર ફરી એકવાર લોહિયાળ ગેંગવોર અને ગુનાખોરીથી ધ્રૂજી ઉઠ્યું છે. સુરતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા કરતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં માત્ર ચા પીવા ગયેલા બે મિત્રોની જાહેરમાં હત્યા કરી દેવામાં આવી છે. ટી-સ્ટોલ પર થયેલી સામાન્ય બોલાચાલી એટલી હદે વણસી ગઈ કે ૧૦ થી ૧૫ લોકોના ટોળાએ બે યુવકો પર ચપ્પુ વડે હિંસક હુમલો કરી તેમને મોતને ઘાટ ઉતારી દીધા છે.

મળતી માહિતી મુજબ, બે મિત્રો રાબેતા મુજબ લોકલ ટી-સ્ટોલ પર ચા પીવા માટે ગયા હતા. ત્યાં કોઈ નજીવી બાબતે અન્ય કેટલાક અસામાજિક તત્વો સાથે તેમની બોલાચાલી થઈ હતી. જોતજોતામાં આ વિવાદ એટલો વધી ગયો કે સામા પક્ષના ૧૦ થી ૧૫ લોકો હથિયારો સાથે ઘટનાસ્થળે ધસી આવ્યા હતા.

હુમલાખોરોએ બંને મિત્રોને ઘેરી લીધા હતા અને કશું જ વિચાર્યા વિના તેમના પર ચપ્પુ વડે તૂટી પડ્યા હતા. હત્યારાઓએ બંને યુવકોના પીઠ અને પેટના ભાગે ચપ્પુના ઉપરાઉપરી અસંખ્ય ઘા ઝીંકી દીધા હતા. લોહીલુહાણ હાલતમાં બંને યુવકો ત્યાં જ ઢળી પડ્યા હતા અને હુમલાખોરો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. આસપાસના લોકોએ તાત્કાલિક તેમને હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.


જાહેરમાં હત્યા: સુરતના વ્યસ્ત વિસ્તારમાં ટી-સ્ટોલ પર જાહેરમાં આ હત્યાકાંડને અંજામ આપવામાં આવ્યો, જેનાથી આસપાસના રહીશોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

નજીવી બાબતે બબાલ: માત્ર ચાની ટપરી પર થયેલી સામાન્ય કડવાશ બે પરિવારોના ચિરાગ ઓલવી નાખવાનું કારણ બની.

# સત્તાધારી પક્ષના ધારાસભ્યો જ ભડક્યા : "રૂપિયા આપો તો બાંધકામ સલામત, ન આપો તો ડિમોલિશન

**ગાંધીનગર**

ગુજરાતમાં 'ઝીરો ટોલરન્સ' અને પારદર્શક વહીવટના સરકારી દાવાઓની હવા ખુદ શાસક પક્ષના જ નેતાઓએ નીચોવી નાખી છે. રાજ્યના વહીવટી તંત્ર અને સ્થાનિક નગરપાલિકા-મહાનગરપાલિકાના અધિકારીઓ કઈ હદે ભ્રષ્ટાચારના કાદવમાં ખૂંપેલા છે, તેનો જીવતો-જાગતો પુરાવો ત્યારે સામે આવ્યો જ્યારે ભારતીય જનતા પાર્ટી (BJP) ના જ બે વરિષ્ઠ ધારાસભ્યો અધિકારીઓ પર સરેઆમ લાલઘૂમ થઈ ગયા. ધારાસભ્યોએ વહીવટી તંત્રના ભ્રષ્ટ આકાઓ પર સીધો પ્રહાર કરતા કડવા શબ્દોમાં આક્રોશ ઠાલવ્યો છે કે, 'અધિકારીઓનું એક જ ગણિત ચાલે છે - રૂપિયા આપો તો ગેરકાયદે બાંધકામ પણ સલામત, અને જો ન આપો તો સીધું ડિમોલિશન!' મળતી વિગતો અનુસાર, રાજ્યના એક મહત્વના પંથકમાં ડિમોલિશન અને બાંધકામની મંજૂરીના નામે ચાલી રહેલા મોટા ઉઘરાણાની ફરિયાદો સતત ધારાસભ્યો સુધી પહોંચી રહી હતી. ગરીબો અને મધ્યમ વર્ગના લોકો પોતાના હકના આશિયાના બચાવવા માટે અધિકારીઓના પગે પડી રહ્યા છે, જ્યારે બીજી તરફ મલાઈ આપનારા મોટા



માથાઓના ગેરકાયદે કોમર્શિયલ પ્રોજેક્ટ્સ તંત્રની નાક નીચે ધમધમી રહ્યા છે. આ બેધારી નીતિ અને ખુલ્લેઆમ ચાલી રહેલી 'તોડબાજી' જોઈને ભાજપના બંને ધારાસભ્યોનો પિત્તો ગયો હતો અને તેમણે અધિકારીઓને રૂબરૂમાં જ રીતસરના ખખડાવી નાખ્યા હતા. લાલઘૂમ થયેલા ધારાસભ્યોએ ઉચ્ચ સ્તરે પણ રજૂઆત કરતા જણાવ્યું છે કે, સ્થાનિક સ્તરે એન્જિનિયરો અને ઝોનલ ઓફિસરો સામાન્ય જનતાને હેરાન કરવામાં કોઈ કસર બાકી નથી રાખતા. વહીવટી તંત્રના બુલડોઝર માત્ર એવા લોકો પર જ ફરે છે જેઓ લાંચ આપવાની સ્થિતિમાં નથી અથવા જેઓ વહીવટ વગર કાયદેસરનું કામ કરવા ઈચ્છે છે. 'જે અધિકારીઓ લાખો-કરોડો રૂપિયાના હપ્તા લઈને મોટી ગેરકાયદે ઈમારતો સામે આંખો બંધ કરી દે છે, તેઓ જ નાના માણસોના રોજગાર અને મકાનો તોડવા બુલડોઝર લઈને પહોંચી જાય છે,' તેવા આકરા આક્ષેપો સાથે ધારાસભ્યોએ તંત્રની આખી સિસ્ટમ પર સવાલો ઊભા કર્યા છે.

- **પવન મકાનના સણસણતા સવાલો: જ્યારે પોતાના જ નેતાઓ સિસ્ટમથી ત્રસ્ત છે, ત્યારે જનતાનું કોણ?**

૧. ભાજપના પોતાના જ ધારાસભ્યો જ્યારે આ ભ્રષ્ટ અધિકારીઓની તોડબાજીની પોલ ખોલી રહ્યા છે, ત્યારે ગાંધીનગર બેઠેલા ઉચ્ચ આકાઓ કેમ મૌન છે?

૨. 'રૂપિયા આપો તો બાંધકામ સલામત'ની આ ફોર્મ્યુલા કોના આશીર્વાદથી નગરપાલિકાઓ અને મનપાઓમાં ચાલી રહી છે?

૩. ગરીબોના ઘર પર બુલડોઝર ફેરવતા પહેલા, લાંચ લઈને એ બાંધકામ થવા દેનારા ભ્રષ્ટ અધિકારીઓ પર બુલડોઝર ક્યારે ફરશે?

૪. શું મુખ્યમંત્રી કાર્યાલય પોતાના જ પક્ષના ધારાસભ્યોની આ ગંભીર ફરિયાદ પર એક્શન લઈને આવા તોડબાજ અધિકારીઓને જેલભેગા કરશે ખરા?

- **કાયદો માત્ર ગરીબો માટે જ છે?**

આ વિવાદ બાદ સચિવાલયથી લઈને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. શાસક પક્ષના જ બે પ્રતિનિધિઓ જ્યારે આ કડવું સત્ય જાહેરમાં સ્વીકારે, ત્યારે સાબિત થાય છે કે સિસ્ટમની અંદર ભ્રષ્ટાચારનું કેન્સર કેટલું ઊંડું ઉતરી ગયું છે. જનતા હવે સવાલ પૂછી રહી છે કે જો ચૂંટાયેલા ધારાસભ્યોની હાજરીમાં પણ અધિકારીઓ આટલા બેફામ હોય, તો સામાન્ય નાગરિકની કિંમત આ તંત્રની નજરમાં શું? આ મામલે હવે આરપારની લડાઈના એંધાણ દેખાઈ રહ્યા છે.


**- પવન મકાન, 'મુદ્દાની વાત', પાક્કો ગુજરાત ન્યૂઝ.**

## તંત્રી લેખ...

# જીવન એક એવો રંગમંચ છે, જ્યાં કલાકારને પોતાને જ ખબર નથી કે આગામી દ્રશ્ય શું હશે!

કોઈ પ્રખ્યાત લેખકે બહુ સુંદર વાત કહી છે: 'જીવન એક એવો રંગમંચ છે, જ્યાં કલાકાર (કિરદાર) ને પોતાને જ ખબર નથી હોતી કે આગામી દ્રશ્ય શું હશે...' આ પંક્તિ માત્ર થોડા શબ્દો નથી, પણ માનવ જીવનની સમગ્ર ફિલસૂફીનો નીચોડ છે.

આપણે બધા આ સૃષ્ટિના રંગમંચ પર આવેલા માત્ર કલાકારો છીએ. પડદો ખૂલે છે, આપણો જન્મ થાય છે અને આપણું પાત્ર શરૂ થાય છે. પરંતુ અસલી નાટક અને જીવનના નાટકમાં એક મોટો તફાવત છે. સ્ટેજ પર રમાતા નાટકની સ્ક્રિપ્ટ કલાકારને



પહેલાથી ખબર હોય છે, તેને ખબર હોય છે કે ક્યારે હસવાનું છે, ક્યારે રડવાનું છે અને ક્યારે કયો ડાયલોગ બોલવાનો છે. પરંતુ કુદરતના આ જીવનરૂપી રંગમંચ પર સ્ક્રિપ્ટ રોજ નવી લખાય છે. આગામી પળે આપણી સાથે શું થવાનું છે, એ પડદા પાછળ બેઠેલા એ 'મહાન ડાયરેક્ટર' (ઈશ્વર) સિવાય કોઈ નથી જાણતું.

અનિશ્ચિતતા જ જીવનની સુંદરતા છે

જો આપણને ખબર પડી જાય કે આવતીકાલે આપણી સાથે શું થવાનું છે, તો જીવનમાંથી ઉત્સાહ, રોમાંચ અને આશા બધું જ ગાયબ થઈ જાય. આગામી દ્રશ્યની આ અજ્ઞાનતા જ આપણને જીવવાની પ્રેરણા આપે છે. ઘણીવાર આપણને લાગે છે કે આપણી જીંદગી આપણી યોજનાઓ (Planning) મુજબ ચાલી રહી છે, પણ અચાનક જ સમય એક એવો વળાંક લે છે કે આપણી બધી ગણતરીઓ ઊંધી વળી જાય છે. કોઈ એક સામાન્ય માણસ રાતોરાત અમીર કે પ્રખ્યાત બની જાય છે, તો કોઈ સુખી માણસ પલભરમાં મુશ્કેલીઓના ઘેરાવમાં આવી જાય છે.

દરેક પરિસ્થિતિમાં શ્રેષ્ઠ ન્યાય આપો

જ્યારે આપણને ખબર જ નથી કે આગામી દ્રશ્ય કયું છે, ત્યારે આપણી પાસે માત્ર એક જ વિકલ્પ બચે છે: 'અત્યારે જે દ્રશ્ય ચાલી રહ્યું છે, તેમાં આપણો સર્વશ્રેષ્ઠ અભિનય આપવો.'

જો અત્યારે સુખનું દ્રશ્ય ચાલી રહ્યું હોય, તો અહંકાર કર્યા વગર તેનો ભરપૂર આનંદ માણો, બીજાની મદદ કરો. અને જો અત્યારે દુ:ખ, સંઘર્ષ કે આંસુઓનું દ્રશ્ય ચાલી રહ્યું હોય, તો હિંમત હાર્યા વગર ધૈર્ય રાખો. કારણ કે રંગમંચનો નિયમ છે - કોઈ પણ દ્રશ્ય કાયમી હોતું નથી, સમય બદલાશે અને નવું દ્રશ્ય ફરી ખુશીઓ લઈને આવશે.

અંતિમ ચિંતન

રોજ સવારે જ્યારે આપણી આંખ ખૂલે છે, ત્યારે સમજી લો કે કુદરતે આપણને અભિનય કરવા માટે એક નવો દિવસ, એક નવું દ્રશ્ય આપ્યું છે. ભૂતકાળના દ્રશ્યો બગડી ગયા હોય તો તેનો અફસોસ છોડી દો, અને ભવિષ્યની ચિંતામાં આજનો અભિનય બગાડશો નહીં.

આગામી દ્રશ્ય ગમે તે હોય, આપણું પાત્ર એટલી શિદ્દતથી ભજવીએ કે જ્યારે આ જીવનરૂપી રંગમંચ પરથી આપણી વિદાય થાય, ત્યારે પડદો પડ્યા પછી પણ દુનિયા તાળીઓ પાડતી રહી જાય!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ગુજરાતના પૂર્વ સીએમ આનંદીબહેન પટેલનો ગૌરવપૂર્ણ કાર્યકાળ

## ઉત્તર પ્રદેશના રાજ્યપાલ તરીકે 7 વર્ષ પૂર્ણતાના આરે, એમપી અને છત્તીસગઢમાં પણ આપી ચૂક્યા છે સેવાઓ

**ગાંધીનગર/લખનૌ, પાક્કો ગુજરાત ન્યૂઝ:**

ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે વહીવટી કુશળતાનો પરિચય આપનારા અને સનાતન કર્મયોગી એવા આનંદીબહેન પટેલ દેશના રાજકીય ફલક પર એક અલગ જ ઓળખ ધરાવે છે. ગુજરાતના સીએમ પદેથી નિવૃત્ત થયા બાદ પણ તેમણે દેશના વિવિધ રાજ્યોમાં બંધારણીય વડા (રાજ્યપાલ) તરીકે પદભાર સંભાળીને પ્રશંસનીય કામગીરી કરી છે. હાલમાં તેઓ દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશ (UP) ના રાજ્યપાલ તરીકે સફળતાપૂર્વક સાત વર્ષ જેટલો લાંબો કાર્યકાળ પૂર્ણ કરવા તરફ આગળ વધી રહ્યા છે.

ઉત્તર પ્રદેશના રાજ્યપાલ તરીકે સાત વર્ષનો ભવ્ય સફર

વર્ષ ૨૦૧૯માં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ તરીકે નિયુક્ત થયેલા આનંદીબહેન પટેલ છેલ્લા આશરે સાત વર્ષથી આ પ્રતિષ્ઠિત પદની ગરિમા શોભાવી રહ્યા છે. યુપી જેવા રાજકીય અને ભૌગોલિક દ્રષ્ટિએ વિશાળ રાજ્યમાં તેમણે રાજભવનની વહીવટી પ્રક્રિયાઓ, ઉચ્ચ શિક્ષણ અને ખાસ કરીને મહિલા ઉત્કર્ષ માટે અનેક સરાહનીય નિર્ણયો લીધા છે. યોગી



આદિત્યનાથ સરકાર સાથેના તેમના વહીવટી તાલમેલની દેશભરમાં પ્રશંસા થાય છે.

મધ્ય પ્રદેશ અને છત્તીસગઢમાં પણ રહી ચૂક્યા છે ગવર્નર યુપીના રાજ્યપાલ બનતા પહેલાં આનંદીબહેન પટેલ મધ્ય પ્રદેશ (MP) ના રાજ્યપાલ તરીકે પણ સેવાઓ આપી ચૂક્યા છે. જાન્યુઆરી ૨૦૧૮ થી જુલાઈ ૨૦૧૯ દરમિયાન તેઓ મધ્ય પ્રદેશના ગવર્નર રહ્યા હતા. આ ઉપરાંત, મધ્ય પ્રદેશના રાજ્યપાલ પદે હતા તે દરમિયાન જ ઓગસ્ટ ૨૦૧૮ માં છત્તીસગઢના તત્કાલીન રાજ્યપાલ બલરામજી દાસ ટંડનના આકસ્મિક નિધનના પગલે, આનંદીબહેન પટેલને છત્તીસગઢના કાર્યકારી રાજ્યપાલ તરીકેનો વધારાનો પદભાર પણ સોંપવામાં આવ્યો હતો, જે તેમણે ખૂબ જ જવાબદારીપૂર્વક નિભાવ્યો હતો. વહીવટી કુશળતાનું ઉત્તમ ઉદાહરણ

એક કડક શિક્ષક અને કુશળ વહીવટકર્તા તરીકેની છાપ ધરાવતા ૮૪ વર્ષીય આનંદીબહેન પટેલે ગુજરાતમાં મહેસૂલ, શિક્ષણ અને બાદમાં મુખ્યમંત્રી તરીકે જે પાયાના કામો કર્યા હતા, તે જ અનુભવનો લાભ આજે અન્ય રાજ્યોને મળી રહ્યો છે. ત્રણ-ત્રણ મહત્વના રાજ્યોના રાજ્યપાલ પદની જવાબદારી સફળતાપૂર્વક સંભાળીને તેમણે ગુજરાતનું ગૌરવ દેશભરમાં વધાર્યું છે.

# દેશમાં વધી રહ્યો છે 'શોર્ટ સ્ટે'નો નવો ટ્રેંડ

ભારતમાં પરંપરાગત હોટેલ બુકિંગ મોડેલ ઝડપથી બદલાઈ રહ્યું છે. જ્યારે પ્રવાસીઓને પહેલા થોડા કલાકો માટે પણ આખા દિવસનું ભાડું ચૂકવવું પડતું હતું, ત્યારે ઘણા ઓનલાઈન પ્લેટફોર્મ હવે તેમની જરૂરિયાતોને આધારે મર્યાદિત સંખ્યામાં કલાકો માટે રૂમ ઓફર કરી રહ્યા છે. આ મોડેલને "શોર્ટ સ્ટે" અથવા "ઓવરલી સ્ટે" કહેવામાં આવે છે. આ વલણ પ્રવાસીઓની બદલાતી જરૂરિયાતો અને ટેકનોલોજી-આધારિત બુકિંગ પ્લેટફોર્મની વધતી પહોંચ દ્વારા પ્રેરિત છે. આજે, ભારતના 50 થી વધુ શહેરોમાં હજારો હોટલો આ સેવા પ્રદાન કરે છે. ચાલો તેને વિગતવાર સમજીએ અને તેના તમામ આવશ્યક પાસાઓની ચર્ચા કરીએ. ટૂંકા રોકાણ પ્લેટફોર્મ Bag2Bag વાસ્તવિક જીવનના પ્રવાસના અનુભવમાંથી ઉદ્ભવ્યું છે. અહેવાલ મુજબ, કંપનીના સ્થાપકને ટ્રિપ દરમિયાન માત્ર છ કલાક માટે હોટેલ રૂમની જરૂર હતી, પરંતુ હોટેલે આખા દિવસનું ભાડું માંગ્યું અને આખરે ઈનકાર કરી દીધો.

આ અનુભવથી તેમને ભારતમાં વધુ લવચીક હોટેલ બુકિંગ મોડેલની જરૂરિયાતનો અહેસાસ થયો. 2019માં શરૂ કરાયેલ, કંપની હવે 10,000થી વધુ મિલકતો સાથે કામ કરે છે, જેમાં 6,000થી વધુ સ્થાનો કલાકદીઠ રોકાણ ઓફર કરે છે. કંપનીના જણાવ્યા અનુસાર, તેના કલાકદીઠ રોકાણ વ્યવસાયની આવકમાં થોડા વર્ષોમાં જ ઝડપથી વધારો થયો છે. Bag2Bag ઉપરાંત, Brevistay, MiStay, Hourly Rooms અને Qwiksta જેવા પ્લેટફોર્મ પણ આ ક્ષેત્રમાં સક્રિય છે. મોટી ટ્રાવેલ કંપનીઓ હવે કલાકદીઠ બુકિંગ વિકલ્પો પણ ઓફર કરી રહી છે. બ્રેવિસ્ટેનો જન્મ પ્રવાસીઓ દ્વારા સામનો કરવામાં આવતી સમાન સમસ્યામાંથી થયો હતો. શરૂઆતના વર્ષોમાં, હોટેલ માલિકોને આ મોડેલ અપનાવવા માટે સમજાવવું પડકારજનક હતું, પરંતુ ધીમે ધીમે તેમને તેના વ્યવસાયિક ફાયદાઓનો અહેસાસ થવા લાગ્યો. આજે, કંપનીના લાખો નોંધાયેલા વપરાશકર્તાઓ અને તેના પ્લેટફોર્મ પર હજારો હોટલો છે. શરૂઆતમાં, ટૂંકા રોકાણ માટે રહેઠાણ મુખ્યત્વે યુગલોની જરૂરિયાત તરીકે માનવામાં આવતું હતું. જો કે, સમય જતાં તેની છબી નોંધપાત્ર રીતે બદલાઈ ગઈ છે. વ્યવસાયિક પ્રવાસીઓ, ફ્લાઈટ અથવા ટ્રેન વચ્ચે રાહ જોતા મુસાફરો, ઈન્ટરવ્યુ માટે હાજર રહેલા ઉમેદવારો, પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ, મીટિંગમાં હાજરી આપતા વ્યાવસાયિકો અને પરિવારો પણ આ સુવિધાનો ઉપયોગ કરી રહ્યા છે.

# ટ્રમ્પના ઈગોબોમ્બથી ઈઝરાયેલની દોસ્તીમાં ગાબડું પડયું....!

ઈરાનનો સોથ વાળવા માટે ભેગા થયેલા અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે જ અત્યારે ચકમક ઝરી રહી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બે દિવસ પહેલાં ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુની સાથે ફોન ઉપર વાત કરી હતી. આ વાતચીત દરમિયાન તેમણે નેતન્યાહુને ધધડાવ્યા હતા અને તેમને અપશબ્દો પણ કહ્યા હતા. જાણકારોના મતે ટ્રમ્પે ફોન ઉપર નેતન્યાહુને સનકી અને પાગલ કહ્યા હતા. તેમણે કહ્યું હતું કે, નેતન્યાહુ અહંકારી છે અને કોઈની વાત માનતા નથી. તેના કારણે જ ઈઝરાયેલના લોકો તેમને પસંદ કરતા નથી. નેતન્યાહુના અયોગ્ય વર્તનને અને નિર્ણયોના લીધે લોકો દુનિયાભારમાં ઈઝરાયેલને પસંદ કરતા નથી. જો ટ્રમ્પ ન હોત તો નેતન્યાહુ જેલમાં હોત. ટ્રમ્પ હાલમાં નેતન્યાહુને બચાવી રહ્યા છે. નેતન્યાહુ અને ટ્રમ્પ વચ્ચે થયેલા આ વાત સમગ્ર દુનિયામાં ફેલાઈ ગઈ છે અને ચર્ચાનો વિષય બની છે. જાણકારોના મતે ઈઝરાયેલ દ્વારા થોડા દિવસથી લેબેનોન ઉપર બેફામ હુમલા કરવામાં આવી રહ્યા છે. ઈઝરાયેલના આ હુમલા અને જક્કી વલણના લીધે ઈરાન સાથેની અમેરિકાની વાટાઘાટો અટકી ગઈ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. ઈરાને વાટાઘાટો મુદ્દે અમેરિકાને સ્પષ્ટ ધમકી આપી છે કે, ઈઝરાયેલ જો લેબેનોનો ઉપર હુમલા બંધ નહીં કરે તો કોઈ ચર્ચા નહીં થાય. આ કારણે હવે અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચેની સૌથી મજબૂત રાજકીય દોસ્તીમાં ભંગાણ પડયું છે. નેતન્યાહુને અભિમાની કહેનારા ટ્રમ્પનું જ અભિમાન ઈરાને ચૂરચૂર કરી દેતા તેણે ઈગોબોમ્બ ઈઝરાયેલ ઉપર ઝીંક્યો હતો. ઉલ્લેખનીય છે કે, અમેરિકી પ્રમુખ ટ્રમ્પ અને ઈઝરાયેલા વડાપ્રધાન નેતન્યાહુ સૌથી મજબૂત રાજકીય મિત્રો માનવામાં આવતા હતા. તેમની જોડીના લોકો વખાણ કરતા હતા. ટ્રમ્પના પહેલા કાર્યકાળમાં બંનેએ સાથે રહીને ઘણા કાર્યો કર્યા હતા. ખાસ કરીને જેરુસલેમમાં યુએસ એમ્બેસીને ખસેડવી, ગોલાન હાઈટ્સને માન્યતા આપવી અને અન્ય રાજકીય નિર્ણયો લીધા હતા. તે ઉપરાંત બંને દેશો વચ્ચે જે અબ્રાહમ કરાર થયા હતા તેના કારણે સમગ્ર વિશ્વ આશ્ચર્યમાં મુકાયું હતું. ઈરાન ઉપર હુમલા કરીને તેને લાચાર કરી દેવાની યોજના પણ આ મિત્રો જ બનાવી હતી. ટ્રમ્પને આશા હતી કે બીજા કાર્યકાળમાં પણ નેતન્યાહુ તેમને સાથ આપશે અને તેમના આદેશો માનશે પણ નેતન્યાહુએ પોતાની મનમાની કરતા હવે આ દોસ્તીમાં ભંગાણ પડયું છે. વાત એવી છે કે, હિઝબુલ્લાહના રોકેટ અને ડ્રોન હુમલાના જવાબમાં ઈઝરાયેલે લેબેનોનમાં ભીષણ હુમલા શરૂ કરી દીધા છે. તેમાંય બેરૂત અને દક્ષિણના વિસ્તારોમાં પણ હુમલા કરવાની યોજના બનાવી લીધી હતી. ઈરાનને આ વાતની જાણ થતાં જ તેણે અમેરિકાને ભીંસમાં લેતા શાંતિ મંત્રણા રોકવાની ધમકી આપી દીધી. ટ્રમ્પ અત્યારે મથી રહ્યા છે કે, ઈરાન સાથે સંધિ થાય જેમાં ન્યૂક્લિયર હથિયારો નષ્ટ થાય, સમગ્ર ન્યૂક્લિયર કાર્યક્રમ જ રદ થાય, હોર્મુઝની ખાડી ખુલ્લી મુકાય અને સમગ્ર મિડલ ઈસ્ટમાં સ્થિરતા આવે. ઈઝરાયેલની વધતી સૈન્ય કામગીરીને કારણે આ મંત્રણા અટકી ગઈ છે. તેના પગલે ગિન્નાયેલા ટ્રમ્પે ફોન કરીને નેતન્યાહુને ધમકાવ્યા અને કહી દીધું કે શાંતિ રાખજો નહીંતર દુનિયાભરમાં એકલા પડી જશો. બીજી તરફ અમેરિકી મીડિયાના અહેવાલો જણાવે છે કે, નેતન્યાહુએ અમેરિકા અને ટ્રમ્પનો ઉપયોગ કરી લીધો અને ટ્રમ્પને ફસાવી દીધા. અહેવાલો જણાવે છે કે, ટ્રમ્પ યુદ્ધ સમયે પણ ઘણી વખત નેતન્યાહુના દબાણમાં આવી ગયા હતા. તેમને મજબૂરીમાં આક્રમક હુમલા કરવા પડયા હતા. હાલમાં તેઓ શાંતિ સ્થાપવા ઈચ્છે છે પણ નેતન્યાહુ તેમને યુદ્ધ માટે દબાવી રહ્યા છે. નેતન્યાહુ હજી પણ આક્રમક વલણ સાથે જ વર્તી રહ્યા છે. ટ્રમ્પે ઘણી વખત નેતન્યાહુને બાયપાસ કરીને અરબ દેશો સાથે સમાધાન કરવાનો અને શાંતિ સ્થાપવાનો પ્રયાસ કર્યો જેના કારણે ઈઝરાયેલ નારાજ છે. રાજકીય જાણકારો માને છે કે, અમેરિકા અને ઈઝરાયેલના લક્ષ્ય હવે



અલગ અલગ થઈ ગયા છે. યુદ્ધમાં અબજો ડોલરનું આંધણ થયા બાદ અમેરિકા હવે ફિક્સમાં મુકાયું છે. ખાસ કરીને ટ્રમ્પ હવે આ યુદ્ધ અટકાવવા અને શાંતિ સ્થાપવા માગે છે. બીજી તરફ ઈઝરાયેલ અને નેતન્યાહુ ઈરાન અને તેના માટે પ્રોક્સિવોર કરતા હિઝબુલ્લાનો જડમૂળથી સફાયો ઈચ્છે છે. જાણકારો એવો પણ દાવો કરે છે કે, અમેરિકા ક્યારેય ઈરાન ઉપર સીધો હુમલો કરવા કે યુદ્ધ કરવાની તરફેણમાં નહોતું. ટ્રમ્પને નેતન્યાહુ દ્વારા દબાણ કરવામાં આવ્યું અને તેઓ યુદ્ધમાં જોડાયા હતા. નેતન્યાહુના લીધે અમેરિકાને યુદ્ધમાં ઉતરવું પડયું. હવે અમેરિકા ડીલ કરવા માગે છે પણ ઈઝરાયેલને આ બાબતની કોઈ ચિંતા જ નથી.તે પોતાની રીતે હુમલા કર્યા કરે છે. તેના લીધે હવે આ દોસ્તીના કિલ્લાના કાંગરા ખરવા લાગ્યા છે. ચર્ચા એવી પણ છે કે, અમેરિકાને યુદ્ધ રોકવામાં, હોર્મુઝની ખાડી ખોલવામાં કે પછી ઈરાનને ડીલ કરીને દબાવવાના કામમાં ઈઝરાયેલ દ્વારા કોઈ મદદ કરવામાં આવતી નથી. નેતન્યાહુનો કોઈ સાથ મળતો ન હોવાથી ટ્રમ્પ ગિન્નાયા છે. ટ્રમ્પ ઈચ્છે છે કે, હવે કોઈપણ રીતે કૂટનીતિક સમાધાન આવવું જોઈએ જ્યારે નેતન્યાહુ માને છે કે, ઈરાન ઉપર ફરીથી હુમલા કરવા જોઈએ અને તેને ધ્વસ્ત કરી દેવું જોઈએ. તેના કારણે જ ટ્રમ્પ હવે નેતન્યાહુને વિશ્વાસપાત્ર નહીં હોવાના મેણા મારી રહ્યા છે. તે ઉપરાંત તેને ઉપકારો ભુલી જનારા પણ કહી રહ્યા છે. આ પહેલી વખત નથી થયું.

# ઈલેક્ટ્રિક કીટલી વાપરતા હોવ તો ચેતજો!:નાનકડી બેદરકારી મોટો અકસ્માત નોતરશે

ઈલેક્ટ્રિક કીટલી (કેટલ) એક ખૂબ જ ઉપયોગી કિચન એપ્લાયન્સ છે. તે સમય અને મહેનત બંનેની બચત કરે છે. એક ગ્લાસ ગરમ પાણીથી દિવસની શરૂઆત કરવી હોય કે પછી ઝડપથી સૂપ, ચા-કોફી ઉકાળવી હોય, ઈલેક્ટ્રિક કીટલી ઘણા કામોને સરળ બનાવી દે છે. તે ગેસ સ્ટોવની સરખામણીમાં ઝડપી, અનુકૂળ અને વધુ સુરક્ષિત માનવામાં આવે છે.

જોકે, ઉપયોગ દરમિયાન થોડી બેદરકારીથી કરંટ લાગવા, દાઝી જવા કે આગ લાગવા જેવી દુર્ઘટનાઓનો ખતરો થઈ શકે છે. તેથી, કોઈપણ અન્ય ઈલેક્ટ્રિક એપ્લાયન્સની જેમ, કીટલીનો પણ યોગ્ય રીતે ઉપયોગ કરવો અને તેની સંભાળ રાખવી ખૂબ જ જરૂરી છે. આ એક કિચન એપ્લાયન્સ છે. તેનો ઉપયોગ પાણી ઉકાળવા માટે થાય છે. તેની અંદર રહેલું હીટિંગ એલિમેન્ટ પાવર સપ્લાય મળતા ગરમ થાય છે અને પાણીને થોડી જ મિનિટોમાં ઉકાળી દે છે. મોટાભાગની કીટલી ઓટો શટ-ઓફ અને બોઈલ-ડ્રાય પ્રોટેક્શન જેવી સુવિધાઓ સાથે આવે છે. આનાથી તે વધુ સુરક્ષિત માનવામાં આવે છે. પ્લાસ્ટિક ઈલેક્ટ્રિક કીટલી: હળવી, સસ્તી અને રોજિંદા ઉપયોગ માટે યોગ્ય છે. ગ્લાસ ઈલેક્ટ્રિક કીટલી: બોરોસિલિકેટ ગ્લાસથી બનેલી હોય છે. તેને વધુ સાવચેતીપૂર્વક ઉપયોગ કરવાની જરૂર હોય છે. સ્ટેનલેસ સ્ટીલ ઈલેક્ટ્રિક કીટલી: મજબૂત, ટકાઉ અને લાંબા સમય સુધી ચાલનારી માનવામાં આવે છે. ત્રણેય કીટલી પાણી ઉકાળવા માટે ઉપયોગમાં લેવાય છે. ફક્ત તેમના મટીરીયલ અને ફીચર્સમાં અંતર હોય છે. યોગ્ય ઉપયોગ અને કાળજીથી ઈલેક્ટ્રિક કીટલી લાંબા સમય સુધી સુરક્ષિત અને સારી રહે છે. તેના માટે કેટલીક મૂળભૂત બાબતોનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. તે પાણીની માત્રા પર આધાર રાખે છે. સામાન્ય રીતે ઈલેક્ટ્રિક કીટલીમાં પાણી ઉકાળવામાં 1 થી 2 મિનિટનો સમય લાગે છે. ખરેખર, કીટલી ગરમીને બહાર નીકળતી અટકાવે છે. જેના કારણે પાણી વધુ ઝડપથી ઉકળી જાય છે. ઈલેક્ટ્રિક કીટલીનો ઉપયોગ કરતી વખતે થોડી સાવચેતી આપણને અકસ્માતોથી બચાવી શકે છે. આ માટે કેટલીક મહત્વપૂર્ણ બાબતોનું ખાસ ધ્યાન રાખો.

ઈલેક્ટ્રિક કીટલીનો ઉપયોગ માત્ર પાણી ઉકાળવા પૂરતો જ મર્યાદિત નથી. તેનાથી તમે ચા-કોફી બનાવી શકો છો, સૂપ તૈયાર કરી શકો છો, મેગી કે ઈન્સ્ટન્ટ નૂડલ્સ બનાવી શકો છો, ઈંડા ઉકાળી શકો છો અને કેટલાક શાકભાજીને પણ સરળતાથી ઉકાળી શકો છો. આ નાના-મોટા રસોઈના કામો માટે ખૂબ જ અનુકૂળ હોય છે. જોકે, દરેક કીટલી આ કામો માટે બનેલી હોતી નથી. તેથી કોઈપણ વધારાના ઉપયોગ પહેલાં તેના મેન્યુઅલને ચોક્કસ જુઓ. ઈલેક્ટ્રિક કીટલીની નિયમિત સફાઈ જરૂરી છે. આનાથી તેમાં મેલ કે સ્કેલ જામતી નથી અને તે સારું પરફોર્મન્સ આપે છે. ઈલેક્ટ્રિક કીટલીની હળવી સફાઈ દર 7-10 દિવસે કરવી જોઈએ. સાથે જ 15-30 દિવસમાં એકવાર ડી-સ્કેલિંગ કરવું જોઈએ. ડી-સ્કેલિંગનો અર્થ કીટલીની અંદર જમા થયેલા કેલ્શિયમ અને અન્ય મિનરલ્સના સ્તરને દૂર કરવાનો છે. આનાથી કીટલીની પરફોર્મન્સ જળવાઈ રહે છે.

# પગાર 6 હજાર...મિલકત કરોડોની!:4 આલીશાન મકાન, 13 પ્લોટ, પત્નીનાં લોકરમાં 2 કરોડ રોકડા

## ભુવનેશ્વરમાં એન્જિનિયરના ઘરેથી નોટો ભરેલી 5 બેગ જપ્ત




માત્ર 6 હજાર રૂપિયાના માસિક પગાર પર સરકારી નોકરી શરૂ કરનાર ઓડિશાના બૈકુંઠ નાથ બેહેરાની કરોડોની સંપત્તિનો ખુલાસો થયો છે. બૈકુંઠ નાથ કંધમાલ જિલ્લાના બલિગુડા સ્થિત એકીકૃત આદિજાતિ વિકાસ એજન્સી (ITDA) ના આસિસ્ટન્ટ એક્ઝિક્યુટિવ એન્જિનિયર છે.

ઓડિશા વિજિલન્સને બેહેરા પાસે આવક કરતાં વધુ સંપત્તિ હોવાની ફરિયાદ મળી હતી. આ પછી, ભુવનેશ્વરના વિશેષ ન્યાયાધીશ (વિજિલન્સ) ના સર્ચ વોરંટના આધારે વિજિલન્સે શુક્રવારે ભુવનેશ્વર, જાજપુર, બારીપદા અને કંધમાલ જિલ્લાના કુલ 9 સ્થળો પર એકસાથે દરોડા પાડ્યા.

આ દરમિયાન 5 બહુમાળી ઈમારતો, 13 પ્લોટ, સોનાના દાગીના અને બેંક લોકરમાંથી આશરે 2.4 કરોડ રોકડ જપ્ત કરવામાં આવી છે. તમામ સંપત્તિઓની કિંમત કરોડોમાં આંકવામાં આવી રહી છે. આને તાજેતરના વર્ષોની સૌથી મોટી આવક કરતાં વધુ સંપત્તિની કાર્યવાહીઓમાંની એક માનવામાં આવે છે.

ભુવનેશ્વરમાં એન્જિનિયરનું એક 4 માળનું મકાન, પટિયા અને ચંદ્રશેખરપુરમાં બે-બે માળના મકાનો અને જાજપુરમાં પૈતૃક ઘર પર બે માળનું ઘર છે.

### ભુવનેશ્વરમાં ચાર બહુમાળી આલીશાન મકાનો

ભુવનેશ્વરના 4 વિસ્તારો ઉપરાંત જાજપુર જિલ્લાના ધર્મશાળા સ્થિત પૈતૃક ઘર, સંબંધીઓના આવાસ, સરકારી ક્વાર્ટર અને ઓફિસમાં પણ તલાશી લેવામાં આવી. કાર્યવાહીમાં 2 એડિશનલ SP, 5 DSP, 6 ઈન્સ્પેક્ટર અને મોટી સંખ્યામાં અન્ય અધિકારીઓને કામે લગાડવામાં આવ્યા.

તપાસમાં અત્યાર સુધી પાંચ મોટી ઈમારતો મળી આવી છે. તેમાં ભુવનેશ્વર સ્થિત નીલાદ્રી વિહારમાં લગભગ 10,500 ચોરસ ફૂટ ક્ષેત્રફળ ધરાવતી ચાર માળની ઈમારત સૌથી મોટી છે. આ ઉપરાંત, સેલશ્રી વિહારમાં ત્રણ માળનું ભવન, પટિયામાં બે માળનું મકાન, ચંદ્રશેખરપુરમાં બે માળનું મકાન છે.

જાજપુર જિલ્લાના ધર્મશાળામાં પૈતૃક જમીન પર પણ બે માળની ઈમારત બનેલી છે. વિજિલન્સને બેહરા અને તેમના પરિવારના નામે 13 પ્લોટ પણ મળ્યા છે. તેમાંથી 7 પ્લોટ ભુવનેશ્વર, 5 જાજપુર જિલ્લાના ધર્મશાળા અને એક બારીપદામાં આવેલા છે. ભુવનેશ્વરમાં વધુ જમીન હોવાની માહિતી સામે આવી છે.

વિજિલન્સ ટીમ જપ્ત કરાયેલી રોકડને 4 થી 5 બેગમાં ભરીને પોતાની ઓફિસ લઈ આવી, જેની ગણતરી બેંક મશીનોથી કરવામાં આવી રહી છે.

તમામ જપ્ત કરાયેલી રોકડ 500-500ની નોટો છે. અધિકારીઓએ જણાવ્યું કે તપાસ પૂરી થયા બાદ સંપૂર્ણ સંપત્તિની કિંમત જણાવવામાં આવશે.

### પત્નીના બેંક લોકરમાંથી 2 કરોડ રોકડા મળ્યા

દરોડા દરમિયાન અધિકારીઓએ અલગ-અલગ ઠેકાણેથી માત્ર 2.66 લાખ રોકડ જપ્ત કર્યા. જોકે, તપાસકર્તાઓને જાણવા મળ્યું કે બેહરાની પત્નીના નામે ભુવનેશ્વરના ચંદ્રશેખરપુર સ્થિત એક્સિસ બેંક અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં બે લોકર છે.

લોકર ખોલવામાં આવતા લગભગ 2 કરોડ રોકડા મળ્યા. નોટોની ગણતરી બેંકની મશીનો દ્વારા કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, સોનાના દાગીનાનું વજન અને કિંમત પણ આંકવામાં આવી રહી છે. વિજિલન્સ બેંક ખાતાઓ અને અન્ય રોકાણોની પણ તપાસ કરી રહી છે.

### 1999માં 6 હજારના પગાર પર નોકરી શરૂ કરી હતી

બૈકુંઠ નાથ બેહરાએ 16 ઓગસ્ટ 1999ના રોજ જુનિયર એન્જિનિયર તરીકે સરકારી સેવા શરૂ કરી હતી. તે સમયે તેમનો પ્રારંભિક પગાર દર મહિને 6,000 રૂપિયા હતો. 31 ઓક્ટોબર 2016ના રોજ તેમને આસિસ્ટન્ટ એન્જિનિયરના પદ પર પ્રમોશન મળ્યું.

ફેબ્રુઆરી 2026માં તેમને આસિસ્ટન્ટ એક્ઝિક્યુટિવ એન્જિનિયર બનાવવામાં આવ્યા અને બલિગુડા ITDAમાં પોસ્ટિંગ મળી. હાલ તેમનો માસિક પગાર આશરે 80 હજાર હતો. વિજિલન્સ એસપી સુશાંત કુમાર બિસ્વાલે જણાવ્યું કે તપાસ પૂરી થયા પછી આવક કરતાં વધુ સંપત્તિના કેસમાં આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### દાહોદ જિલ્લાના ગોવિંદગુરુ લીમડી તાલુકાના ખરવાણીમાં પાણી માટે હાહાકાર

# જીવન જરૂરી સુવિધાથી વંચિત ગ્રામજનો દૂષિત પાણી પીવા મજબૂર

**દાહોદ, પંકજ પંડિત**

દાહોદ જિલ્લાના ગોવિંદગુરુ લીમડી તાલુકાના ખરવાણી ગામમાં પીવાના પાણીની ગંભીર અછતને કારણે ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. પાણી જેવી પ્રાથમિક અને જીવન જરૂરી સુવિધા ન મળતાં ગામના લોકો દૂષિત પાણી પીવા મજબૂર બન્યા છે. ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે ગામમાં સર્જાયેલી આ સ્થિતિએ ગ્રામજનોના આરોગ્ય અને જીવન પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

ગામના મુખ્ય જળસ્ત્રોત એવા તળાવો સંપૂર્ણપણે સુકાઈ જતાં લોકો માટે પાણીનો એકમાત્ર આધાર પણ ખૂટી ગયો છે. હાલ ગ્રામજનો તળાવના તળિયામાં ખાડા ખોદીને તેમાં ભરાતા પાણીનો ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ આ પાણી સ્વચ્છ ન હોવાથી આરોગ્ય માટે જોખમરૂપ સાબિત થઈ શકે છે. તેમ છતાં અન્ય કોઈ વિકલ્પ ઉપલબ્ધ ન હોવાથી લોકો એ જ પાણી પીવા અને ઘરગથ્થુ ઉપયોગમાં લેવા મજબૂર બન્યા છે.

- **તળાવો સુકાયા, મહિલાઓને 2 કિમી સુધી પાણી માટે ભટકવું પડે છે**
- **તાત્કાલિક ટેન્કર અને કાયમી જળવ્યવસ્થાની માંગ ઉગ્ર**

પાણીની અછતનો સૌથી મોટો બોજ ગામની મહિલાઓ અને બાળકો પર પડી રહ્યો છે. રોજિંદી જરૂરિયાત માટે પાણી મેળવવા મહિલાઓને 1 થી 2 કિલોમીટર સુધીનો લાંબો રસ્તો કાપવો પડે છે. ઘણી વખત કલાકો સુધી રાહ જોઈને પાણી ભરવાની ફરજ પડતી હોવાથી તેમના દૈનિક કામકાજ અને પરિવારજીવન પર સીધી અસર થઈ રહી છે.

પરિસ્થિતિની ગંભીરતા એ વાત પરથી પણ સ્પષ્ટ થાય છે કે જ્યાંથી ગ્રામજનો પાણી ભરી રહ્યા છે, તે જ ખાડામાં ગાય, ભેંસ, બકરાં અને અન્ય પશુઓ પણ પાણી પીવા આવે છે. જેના કારણે પાણી વધુ પ્રદૂષિત બનતું જાય છે. સ્વચ્છ પાણીના અભાવે લોકો આ જ પાણી પીવા મજબૂર બનતાં ચેપી રોગો અને અન્ય આરોગ્ય સંબંધી સમસ્યાઓ ફેલાવાની ભીતિ સેવાઈ રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ગામના મોટાભાગના કૂવાઓમાં પણ પીવા લાયક પાણી ઉપલબ્ધ નથી. ભૂગર્ભ જળસ્તર નીચે ઉતરી જતાં કૂવાઓ સૂકાઈ ગયા છે અથવા તેમાં મળતું પાણી ઉપયોગ માટે યોગ્ય રહ્યું નથી. જેના કારણે સમગ્ર ગામ પાણીની વિકટ સમસ્યાનો સામનો કરી રહ્યું છે.

દેશ અને રાજ્ય સરકારો દ્વારા 'હર ઘર જળ' અને પીવાના પાણીની વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે, ત્યારે ખરવાણી ગામના લોકો હજુ પણ પાણી જેવી પાયાની સુવિધા માટે સંઘર્ષ કરી રહ્યા છે. ગ્રામજનોનું કહેવું છે કે અનેક રજૂઆતો છતાં સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી.

ગ્રામજનોએ જિલ્લા અને તાલુકા તંત્ર સમક્ષ માંગણી કરી છે કે ગામમાં તાત્કાલિક ધોરણે ટેન્કર દ્વારા સ્વચ્છ પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવે તેમજ લાંબા ગાળે નળજોડાણ, બોરવેલ, પાણી સંગ્રહ અને જળસંચય જેવી યોજનાઓ દ્વારા કાયમી ઉકેલ લાવવામાં આવે.

ખરવાણી ગામની હાલની સ્થિતિ એ દર્શાવે છે કે પાણી માત્ર એક સુવિધા નહીં, પરંતુ જીવનનો આધાર છે. જ્યારે લોકો દૂષિત પાણી પીવા મજબૂર બને અને મહિલાઓને રોજ કિલોમીટરો દૂર પાણી માટે જવું પડે, ત્યારે તે માત્ર પાણીની સમસ્યા નહીં પરંતુ પ્રાથમિક માનવ અધિકાર અને મૂળભૂત સુવિધાના અભાવનો ગંભીર પ્રશ્ન બની જાય છે. હવે ગ્રામજનો તંત્રની તાત્કાલિક કાર્યવાહી અને અસરકારક ઉકેલની આશા સાથે રાહ જોઈ રહ્યા છે.



# કાળીમહુડી ગ્રામ પંચાયતમાં વહીવટી ભૂકંપ : સરપંચ પાસેથી ચાર્જ પરત લઈ ઉપસરપંચને સોંપાયો વહીવટ

### ગેરરીતિના આક્ષેપોની ગંભીરતાને પગલે તંત્ર સક્રિય, તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી સરપંચની સત્તાઓ સ્થગિત

**દાહોદ, પંકજ પંડિત**

દાહોદ જિલ્લાના લીમડી તાલુકાની કાળીમહુડી ગ્રામ પંચાયતમાં એક મહત્વપૂર્ણ અને ચોંકાવનારો વહીવટી વળાંક સામે આવ્યો છે. ગ્રામ પંચાયતના સરપંચ રોહિતભાઈ પ્રતાપભાઈ નીનામા સામે ગેરરીતિ સંબંધિત આક્ષેપોની તપાસ શરૂ થતાં જિલ્લા અને તાલુકા પંચાયત તંત્ર હરકતમાં આવ્યું છે. પરિણામે તાલુકા વિકાસ અધિકારી, લીમડી દ્વારા સરપંચ પાસેથી પંચાયતનો વહીવટી ચાર્જ પરત લઈ તેને ઉપસરપંચને સોંપવાનો આદેશ જાહેર કરવામાં આવ્યો છે.

મળતી વિગતો અનુસાર જિલ્લા વિકાસ અધિકારી, દાહોદના પત્રના અનુસંધાને આ કાર્યવાહી હાથ ધરવામાં



આવી છે. સરપંચ સામે ઉઠેલા આક્ષેપોની તપાસ ચાલી રહી હોવાથી તપાસની નિષ્પક્ષતા અને પંચાયતના દૈનિક વહીવટમાં કોઈ અવરોધ ન સર્જાય તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે.

તાલુકા વિકાસ અધિકારીએ જાહેર કરેલા આદેશમાં પંચાયતના તમામ રેકોર્ડ, ઠરાવ પુસ્તકો, રોકડ સિલક, ચેકબુક, બેંક ખાતા સંબંધિત દસ્તાવેજો તેમજ અન્ય સરકારી મિલકત અને દફતરી સામગ્રી તાત્કાલિક ઉપસરપંચને સોંપવા સૂચના આપવામાં આવી છે.

ઉપસરપંચ અને તલાટી-કમ-મંત્રીને સોંપણી-સ્વીકૃતિની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી તેનો વિગતવાર અહેવાલ ત્રણ દિવસની અંદર તાલુકા કચેરીમાં રજૂ કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. કાળીમહુડી ગામમાં આ કાર્યવાહી બાદ રાજકીય અને સામાજિક વર્તુળોમાં અનેક ચર્ચાઓ શરૂ થઈ છે. સરપંચ સામેની તપાસ શું નવા ખુલાસા કરશે અને આગળ તંત્ર શું પગલાં ભરે છે તેના પર હવે સૌની નજર મંડાઈ છે. જોકે, હાલ તંત્ર દ્વારા માત્ર તપાસની પ્રક્રિયા ચાલુ હોવાનું અને અંતિમ નિર્ણય તપાસના તારણો બાદ જ લેવામાં આવશે તેવું સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

ગ્રામ પંચાયતના ચૂંટાયેલા વડા પાસેથી વહીવટી સત્તાઓ પાછી ખેંચવાની કાર્યવાહી સામાન્ય બાબત નથી માનવામાં આવતી. તેથી કાળીમહુડી ગ્રામ પંચાયતનો આ મામલો સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો કેન્દ્ર બન્યો છે. હવે તપાસમાં શું બહાર આવે છે અને આગામી દિવસોમાં તંત્ર શું નિર્ણય લે છે તે જોવું રસપ્રદ રહેશે.

### ચાકલિયા ચેકપોસ્ટ પર મોટી કાર્યવાહી

# ડુંગળીના થેલાં નીચે છુપાવેલો રૂપિયા 5.70 લાખનો દારૂનો જથ્થો ઝડપાયો : 2 આરોપી ઝડપાયા, 1 વોન્ટેડ

**ઝાલોદ, પંકજ પંડિત**

ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના ચાકલિયા ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ દરમિયાન પોલીસે દારૂની હેરાફેરીના મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. ડુંગળીના થેલાંની આડમાં ભારતીય બનાવટનો ઈંગ્લિશ દારૂ ભરેલી પીકઅપ બોલેરો ગાડી સાથે બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે, જ્યારે દારૂનો જથ્થો સપ્લાય કરનાર એક આરોપી ફરાર હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ ચાકલિયા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ ચાકલિયા ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગમાં હતા. તે દરમિયાન મધ્યપ્રદેશ તરફથી આવતી પીકઅપ બોલેરો ગાડી નં. RJ-17-GB-



2169ને રોકવામાં આવી હતી. ગાડીમાં રહેલા બે ઈસમો સંતોષકારક જવાબ આપી શક્યા ન હોવાથી પોલીસને શંકા જતાં પંચોની હાજરીમાં વાહનની તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ગાડીમાં ઉપરના ભાગે ડુંગળીના થેલાં ગોઠવેલા જોવા મળ્યા હતા. જોકે ડુંગળીના થેલાં નીચે તપાસ કરતાં ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂ અને બિયરની પેટીઓનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પર જ દારૂની 85 પેટીઓમાં ભરેલી કુલ 2,040 બોટલો (અંદાજે 1,020 લિટર) કબજે કરી હતી. પોલીસે દારૂના જથ્થાની કિંમત રૂ. 2.55 લાખ, હેરાફેરીમાં વપરાયેલી પીકઅપ ગાડીની કિંમત રૂ. 3 લાખ તેમજ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 5.70 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે પીકઅપ ચલાવતા અરૂણ સુરેશકુમાર વર્મા (ઉ.વ. 27) તથા તેની સાથે રહેલા સમીર અનિલભાઈ વર્મા (ઉ.વ. 19), બંને રહેવાસી પચપહાડ, જિલ્લા ઝાલાવાડ (રાજસ્થાન)ને સ્થળ પરથી ઝડપી પાડ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં તેમની પાસે દારૂના પરિવહન માટે કોઈ પાસ-પરમિટ કે કાયદેસર આધાર પુરાવો મળી આવ્યો નહોતો.

તપાસ દરમિયાન દારૂનો જથ્થો રાજસ્થાનના પચપહાડ વિસ્તારમાં રહેતા સલમાન નામના વ્યક્તિએ ભરાવ્યો હોવાનું સામે આવ્યું છે. જોકે તે હાલ ફરાર હોવાનું પોલીસે જણાવ્યું છે. ચાકલિયા પોલીસે આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટની કલમ 65(E), 81, 98(2) અને 116(B) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ હવે દારૂની હેરાફેરીના નેટવર્ક અને તેમાં સંડોવાયેલા અન્ય શખ્સોની ભૂમિકા અંગે તપાસ કરી રહી છે.

# ઓવરલોડ મુસાફરો વહન કરતી ગાડીઓ સામે RTOનું લાલઆંખ

### રંગપુર અને છોટાઉદેપુર ક્ષેત્રમાંથી 6 વાહનો ડિટેઈન કરાયા : તુફાન ગાડીના અકસ્માત બાદ તંત્ર હરકતમાં આવ્યું

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુર જિલ્લામાં ગેરકાયદેસર અને ક્ષમતા કરતાં વધુ મુસાફરો ભરીને દોડતા વાહનો સામે પ્રાદેશિક પરિવહન વિભાગ (RTO) દ્વારા કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. RTOની ટીમે રંગપુર અને છોટાઉદેપુર આસપાસના વિસ્તારોમાં આકસ્મિક ચેકિંગ ડ્રાઈવ યોજીને નિયમોનું ઉલ્લંઘન કરતી ૬ જેટલી ગાડીઓ ઝડપી પાડી છે. આ તમામ વાહનો સામે કાયદેસરની દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ એક દિવસ અગાઉ જ આ વિસ્તારમાં મજૂરોથી ખિચોખિચ ભરેલી એક ઓવરલોડ તુફાન ગાડીનો ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટના બાદ સફાળે જાગેલા વહીવટી તંત્ર અને RTO વિભાગે તાબડતોબ એક્શન મોડમાં આવીને હાઈવે પર ચેકિંગ સઘન બનાવ્યું છે. મળતી માહિતી મુજબ, મધ્યપ્રદેશ અને ગુજરાતના સરહદી વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં ખેત મજૂરો રોજગારી માટે સૌરાષ્ટ્ર અને કાઠિયાવાડ તરફ સ્થળાંતર કરતા હોય છે. ખાનગી વાહન ચાલકો વધુ કમાણી કરવાની લાલચમાં ક્ષમતા કરતા બમણા મુસાફરો ગાડીઓમાં ભરે છે.

મજૂરોના જીવના જોખમે દોડતા આવા વાહનો સામે હવે RTOએ આકરી તવાઈ બોલાવી છે. આ અંગે RTO અધિકારીએ જણાવ્યું હતું કે, 'મધ્યપ્રદેશ અને ગુજરાતની બોર્ડર પરથી નિયમ વિરુદ્ધ મુસાફરોનું વહન કરતા વાહનોને સાંખી લેવામાં નહીં આવે. રંગપુર અને છોટાઉદેપુર પંથકમાંથી અત્યાર સુધીમાં ૬ વાહનો પર કડક કાર્યવાહી કરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રહેશે અને નિયમભંગ કરનારા તમામ વાહન ચાલકો સામે આકરા પગલાં લેવાશે

### જેતપુરમાં બાઇક ધીમે ચલાવવાનું કહેતા

# જીવલેણ હુમલો કરનાર આરોપીને 1 વર્ષની કેદ અને દંડની સજા ફટકારાઇ

**જેતપુર, સુરેશ ભાલીયા**

જેતપુર શહેરમાં વર્ષ ૨૦૨૧માં મોટરસાયકલ ધીમે ચલાવવા જેવી સામાન્ય બાબતે ઉશ્કેરાઈને સ્ટીલના પાઈપ વડે જીવલેણ હુમલો કરનાર આરોપીને જેતપુરની નામદાર કોર્ટે કસૂરવાર ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા અને રૂપિયા ૨૦૦૦/- નો દંડ ફટકાર્યો છે. ઘટનાની વિગત મુજબ, તા. ૦૫/૦૮/૨૦૨૧ના રોજ ફરિયાદી પોતાનું મોટરસાયકલ લઈને ઘરે જઈ રહ્યા હતા. તે સમયે આ કામનો આરોપી પોતાની મોટરસાયકલ લઈને પુરઝડપે ત્યાંથી પસાર થતાં ફરિયાદીએ તેને જોઈને ચલાવવાનું કહ્યું હતું. આ બાબતે આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપવા લાગ્યો હતો. ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપીએ પોતાની મોટરસાયકલમાંથી સ્ટીલનો પાઈપ કાઢી ફરિયાદીના માથામાં કાનની ઉપરના




ભાગે મારી ઈજા પહોંચાડી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં આઈપીસી કલમ-૩૨૪, ૨૯૪(ખ), ૫૦૬(૨) તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ગુનો નોંધાયો હતો. આ કેસમાં રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલિપ્ત રાય રાજકોટ ગ્રામ્યના પોલીસ અધીક્ષક વિજય સિંહ ગુર્જર તથા જેતપુર ડિવિઝનના નાયબ પોલીસ અધીક્ષક રોહિતસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ જેતપુર સીટી પોલીસ સ્ટેશનની તપાસ કરનાર ટીમ (પો.હેડ.કોન્સ. અજીતભાઈ ગંભીર અને સાગરભાઈ મકવાણા) દ્વારા યોગ્ય અને સચોટ પુરાવા મેળવી આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ રજુ કરવામાં આવી હતી. અદાલતમાં કેસ ચાલવા પર આવતા સરકારી વકીલ આર.કે.વસાવા દ્વારા ધારદાર દલીલો, ઉચ્ચ ન્યાયાલયના સિદ્ધાંતો અને અલગ-અલગ કોર્ટના ચુકાદાઓ રજુ કરવામાં આવ્યા હતા. જેના આધારે નામદાર જેતપુર કોર્ટે આરોપી યુવરાજ ભરતભાઈ માંજરીયા (રહે. પ્રકાશ મોલની બાજુમાં, જાગૃતિનગર, જેતપુર,) ને તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા તથા રૂ. ૨૦૦૦/- (બે હજાર પુરા) દંડની સજાનો હુકમ કર્યો છે.

### દેવગઢ બારીયા પોલીસ સ્ટેશનની પોલીસ ટીમે કેલીયા ગામેથી

# 2.67 લાખના દારૂ અને ચાર મોટર સાઇકલ સાથે દેવગઢ બારીયા પોલીસની સફળ કાર્યવાહી

**દેવગઢ બારિઆ, જાબીર શુક્લા**

દેવગઢ બારીયા પોલીસ સ્ટેશનની પોલીસ ટીમે કેલીયા ગામ વિસ્તારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ તેમજ દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી ચાર મોટર સાઇકલ સાથે કુલ રૂ. 2,67,448/- નો મુદ્દામાલ ઝડપી પાડવામાં સફળતા મળી છે. મળતી માહિતી મુજબ લીમખેડા નાયબ પોલીસ અધિક્ષક એ.કે. વાસવા નાઓના માર્ગદર્શન હેઠળ દેવગઢ બારીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કે.કે. રાજપુત અને તેમની ટીમ પ્રોહિબિશનના ગુનાઓ શોધી કાઢવા પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ખાનગી બાતમી મળી હતી. કે, સીમલાધસી ગામ તરફથી કેટલાક ઈસમો મોટર સાઇકલ પર ભારતીય બનાવટનો વિદેશી દારૂ લઈને ભુલવણ ગામ થઈ કેલીયા નદી વિસ્તારમાં આવવાના છે. જે બાતમીના આધારે પોલીસે કેલીયા ગામ નજીક નદી વિસ્તારમાં વોચ ગોઠવી હતી. દરમિયાન ચાર મોટર સાઇકલ પર દારૂની હેરાફેરી કરતા ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન અલગ-અલગ બ્રાન્ડની ભારતીય બનાવટના વિદેશી દારૂની 22 પેટીઓમાંથી કુલ 792 બોટલ નંગ મળી આવ્યા હતા. જેની કિંમત રૂ. 1,07,448/- થાય છે. ઉપરાંત દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી ચાર મોટર સાઇકલની અંદાજિત કિંમત રૂ. 1,60,000/- હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે દેવગઢ બારીયા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમ 65(ઈ), 116(બી), 98(2) તથા 81 મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. મુખ્ય આરોપી તરીકે ઈશ્વરભાઈ જાગરીયાભાઈ કીરાડ રહે. ગોળંબા તા. કઠીવાડા જિ.અલીરાજપુર (મધ્યપ્રદેશ) સહિત અન્ય મોટર સાઇકલ ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ડભોઈમાં નવા શૈક્ષણિક સત્રને લઈ બજારોમાં રોનક : ખરીદી માટે વાલીઓ-વિદ્યાર્થીઓની ભારે ભીડ

### શાળાઓ ફરીથી બાળકોના કલરવથી ધમધમી ઊઠશે, જેનો માહોલ અત્યારથી જ ડભોઈ શહેરના મુખ્ય બજારોમાં સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે

**ડભોઈ, ફકીરા ખત્રી**

ઉનાળુ વેકેશન પૂર્ણ થતાંની સાથે જ આગામી ૮મી જૂનથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થવા જઈ રહ્યું છે. શાળાઓ ફરીથી બાળકોના કલરવથી ધમધમી ઊઠશે, જેનો માહોલ અત્યારથી જ ડભોઈ શહેરના મુખ્ય બજારોમાં સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. ડભોઈ નગર સહિત આસપાસના ૧૧૯ જેટલા ગ્રામ્ય વિસ્તારોના વાલીઓ અને વિદ્યાર્થીઓ શૈક્ષણિક સાધન-સામગ્રીની ખરીદી કરવા માટે બજારોમાં ઉમટી પડ્યા છે, જેને પગલે મુખ્ય બજારોમાં ભારે ચહલ-પહલ અને ગ્રાહકોનો ધસારો જોવા મળી રહ્યો છે.

શહેરના ટાવર બજાર, લાલ બજાર, સ્ટેશન રોડ, એસ.ટી. ડેપો અને કંસારા બજાર જેવા તમામ વેપારી વિસ્તારોમાં પાઠ્યપુસ્તકો, નોટબુક, ચોપડા, દફતર અને સ્કૂલ યુનિફોર્મ ખરીદવા માટે વાલીઓની લાંબી કતારો જોવા



મળી રહી છે. યુનિફોર્મ માટે તૈયાર કપડાં તેમજ કાપડની ખરીદી કરવા ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો આવી રહ્યા છે.

આ વર્ષે વાલીઓ માટે એક મોટા રાહતના સમાચાર એ છે કે, સરકારે જીએસટી માળખામાં કરેલી અનુકૂળતાને કારણે ચોપડા અને શૈક્ષણિક સામગ્રીના ભાવમાં આશરે ૨૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. ભાવ ઘટવાને કારણે મોંઘવારીના આ સમયમાં વાલીઓએ મોટી આર્થિક રાહત અનુભવી છે અને તેમનામાં ખુશીનો માહોલ છે.

બીજી તરફ પુસ્તકોની ઉપલબ્ધતા અંગે બજારના વેપારી સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ધોરણ ૧ થી ૧૨ ના ગુજરાતી માધ્યમના તમામ પુસ્તકો પૂરતા પ્રમાણમાં આવી ગયા છે અને આ વખતે પુસ્તકોની ગુણવત્તા પણ ખૂબ જ ઉત્તમ છે. જોકે, અંગ્રેજી માધ્યમના પુસ્તકોમાં અત્યારે થોડી અછત કે તકલીફ જોવા મળી રહી છે. પરંતુ સ્થાનિક વેપારીઓનું કહેવું છે કે ટૂંક જ સમયમાં આ પુસ્તકોનો જથ્થો પણ બજારમાં આવી જશે, જેથી વાલીઓએ બહુ પરેશાન થવાની જરૂર નથી. એકંદરે નવા સત્રને આવકારવા ડભોઈના બજારો અને જનતા સંપૂર્ણ તૈયાર દેખાઈ રહ્યા છે.

# ગોધરામાં સદભાવના સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સ્નેહ મિલન સમારોહનું ભવ્ય આયોજન

**ગોધરા, ફિરદોસ ગુણીયા**

ગોધરામાં સદભાવના સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત સ્નેહ મિલન સમારોહમાં નગરપાલિકાના નવનિયુક્ત સભ્યો અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવોનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરના સર્વાંગી વિકાસ, જનસેવા અને સુશાસન જેવા લોકહિતના મુદ્દાઓ પર ઉપસ્થિત આગેવાનો વચ્ચે રચનાત્મક ચર્ચા થઈ



હતી અને સાથે મળીને કાર્ય કરવાનો સંકલ્પ લેવાયો હતો. આ ગરિમામય કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા પોલીસ વડા (SP) હરેશ દુધાત, DYSP બ્રિન્દા જાડેજા, પાલિકા પ્રમુખ જશોદાબેન પ્રજાપતિ, ઉપપ્રમુખ ઈશાંતભાઈ સોની અને APMC ચેરમેન માલવદીપસિંહ રાઉલજી સહિત મોટી સંખ્યામાં સામાજિક-રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સમારોહ એકતા, સૌહાર્દ અને જનસેવાના સંકલ્પ સાથે ખૂબ જ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# હિંમતનગરના માથાસુલિયા ગામે રાત્રે એક ઘરમાંથી 8 લાખની સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી

### તસ્કરોએ ઘરના પાછળના ભાગે રસોડાની લોખંડની જાળીના સળિયા તોડી અંદર પ્રવેશ કર્યો હતો

**ઈડર, જાકીર મેમણ**

માથાસુલિયા ગામે 8 લાખની ચોરીપરિવાર ઓસરીમાં સૂતો હતો, તસ્કરો રસોડાની જાળી તોડી ઘૂસ્ય સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના માથાસુલિયા ગામે રાત્રે એક ઘરમાંથી આશરે 8 લાખ રૂપિયાની સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી થઈ હતી. પરિવારના સભ્યો ઘરની આગળ ઓસરીમાં સૂતા હતા ત્યારે તસ્કરોએ ઘરના પાછળના ભાગે રસોડાની લોખંડની જાળીના સળિયા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. આ અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં શનિવારે રાત્રે ફરિયાદ નોંધાઈ છે. ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં હિંમતનગરના માથાસુલિયા ગામે રહેતા ખેડૂત જગતસિંહ ભાથીસિંહ પરમારે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, 5 જૂન શુક્રવારે રાત્રે 11 વાગ્યાથી 6 જૂન શનિવારે સવારે 6 કલાક દરમિયાન આ ઘટના બની હતી. તસ્કરોએ



જૂના પતરાવાળા મકાનના પાછળના ભાગે આવેલા રસોડામાં લગાવેલ લોખંડના સળિયાવાળી જાળી તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો ચોરોએ લોખંડની તિજોરીમાંથી એક જોડ ચાંદીના હાથા (આશરે 500 ગ્રામ, કિંમત 50,000), એક જોડ ચાંદીના છડા (આશરે 200 ગ્રામ, કિંમત 20,000), એક તોલાનું સોનાનું લોકેટ (કિંમત 1,10,000), એક-એક તોલાના બે સોનાના દોરા (કિંમત 2,20,000), આશરે છ ગ્રામની બે સોનાની વીંટી (કિંમત 60,000) ચોરી લીધા હતા. આ ઉપરાંત, નાના દીકરાના લગ્ન વખતે તેની પત્ની ભારતીબાને તેમના માતા-પિતાએ કરિયાવરમાં આપેલા દાગીના પણ ચોરાયા હતા. જેમાં આશરે 500 ગ્રામના ચાંદીના કડલા (કિંમત 50,000), આશરે 200 ગ્રામના ચાંદીના છડા (કિંમત 20,000), એક તોલાનું સોનાનું લોકેટ (કિંમત 1,10,000), આશરે છ ગ્રામની બે સોનાની વીંટી (કિંમત 60,000) અને આશરે આઠ ગ્રામની ચાર સોનાની બુટ્ટી (કિંમત 80,000)નો સમાવેશ થાય છે. તસ્કરો 500ના દરની 48 નોટો મળી કુલ 24,000 રોકડા પણ ચોરી ગયા હતા. આમ, કુલ 8,04,000ની મત્તાની ચોરી થઈ હતી.આ અંગે ગાંભોઈ પોલીસે ચોરીનો ગુનો નોંધી LCB સહિત વિવિધ એજન્સીઓની મદદથી તપાસ હાથ ધરી છે.



## ચોક્કસ ઉંમર પછી અભિનેત્રીઓ માટે તકો સીમિત રહી જાય છેઃ તાપસી

# તાપસી પન્નુ બોલીવુડમાં ઉંમરના ભેદભાવ પર ભડકી, સાઉથ ઇન્ડસ્ટ્રીમાં પણ ભેદભાવ જોયુ

મુંબઇ

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મહિલા અભિનેત્રીઓ માટે ઉંમરનો ભેદભાવ એ એક મોટો પડકાર છે, જયારે બીજી તરફ પુરુષ અભિનેતાઓને ઉંમર નડતી નથી. તેમની મોટી ઉંમર હોવા છતાં 'રોમકોમ' ફિલ્મમાં મુખ્ય પાત્ર ભજવવાની તક મળે છે, જ્યારે ચોક્કસ ઉંમર પછી અભિનેત્રીઓ માટે તકો સીમિત રહી જાય છે. અભિનેત્રી તાપસી પન્નૂએ તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન આ ભેદભાવ વિશે દિલ ખોલીને ચર્ચા કરી હતી. તાપસીએ બોલીવુડ અને સાઉથ એમ બંને ઈન્ડસ્ટ્રીમાં કામ કર્યું છે. તેને બંને જગ્યાએ આ ભેદભાવ જોવા મળ્યો છે. એક ઈન્ટરવ્યૂમાં તાપસીએ જણાવ્યું હતું કે અમુક ખાસ રોલ માટે તેને ઉંમરના કારણે રિજેક્ટ કરવામાં આવી હતી. આ વિશે વાત કરતા તેણે આગળ કહ્યું કે જયારે તે 20-25 વર્ષની ઉંમરે બોલીવુડમાં આવી ત્યારે સારા રોલ મેળવવા માટે તેને ત્રણ-ચાર વર્ષ સુધી સંઘર્ષ કરવો પડ્યો હતો. તાપસીએ કહ્યું હતું કે, જયાં સુધી તમે પોતાની ઓળખ બનાવો છો ત્યાં તો તમે 30 વર્ષના થઇ ગયા હોવ છો, ત્યારબાદ તેઓ કહે છે કે, રોમ-કોમ ફિલ્મો માટે તમારી ઉંમર વધુ છે. આવા રોલ માટે વાસ્તવમાં કોઈ નાની ઉંમરની વ્યક્તિની જરૂર જ નથી હોતી. છતાં તેઓ નાની વયની અભિનેત્રીને લેવા માંગે છે. પુરુષો સાથે આમ થતું નથી, જે વાત બધાને ખબર છે. ઉંમરના આધારે ભેદભાવ થવો એ હકીકતમાં ગંભીર બાબત છે તેવું તાપસીનું માનવું છે. તાપસીએ આગળ ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, તેણે સાઉથ ઈન્ડસ્ટ્રીમાં પણ અભિનેત્રીઓ સાથે આ ભેદભાવ થતો જોયો છે. જયારે તેને કોઈ સિનિઅર એક્ટર સાથે કાસ્ટ કરવામાં ત્યારે નાની ઉંમરના એક્ટર સાથે કાસ્ટ કરવામાં આવે, ત્યારે નાની ઉંમરના એક્ટરો તેની સાથે કામ કરવા નહોતા ઈચ્છતા. તેઓ તાપસીને કહેતા કે તમે સિનિયર અભિનેતા સાથે કામ કરી ચૂક્યા છો તો હવે અમારી સાથે. ત્યાર બાદ તાપસીએ બોલીવુડ વિશે વાત કરતા કહ્યું કે શાહરુખ ખાન માટે એવું બોલવાની હિમ્મત કોઈ ના કરી શકે. શાહરુખ ખાન સાથે કામ કર્યા પછી દરેક અભિનેત્રીની લાઈફ બદલાઈ જાય છે. આ રૂઢિવાદી વિચારધારા બોલીવુડમાં નથી પણ સાઉથમાં વધારે છે. તાપસીએ કહ્યું હતું કે ખૂબ સંઘર્ષ પછી તેણે આ સચ્ચાઈનો સ્વીકાર કરી લીધો હતો અને હવે તેણે એવા રોલ કરવાનું પસંદ કર્યું જેનાથી તેને આત્મસંતોષ મળે. તાપસી પન્નુના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો છેલ્લે અનુભવ સિંહાની લીગલ ડ્રામા ફિલ્મ 'અસ્સી'માં મોટા પડદે જોવા મળી હતી.

**તાપસીએ બોલીવુડ અને સાઉથ એમ બંને ઇન્ડસ્ટ્રીમાં કામ કર્યું છે.**

# રકુલ પ્રીત સિંઘે ટ્રોલરોની જોરદાર ઝાટકણી કાઢી

## રકુલે પોતે કોસ્મેટીક સર્જરી કરાવી હોવાની અફવા ફગાવી, પતિએ લગ્ન વિશે મજાક કરતા ટ્રોલિંગ થયું



મુંબઇ

રકુલ પ્રીત સિંઘે ઓનલાઈન ટીકાકારોનો વારંવાર આત્મવિશ્વાસ અને સૌમ્યતાથી સામનો કર્યો છે. તેના પતિ જેકી ભગનાનીએ રમૂજમાં તેમના લગ્નને પરિસ્થિતિજન્ય ગણાવ્યા ત્યારે તેણે ભારે ઓનલાઈન ટ્રોલિંગનો સામનો કરવો પડયો હતો. રકુલે સ્પષ્ટતા કરી કે આ નિવેદનને કોઈપણ સંદર્ભ વિના લેવામાં આવ્યું છે. ત્યાર પછી કપલે એક હળવો વાયરલ વીડિયો શેર કર્યો જેમાં તેણે ભગનાનીની જેન ઝીની જેમ વાત કરવા માટે મજાક કરી. રકુલે ઓનલાઈન નકારાત્મકતા રોકવા સોશિયલ મીડિયા એકાઉન્ટને આધાર સાથે જોડવાની પણ અપીલ કરી. રકુલે પોતે કોસ્મેટીક સર્જરી કરાવતી હોવાની અટકળોનો પણ જવાબ આપ્યો, જ્યારે પોતાને ડોક્ટર ગણાવતા કોઈ વ્યક્તિએ રકુલ તેની પાસે નાકની સર્જરી કરાવતી હોવાનો દાવો કર્યો. રકુલે તુરંત પ્રતિસાદ આપતા ફોલોઅર્સને આવા ગેરમાર્ગે દોરતા મેડિકલ દાવા વિશે સાવધ રહેવાની તાકીદ કરી અને સ્પષ્ટતા કરી કે તેના દેખાવમાં વજન ઘટાડા તેમજ શિસ્તબદ્ધ ફિટનેસને કારણે ફેરફાર થયો હતો. એવી જ રીતે કેટલાક સોશિયલ મીડિયા વપરાશકારોને 'દે દે પ્યાર દે ટુ'માં વય તફાવતની ટીકાનો પણ જવાબ આપતા પ્રોજેક્ટનો બચાવ કર્યો હતો. તેણે જણાવ્યું કે વયનો તફાવત જ ફિલ્મનો મુખ્ય થીમ હતો. રકુલે પોતે કોસ્મેટીક સર્જરી કરાવતી હોવાની અટકળોનો પણ જવાબ આપ્યો, જ્યારે પોતાને ડોક્ટર ગણાવતા કોઈ વ્યક્તિએ રકુલ તેની પાસે નાકની સર્જરી કરાવતી હોવાનો દાવો કર્યો. રકુલે તુરંત પ્રતિસાદ આપતા ફોલોઅર્સને આવા ગેરમાર્ગે દોરતા મેડિકલ દાવા વિશે સાવધ રહેવાની તાકીદ કરી. રકુલ પ્રીત સિંઘે ઓનલાઈન ટીકાકારોનો વારંવાર આત્મવિશ્વાસ અને સૌમ્યતાથી સામનો કર્યો છે. તેના પતિ જેકી ભગનાનીએ રમૂજમાં તેમના લગ્નને પરિસ્થિતિજન્ય ગણાવ્યા ત્યારે તેણે ભારે ઓનલાઈન ટ્રોલિંગનો સામનો કરવો પડયો હતો. રકુલે સ્પષ્ટતા કરી કે આ નિવેદનને કોઈપણ સંદર્ભ વિના લેવામાં આવ્યું છે.


# અવનીત કૌરે શેર કર્યા બિચ મૂડના ફોટોઝ, કાતિલ પોઝે ઇન્ટરનેટનો પારો ચઢાવોય

## ટીવી એક્ટ્રેસ સ્કિન પર દમદાર પર્ફોમન્સ આપે છે પણ જ્યારે એને સોશિયલ મીડિયાની નજરેથી જોવામાં આવે તો એ પણ કોઇ ઇન્ફ્લુએન્સરથી કમ નથી. વાત છે ટીવી એક્ટ્રેસ અવનીત કૌરની

મુંબઇ

ટીવી એક્ટ્રેસ સ્કિન પર દમદાર પર્ફોમન્સ આપે છે પણ જ્યારે એને સોશિયલ મીડિયાની નજરેથી જોવામાં આવે તો એ પણ કોઈ ઈન્ફ્લુએન્સરથી કમ નથી. વાત છે ટીવી એક્ટ્રેસ અવનીત કૌરની. અવનીત સોશિયટ મીડિયા પર સૌથી વધારે એક્ટિવ રહેતી એક્ટ્રેસ પૈકીની એક છે. લાખોની સંખ્યામાં એના ફોલોઅર્સ છે અને સમયાંતરે એ પોતાના ફોટો-વીડિયો પોસ્ટ કરતી રહે છે. તાજેતરમાં તેણે એવી મસ્ત પોસ્ટ મૂકી કે, ફેન્સ એના દિવાના થઈ ગયા હતા. વેકેશન મૂડમાં અવનીત અવનીત હાલમાં વેકેશન એન્જોય કરી રહી છે. અમેરિકાના ફ્લોરિડા સિટીને એક્સપ્લોર કર્યા બાદ તે બીચ પર પહોંચી હતી. બીચ લૂકમાં અને બિકિની અવતારમાં તેણે જે ફોટો ક્લિક કરાવ્યા એ દમદાર હતા. આ તમામ ફોટો તેણે સોશિય મીડિયા પર શૅર કર્યા છે. અહીં એક્ટ્રેસનો ગ્લેમર અવતાર જોવા મળ્યો હતો. બ્લુ બિકિની પીસમાં એનો નેચરલ લૂક પણ જોરદાર રહ્યો છે. રેતીની વચ્ચે જોરદાર પોઝ આપીને ફોટો ક્લિક કર્યા હતા. આ લૂક જોઈને ફેન્સ ફિદા થઈ ગયા હતા. કોમેન્ટમાં એકથી એક ચડિયાતી કોમેન્ટનો વરસાદ કર્યો હતો. મિયામી બિચ પર અવનીતે દિલ ખોલીને ફોટો પડાવ્યા હતા. એના દરેક ફોટો પરથી નજર હટે એમ નથી. એનો આ અવતાર ફેન્સને પસંદ પડી રહ્યો છે. સમુદ્ર કિનારે સ્ટાઈલ અને કોન્ફિડન્સનો પણ સંગમ જોવા મળ્યો હતો, જે એના ચહેરા પર દેખાઈ રહ્યો છે. લાખોમાં મળી લાઈક્સ આ ફોટો શૅર કરીને અવનીતે લખ્યું હતું કે, 'અગર મૈં ગાયબ હો જાઉ તો સમજો કે મૈં મિયામી મેં હું', આ ફોટો પરની લાઈક્સની સંખ્યા લાખોમાં છે. 'ડાન્સ ઈન્ડિયા ડાન્સ લિટર માસ્ટર', 'ઝલક દિખલાજા-5','મર્દાની' જેવા સફળ પ્રોજેક્ટ પર તેણે સારૂ એવું કામ કર્યું છે. ટીવીની દુનિયામાં જાણીતી એક્ટ્રેસની વાત કરવામાં આવે તો અવનીતનું નામ ટોપ 5માં આવે છે. ઈન્સ્ટાગ્રામ સોશિયલ મીડિયા પર અવનીતના 30 મિલિયન ફોલોઅર્સ છે. ટીવી એક્ટ્રેસ સ્કિન પર દમદાર પર્ફોમન્સ આપે છે પણ જ્યારે એને સોશિયલ મીડિયાની નજરેથી જોવામાં આવે તો એ પણ કોઈ ઈન્ફ્લુએન્સરથી કમ નથી.





# રામ ચરણની ફિલ્મ 'પેદ્દી' 190 કરોડને પાર, ત્રીજા દિવસે ગતિ થોડી ધીમી પડી

## જો આગામી અઠવાડિયાના વર્કિંગ ડેઝમાં ફિલ્મની કમાણી સ્થિર રહેશે, તો આ ફિલ્મ પોતાનું બજેટ સરળતાથી રિકવર કરી લેશે

મુંબઇ

ગ્લોબલ સ્ટાર રામ ચરણની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'પેદ્દી' (Peddi) એ થિયેટરોમાં શાનદાર ઓપનિંગ સાથે ધમાકેદાર શરૂઆત કરી હતી. ફિલ્મે ભારતમાં પહેલા જ દિવસે 51 રૂપિયા કરોડથી વધુની બમ્પર કમાણી કરી હતી અને શરૂઆતના બે દિવસમાં જ વર્લ્ડવાઈડ 150 રૂપિયા કરોડનો આંકડો પાર કરી દીધો હતો. જો કે, હવે ત્રીજા દિવસે ફિલ્મની કમાણીની ગતિ થોડી ધીમી પડતી દેખાઈ રહી છે, તેમ છતાં કમાણીનો આંકડો 190 કરોડ રૂપિયાને પાર પહોંચી ગયો છે. વર્લ્ડવાઈડ કમાણી 191 રૂપિયા કરોડ પાર કમાણીનાં આંકડા પ્રમાણે 'પેદ્દી' ફિલ્મે તેના રિલીઝના ત્રીજા દિવસે (રવિવારે) ભારતમાં રૂપિયા 28.85 કરોડ નું નેટ કલેક્શન કર્યું છે. આ સાથે જ ફિલ્મનું ભારતમાં કુલ નેટ કલેક્શન રૂપિયા 125.25 કરોડ પર પહોંચી ગયું છે. ભલે કમાણીની સ્પીડ થોડી ઓછી થઈ હોય, પરંતુ જો વૈશ્વિક સ્તરે વાત કરીએ તો આ ફિલ્મે માત્ર ત્રણ દિવસમાં જ રૂપિયા 191.07 કરોડ નો આંકડો પાર કરી લીધો છે. રામ ચરણ માટે 'પેદ્દી' કેમ મહત્વની છે? ઐતિહાસિક બ્લોકબસ્ટર ફિલ્મ 'RRR' પછી રામ ચરણની આ ત્રીજી રિલીઝ છે. RRR ની વૈશ્વિક સફળતા બાદ તેમની આગામી બે ફિલ્મો 'આચાર્ય' અને 'ગેમ ચેન્જર' બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી. જેમાં 'ગેમ ચેન્જર' નું બજેટ રૂપિયા 450 કરોડથી વધુ હોવાનું કહેવાય છે. આ નવી ફિલ્મ 'પેદ્દી' આશરે રૂપિયા 350 કરોડના બજેટમાં તૈયાર કરવામાં આવી છે. ફિલ્મમાં રામ ચરણ અને જાનવી કપૂર ઉપરાંત રવિ કિશન, શિવા રાજકુમાર અને જગપતિ બાબુ જેવા દિગ્ગજ કલાકારો મહત્વની ભૂમિકામાં છે. ભાષા પ્રમાણે કમાણીની વાત કરવામાં આવે તો, આ ફિલ્મે હિંદી ભાષામાં 7.31 કરોડ રૂપિયા. કન્નડમાં 57 લાખ, મલયાલમ ભાષામાં 13 લાખ રૂપિયા અને તમિલ ભાષામાં 93 લાખ રૂપિયાની કમાણી કરી છે. મહત્વની વાત એ છે કે, આ ફિલ્મે તેલુગુ ભાષામાં 107 કરોડ રૂપિયાનો વેપાર કર્યો છે. જો આગામી અઠવાડિયાના વર્કિંગ ડેઝમાં ફિલ્મની કમાણી સ્થિર રહેશે, તો આ ફિલ્મ પોતાનું બજેટ સરળતાથી રિકવર કરી લેશે.

# વિક્રમ ભટ્ટનો ચોંકાવનારો ખુલાસોઃ 'હું સુષ્મિતા સેનને ડેટ કરતો હતો, પણ મારી પાસે ઝેર ખાવાના પૈસા નહોતા'

બેંગલુરુ

મુંબઈઃ વિક્રમ ભટ્ટ બોલીવુડના એક જાણીતા દિગ્દર્શક છે. ભૂતકાળમાં સુષ્મિતા સેન સાથેનો તેમનો સંબંધ ઘણો ચર્ચામાં રહ્યો હતો. આ સંબંધ વિશે ચર્ચા કરતા વિક્રમ ભટ્ટે કહ્યું હતું કે 'મેં આમિર ખાન અને રાની મુખર્જી સાથે એક ફિલ્મ કરી હતી અને મારી ગર્લફ્રેન્ડ મિસ યુનિવર્સ હતી, પરંતુ એ સમયે મારી પાસે પૈસા નહોતા. હું ફકીર જેવી જિંદગી જીવતો હતો.' વિક્રમ ભટ્ટે આ વાત સુષ્મિતા સેન પર લાગેલા ગોલ્ડ ડીગર (પૈસા પાછળ ભાગનારી) આરોપોના જવાબમાં કહી હતી. આ તમામ આરોપોને ફગાવીને દિગ્દર્શક વિક્રમ ભટ્ટે સુષ્મિતાના જોરદાર વખાણ કર્યા હતા. તેમણે દાવો કર્યો હતે મુશ્કેલીના સમયમાં સુષ્મિતાએ હંમેશાં તેમનો સાથ આપ્યો હતો અને એ દિવસોમાં તમામ ખર્ચ સુષ્મિતા જ ઉપાડતી હતી. વાત જાણે એમ છે કે વર્ષ 1996માં જ્યારે બોલીવુડના દિગ્ગજ ડાયરેક્ટર મહેશ ભટ્ટ સાયકોલોજિકલ થ્રિલર ફિલ્મ 'દસ્તક'નું શૂટિંગ કરી રહ્યા હતા, ત્યારે વિક્રમ ભટ્ટ મહેશ ભટ્ટના આસિસ્ટન્ટ તરીકે કામ કરી રહ્યા હતા. એ સમયે વિક્રમ ભટ્ટ પોતાની પત્ની અદિતિ સાથે અલગ થઈ ચુક્યા હતા. તે સમયે વિક્રમ ભટ્ટ સુષ્મિતા સેનને ડેટ કરી રહ્યા હતા. જોકે,થોડા જ સમયમાં બંને અલગ થયા હતા. વિક્રમ ભટ્ટ આજે પણ સુષ્મિતા સાથે વિતાવેલી પળોને યાદ કરે છે અને મુશ્કેલીમાં હંમેશાં તે વહારે આવે છે. એક ઈન્ટરવ્યૂમાં પોતાના સંઘર્ષના દિવસોને યાદ કરી વિક્રમ ભટ્ટે કહ્યું હતું કે, 'હું એક સ્ટ્રગલિંગ ડિરેક્ટર હતો. એ વખતે તો મારી પાસે ઝેર ખાવાના પૈસા પણ નહોતા. એક તરફ હું આમિર ખાનને ડાયરેક્ટ કરી રહ્યો હતો. બીજી તરફ મિસ યુનિવર્સને ડેટ કરી રહ્યો હતો, પણ અંદરથી સાવ હું કંગાળ હતો. મારી પાસે સીડી (CD) ખરીદવાના પૈસા પણ નહોતા. મેં એક ફકીરની જેમ જીવન વિતાવ્યું હતું.' આ ઈન્ટરવ્યૂ દરમિયાન વિક્રમ ભટ્ટે પોતાના જીવનના દરેક સારા-નરસા અનુભવો પર ખુલ્લા મને ચર્ચા કરી હતી. બીજી તરફ તેમના જીવનના સંઘર્ષની ગાથા પણ કહી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે તેમને 70 દિવસ જેલમાં વિતાવવા પડ્યા હતા. તમને જણાવી દઈએ કે, સુપરહિટ દિગ્દર્શક હોવાની સાથે સાથે વિક્રમ ભટ્ટ એક ઉત્તમ સંગીતકાર પણ છે અને તેમની ફિલ્મોના ગીતો આજે પણ લોકોના દિલમાં વસેલા છે.



પાક્કો ગુજરાત
સોમવાર | 08 જૂન 2026 | અમદાવાદ

### સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા એક પ્રોમોમાં વૈભવ સૂર્યવંશીનો હુંકાર

# મારે ફક્ત રમવું નથી, 20 વર્ષ સુધી ક્રિકેટ જગત પર રાજ કરવું છે: સૂર્યવંશી

મુંબઈ

આઈપીએલ 2026 (IPL 2026) માં બેટિંગથી ધમાકો મચાવનારા અને તાજેતરમાં જ ભારતીય ટી-20 ટીમમાં પસંદગી પામેલા ડાબોડી યુવા ઓપનર વૈભવ સૂર્યવંશીએ પોતાના ઈરાદા સ્પષ્ટ કરી દીધા છે. રાજસ્થાન રોયલ્સ (Rajasthan Royals) દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા એક ખાસ ઈન્ટરવ્યૂના પ્રોમોમાં વૈભવ સૂર્યવંશીએ હુંકાર ભરતા જણાવ્યું છે કે, તે ક્રિકેટના મેદાન પર ફક્ત રમવા માટે નથી આવ્યો, પરંતુ આગામી બે દાયકા (20 વર્ષ) સુધી વર્લ્ડ ક્રિકેટ પર પ્રભુત્વ જમાવવા (Dominate કરવા) માટે આવ્યો છે. આઈપીએલ 2026 ના ફાઈનલ મેચ બાદ વૈભવે ટીમ મેનેજર રોમી ભિન્ડરને આપેલા ઈન્ટરવ્યૂમાં દિગ્ગજ ક્રિકેટર વિરાટ કોહલી સાથેની મુલાકાતનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. વૈભવે ભાવુક થતા કહ્યું, 'જ્યારે વિરાટ ભૈયાએ આવીને મારા ખભા પર હાથ મૂક્યો, ત્યારે મને ખરેખર એવું લાગી રહ્યું હતું કે મારું કોઈ મોટું સપનું પૂરું થઈ ગયું છે. તે પળ મારા માટે અવિસ્મરણીય હતી.' ઓરેન્જ કેપ અને એવોર્ડ્સ પર મોટો ખુલાસો ટૂર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવીને 'ઓરેન્જ કેપ' જીતવા અંગે વૈભવે રસપ્રદ વાત શેર કરી હતી. તેણે કહ્યું, 'મારું સપનું હતું કે હું આ કેપને માત્ર એક વાર અડીને જોઉં. મેં આખી ટૂર્નામેન્ટ દરમિયાન આના વિશે વિચાર્યું નહોતું, કારણ કે જો વધારે વિચારો તો નજર લાગી જાય છે! હું બસ એટલું જ ઈચ્છતો હતો કે જે પણ સ્ટેજ પર રમું, ત્યાં મારું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપું.' વૈભવે આઈપીએલ 2026 ની ફાઈનલ બાદ એક કે બે નહીં, પરંતુ ઓરેન્જ કેપ, પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ, સુપરસ્ટ્રાઈકર ઓફ ધ સિઝન, ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ સિઝન અને સિઝનમાં સૌથી વધુ સિક્સર ફટકારવા સહિતના કુલ 5 મોટા એવોર્ડ્સ પોતાના નામે કર્યા હતા. રાજસ્થાન રોયલ્સ ફાઈનલમાં ન પહોંચી શકી તે અંગે અફસોસ વ્યક્ત કરતા વૈભવે કહ્યું કે, જો છેલ્લી મેચમાં વહેલી વિકેટો ન પડી હોત તો અમે ફાઈનલ બહાર બેસીને જોતા ન હોત, પણ મેદાન પર રમી રહ્યા હોત. આગામી વર્ષોમાં ટીમ માટે 2, 3, 4 કે 5 ટ્રોફી જીતવાનો તેણે આત્મવિશ્વાસ દર્શાવ્યો હતો. રેડ બોલ (ટેસ્ટ) ક્રિકેટ વિશે વાત કરતા આ યુવા સ્ટારે જણાવ્યું, 'મને રેડ બોલ ક્રિકેટ રમવું ખૂબ ગમે છે અને હું તેનાથી જ પ્રેક્ટિસ પણ કરું છું. મારું સપનું ભારત માટે ત્રણેય ફોર્મેટ (ટેસ્ટ, વનડે, ટી-20) રમવાનું છે અને એવું રમવું છે કે આગામી 10 થી 20 વર્ષ સુધી મારો દબદબો રહે.' નોંધનીય છે કે, આઈપીએલના શાનદાર પ્રદર્શનના જોરે વૈભવ સૂર્યવંશીની ભારતીય સીનિયર ટીમમાં પસંદગી થઈ ચૂકી છે અને તે આગામી આયર્લેન્ડ પ્રવાસ, ઈંગ્લેન્ડ પ્રવાસ તેમજ એશિયન ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતો જોવા મળશે.



## પ્રથમ ટેસ્ટમાં ભારતીય ઈનિંગ્સ 564/8 પર ડિક્લેર

ચંડીગઢ

ન્યૂ ચંદીગઢમાં અફઘાનિસ્તાન સામે રમાઈ રહેલી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમ સંપૂર્ણપણે હાવી થઈ ગઈ છે. ભારતે રવિવારે બીજા સેશનમાં 8 વિકેટે 564 રન બનાવીને પ્રથમ દાવ ડિક્લેર કર્યો હતો. ગિલ અને રાહુલની સદી, 3 બેટ્સમેનોએ ફિફ્ટી ફટકારી કેપ્ટન શુભમન ગિલે સૌથી વધુ 126 રન બનાવ્યા. ઓપનર કેએલ રાહુલે 100 રનની ઈનિંગ રમી. પંત અને સાઈ સુદર્શને 81-81 રન બનાવ્યા. વોશિંગ્ટન સુંદર 52 અને કુલદીપ યાદવ 9 રન બનાવીને અણનમ રહ્યા. ડેબ્યૂ મેચ રમી રહેલા માનવ સુથારે 28, યશસ્વી જયસ્વાલે 24 અને ધ્રુવ જુરેલે 19 રન બનાવ્યા. મોહમ્મદ સિરાજે 12 બોલમાં 22 રન બનાવ્યા. અફઘાનિસ્તાન તરફથી મોહમ્મદ સલીમ સફીએ 6 વિકેટ લીધી. ઝિયાઉર રહેમાન અને હશમતુલ્લાહ શાહિદીને એક-એક વિકેટ મળી. મેચ સ્કોરબોર્ડ 15મી ઓવરના ચોથા બોલ પર અફઘાનિસ્તાને 50 રનનો આંકડો પાર કરી લીધો છે. ગુરબાઝને કુલદીપ યાદવના બોલ પર ચોગ્ગો મળ્યો અને ટીમનો સ્કોર 50 પાર પહોંચી ગયો. કુલદીપના બોલે બેટનો બહારનો કિનારો લીધો અને પહેલા સ્લિપ પાસેથી બાઉન્ડ્રી લાઇન પાર કરી ગયો. અફઘાનિસ્તાને 9મી ઓવરમાં બીજી વિકેટ ગુમાવી. ન્યૂ ચંદીગઢમાં અફઘાનિસ્તાન સામે રમાઈ રહેલી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમ સંપૂર્ણપણે હાવી થઈ ગઈ છે. ભારતે રવિવારે બીજા સેશનમાં 8 વિકેટે 564 રન બનાવીને પ્રથમ દાવ ડિક્લેર કર્યો હતો. ગિલ અને રાહુલની સદી, 3 બેટ્સમેનોએ ફિફ્ટી ફટકારી કેપ્ટન શુભમન ગિલે સૌથી વધુ 126 રન બનાવ્યા. ઓપનર કેએલ રાહુલે 100 રનની ઈનિંગ રમી. પંત અને સાઈ સુદર્શને 81-81 રન બનાવ્યા. વોશિંગ્ટન સુંદર 52 અને કુલદીપ યાદવ 9 રન બનાવીને અણનમ રહ્યા. ડેબ્યૂ મેચ રમી રહેલા માનવ સુથારે 28, યશસ્વી જયસ્વાલે 24 અને ધ્રુવ જુરેલે 19 રન બનાવ્યા. મોહમ્મદ સિરાજે 12 બોલમાં 22 રન બનાવ્યા.

### સૂર્યકુમાર યાદવે શ્રેયસ અય્યરને પાઠવ્યા અભિનંદન

# કેપ્ટન્સી ગઈ, ટીમમાંથી પણ હકાલપટ્ટી છતાં સૂર્યાકુમાર યાદવે જીત્યું દિલ!

મુંબઈ

ભારતને T20 વર્લ્ડ કપ જીતાડનારા કેપ્ટન સૂર્યકુમાર યાદવને ભારતીય ટી20 ટીમની કેપ્ટનશીપ પરથી હટાવી દેવામાં આવ્યો છે અને તેના સ્થાને શ્રેયસ અય્યરને નવા કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. જે બાદ સૂર્યકુમાર યાદવે પહેલીવાર પ્રતિક્રિયા આપી છે. સૂર્યકુમાર યાદવે શ્રેયસ અય્યરને પાઠવ્યા અભિનંદન સૂર્યકુમાર યાદવે કહ્યું કે, હું ખુશ છું કે ભારતીય ટી20 ટીમના છેલ્લા ત્રણેય કેપ્ટન મુંબઈના જ રહ્યા છે. મુંબઈ T20 લીગમાં ટ્રાયમ્ફ નાઈટ્સ MNE અને સોબો મુંબઈ ફાલ્કન્સ વચ્ચેની મેચના ટોસ દરમિયાન વાત કરતા સૂર્યકુમાર યાદવે શ્રેયસ અય્યરને ટીમમાં વાપસી અને કેપ્ટન બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ટીમમાંથી પડતા મૂકાયાના ગણતરીના કલાકોમાં જ




સૂર્યાએ મોટું દિલ રાખતા કહ્યું કે, શ્રેયસ માટે ખૂબ જ ખુશ છું કે તે ભારતીય T20I ટીમનો કેપ્ટન બન્યો છે. અમે અહીં મુંબઈમાં સાથે રમ્યા છીએ અને એ જાણીને ખુશી છે કે ભારતના છેલ્લા ત્રણ T20 કેપ્ટન મુંબઈમાંથી જ આવ્યા છે. આ સાથે જ સૂર્યાએ ઈન્સ્ટાગ્રામ પર આ શાનદાર અને યુવા ટીમનો ફોટો શેર કરતા લખ્યું, કે આ અત્યંત પ્રતિભાશાળી ટીમને આગળ આવનારા તમામ પડકારો માટે મારી ઘણી-ઘણી શુભેચ્છાઓ. આ પોસ્ટમાં સૂર્યાએ ખાસ કરીને 15 વર્ષના યુવા ઓપનર વૈભવ સૂર્યવંશી માટે અત્યંત લાગણીસભર વાત કહી છે. વૈભવ સૂર્યવંશીને પહેલીવાર સિનિયર ભારતીય ટીમમાં સ્થાન મળ્યું છે. વૈભવની પ્રશંસા કરતા સૂર્યાએ લખ્યું કે, તે આ તક પોતાની મહેનતથી મેળવી છે. તારી સફરને આગળ વધતી જોવા માટે હું વ્યક્તિગત રીતે ખૂબ જ ઉત્સાહિત છું.

# ભારતે ત્રીજો U-18 હોકી એશિયા કપ જીત્યો: જાપાનને 4-1થી હરાવ્યું

### આ પહેલા પાકિસ્તાન સામેની સેમિફાઇનલમાં પણ આશિષે હેટ્રિક ફટકારીને 4 ગોલ કર્યા હતા

ટોક્યો

ભારતે ત્રીજો U-18 હોકી એશિયા કપ જીતી લીધો છે. ટીમે ડિફેન્ડિંગ ચેમ્પિયન જાપાનને ફાઈનલમાં 4-1થી હરાવ્યું. આ પહેલા ભારતે 2001 અને 2016માં ટાઈટલ પોતાના નામે કર્યું હતું. જાપાનના કાકામિગાહારામાં આશિષ તાની પુર્તીએ હેટ્રિક ફટકારી. કેપ્ટન કેતન કુશવાહાએ પણ એક ગોલ કર્યો. આ પહેલા પાકિસ્તાન સામેની સેમિફાઈનલમાં પણ આશિષે હેટ્રિક ફટકારીને 4 ગોલ કર્યા હતા. જ્યારે પાકિસ્તાને મલેશિયાને હરાવીને ત્રીજું સ્થાન નિશ્ચિત કર્યું. બીજી તરફ, વિમેન્સ ટીમે સાઉથ કોરિયાને 3-0થી હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો. આ કેટેગરીમાં ચીને ગોલ્ડ પોતાના નામે કર્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પુરુષ અને મહિલા બંને ભારતીય U-18 હોકી ટીમોને એશિયા કપ 2026માં શાનદાર



પ્રદર્શન માટે અભિનંદન પાઠવ્યા. તેમણે મહિલા ટીમને શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે આખી ટુર્નામેન્ટમાં ટીમે શાનદાર જુસ્સો અને લડાયકતા બતાવી. આ સિદ્ધિ ભારતીય મહિલા હોકીની વધતી તાકાત અને ખેલાડીઓની અપાર ક્ષમતા દર્શાવે છે.

પુરુષ ટીમને અભિનંદન પાઠવતા પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતીય ખેલાડીઓએ આખી ટુર્નામેન્ટમાં ઉત્તમ કૌશલ્ય અને ટીમવર્કનું પ્રદર્શન કર્યું, જેનું પરિણામ ફાઈનલમાં યાદગાર જીત તરીકે સામે આવ્યું. ખિતાબ જીત્યા બાદ હોકી ઈન્ડિયાએ મેન્સ ટીમના દરેક ખેલાડીને ત્રણ-ત્રણ લાખ રૂપિયા અને સપોર્ટ સ્ટાફના દરેક સભ્યને દોઢ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી. એ જ દિવસે બ્રોન્ઝ જીતનાર ભારતીય મહિલા ટીમના ખેલાડીઓને એક-એક લાખ રૂપિયા અને સપોર્ટ સ્ટાફને 50 હજાર રૂપિયા આપવાની પણ જાહેરાત કરવામાં આવી. આશિષ ટુર્નામેન્ટના ટોપ સ્કોરર આશિષને ફાઈનલમાં શાનદાર પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવ્યો. તે 17 ગોલ સાથે ટુર્નામેન્ટનો ટોપ સ્કોરર પણ રહ્યો. ગોલકીપર આયુષ રજકને ટુર્નામેન્ટનો શ્રેષ્ઠ ગોલકીપર પસંદ કરવામાં આવ્યો. મહિલા સ્પર્ધામાં ભારતની નૌશીન નાઝ 12 ગોલ સાથે ટોપ સ્કોરર રહી. જાપાન તરફથી માત્ર એક ગોલ થયો આશિષ તાની પુર્તીએ બીજા, 28મા અને 34મા મિનિટમાં ગોલ કર્યા. કેતન કુશવાહાએ 30મા મિનિટમાં ગોલ કર્યો. જાપાન માટે એકમાત્ર ગોલ નુમાદા ગાકુએ 52મા મિનિટમાં પેનલ્ટી સ્ટ્રોક પર કર્યો.

## બિઝનેસ

### અમેરિકી કોર્ટમાંથી ક્લીનચીટ મળ્યા પછી સંપત્તિ $10 બિલિયન વધી

# ગૌતમ અદાણી એક મહિના પછી ફરી એશિયામાં સૌથી અમીર

મુંબઈ

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી એક મહિના પછી ફરીથી એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. ફોર્બ્સના રિપોર્ટ અનુસાર, અદાણી ગ્રુપના શેરોમાં આવેલી જોરદાર તેજી બાદ તેમની નેટવર્થ વધીને 90 અબજ ડોલર એટલે કે લગભગ 8.55 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે.ŏ આ ઉછાળા સાથે તેમણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને સોફ્ટબેંકના CEO મસાયોશી સનને પાછળ છોડી દીધા છે. અદાણી એપ્રિલ સુધી એશિયાના સૌથી ધનિક ઉદ્યોગપતિ હતા, પરંતુ તેમના શેરોમાં ઘટાડો થવાને કારણે તેઓ મે મહિનામાં ત્રીજા નંબર પર આવી ગયા હતા. અદાણી પછી બીજા નંબર પર મુકેશ અંબાણી (8.43



લાખ કરોડ) અને ત્રીજા પર મસાયોશી સન (87 અબજ ડોલર) છે. ગૌતમ અદાણી આ પહેલા એપ્રિલ-2026માં પણ એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બન્યા હતા. અદાણી ગ્રુપના શેર, આ વર્ષે 56% સુધી વધ્યા તાજેતરના દિવસોમાં અદાણી ગ્રુપના શેરોમાં સારી ખરીદી જોવા મળી છે. આ વર્ષ 2026માં અત્યાર સુધીમાં અદાણી ગ્રુપના અલગ-અલગ શેરોમાં 23% થી લઈને 56% સુધીનો શાનદાર ઉછાળો આવ્યો છે. શુક્રવારે ગ્રુપની કંપનીઓના શેરોની સ્થિતિ કંઈક આવી રહી... અદાણી ગ્રીન એનર્જી: શેરમાં લગભગ 7% નો મોટો ઉછાળો જોવા મળ્યો. અદાણી એનર્જી: તેના શેર લગભગ 4% સુધી મજબૂત થયા. અદાણી એન્ટરપ્રાઈઝિસ અને અદાણી પોર્ટ્સ: બંને શેરોમાં 2-2% નો વધારો જોવા મળ્યો. અદાણી પાવર: તેમાં પણ 1% થી વધુનો વધારો જોવા મળ્યો. અમેરિકી કોર્ટમાંથી ક્લીનચીટ મળ્યા બાદ સંપત્તિ $10 બિલિયન વધી ગયા મહિને અમેરિકી ન્યાય વિભાગે અદાણી ગ્રુપ સામે છેતરપિંડીના આરોપોને ફગાવી દીધા બાદથી ગૌતમ અદાણીની સંપત્તિમાં 10 બિલિયન ડોલર એટલે કે લગભગ 94.95 હજાર કરોડ રૂપિયાનો વધારો થયો છે. આ પહેલા, ગ્રુપ પર સોલર એનર્જી સપ્લાય કોન્ટ્રાક્ટ્સ માટે 25 કરોડ ડોલરની લાંચના આરોપો લાગ્યા હતા, જેના કારણે રોકાણકારો રોકાણ કરી રહ્યા ન હતા. આ પહેલા પણ, વર્ષ 2023માં અમેરિકન શોર્ટ-સેલર કંપની હિન્ડેનબર્ગ રિસર્ચે અદાણી ગ્રુપ પર શેરોમાં હેરાફેરી અને કોર્પોરેટ ઈતિહાસની સૌથી મોટી છેતરપિંડીનો આરોપ લગાવ્યો હતો, જેના કારણે શેર ધડામ દઈને નીચે પટકાયા હતા. જોકે, ગયા વર્ષે નિયામકોએ આ આરોપોને એમ કહીને ફગાવી દીધા હતા કે આ દાવાઓ સાબિત થઈ શક્યા નથી.

### સામાન્ય જનતાના ખિસ્સા ખંખેરી મૂડીપતિઓને લાભ કરાતો હોવાનો આરોપ

# ચીજવસ્તુના ભાવ 95% સુધી વધી જતાં મધ્યમવર્ગના બજેટમાં પંક્ચર

મુંબઈ

દેશમાં જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચતા મધ્યમ વર્ગના પરિવારોનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. 'અચ્છે દિન'નો વાયદો કરીને સત્તા પર આવેલી ભાજપ સરકારના શાસનમાં મોંઘવારીનો ગ્રાફ સતત ઊંચે જઈ રહ્યો છે, જેના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગ અત્યંત કફોડી સ્થિતિમાં મુકાયો છે તેવો આકરો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. સામાન્ય જનતાના ખિસ્સા ખંખેરી મૂડીપતિઓને લાભ કરાતો હોવાનો આરોપ કોંગ્રેસે આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, 'ભાજપ સરકાર સામાન્ય જનતાના ખિસ્સા ખંખેરી રહી છે અને આ નાણાંથી માત્ર અમુક મૂડીપતિઓને જ ફાયદો કરાવવામાં આવી રહ્યો છે. વર્ષ 2014ની સરખામણીએ આજે વર્ષ 2026માં જીવનજરૂરી તમામ ખાદ્ય ચીજવસ્તુઓ, દૂધ તેમજ ઈંધણના ભાવો બે ગણાથી



લઈને ત્રણ ગણા સુધી વધી ગયા છે. આ ચિંતાજનક ભાવવધારો જ દર્શાવે છે કે સરકાર આર્થિક મોરચે અને મોંઘવારી અંકુશમાં લેવામાં સદંતર નિષ્ફળ નીવડી છે.' હાલમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને આંતરરાષ્ટ્રીય બહાના હેઠળ સરકાર પોતાની જવાબદારીઓમાંથી છટકી રહી છે. જનતાને વાસ્તવિક રાહત આપવાના બદલે જીવનજરૂરી વસ્તુઓ પર ભાવ નિયંત્રણ લાવવાની મોટી મોટી વાતો માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ છે. સામાન્ય પરિવારોના મુખ્ય અને રોજિંદા ખોરાક એવા લોટ, દાળ, ચોખા અને દૂધના ભાવમાં 50 ટકાથી લઈને 95 ટકા સુધીનો તોતિંગ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે, જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગ માટે બે ટંકનું ભોજન મેળવવું પણ મુશ્કેલ બની રહ્યું છે. દેશમાં જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચતા મધ્યમ વર્ગના પરિવારોનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. 'અચ્છે દિન'નો વાયદો કરીને સત્તા પર આવેલી ભાજપ સરકારના શાસનમાં મોંઘવારીનો ગ્રાફ સતત ઊંચે જઈ રહ્યો છે, જેના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગ અત્યંત કફોડી સ્થિતિમાં મુકાયો છે તેવો આકરો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે.

### રિલાયન્સ ટોપ લૂઝર રહી, વેલ્યુ ₹39,718 કરોડ ઘટી

# ટોપ-10 કંપનીઓમાંથી 7ની વેલ્યુ ₹1.25 લાખ કરોડ ઘટી, TCS-એરટેલનું માર્કેટ કેપ પણ ઘટ્યું

### ઓટોમોબાઈલ તથા મોબિલિટી સંબંધિત નિકાસમાં પણ આકર્ષક વૃદ્ધિ થઈ રહી છે, મોટર કારની નિકાસ 7.79 કરોડ ડોલર પરથી વધી એક વર્ષમાં 70.17 કરોડ ડોલર પર પહોંચી ગઈ છે

મુંબઈ

માર્કેટ કેપની દ્રષ્ટિએ દેશની 10 સૌથી મોટી કંપનીઓમાંથી 7 કંપનીઓની વેલ્યુ છેલ્લા અઠવાડિયાના કારોબારમાં 1.25 લાખ કરોડ રૂપિયા ઘટી ગઈ. આ સમયગાળા દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માર્કેટ વેલ્યુ સૌથી વધુ ઘટી છે.

રિલાયન્સની માર્કેટ વેલ્યુ 39,718 કરોડ ઘટીને 17.47 લાખ કરોડ પર આવી ગઈ છે. જ્યારે TCSની માર્કેટ વેલ્યુ 20,134 કરોડ ઘટીને 7.95 લાખ કરોડ રહી ગઈ છે. આ ઉપરાંત એરટેલ, લાર્સન એન્ડ ટુબ્રો, LIC, બજાજ ફાઈનાન્સ અને હિન્દુસ્તાન યુનિલિવરની માર્કેટ વેલ્યુ પણ ઘટી છે. જ્યારે છેલ્લા અઠવાડિયે SBI, ICICI બેંક અને HDFC બેંકની માર્કેટ વેલ્યુ વધી છે. છેલ્લા અઠવાડિયે સેન્સેક્સ 532 અંક ઘટ્યો હતો ગયા અઠવાડિયે સેન્સેક્સ 532 (0.71%) પોઈન્ટ અને નિફ્ટી 181 (0.76%) પોઈન્ટ ઘટ્યો



હતો. જ્યારે શુક્રવાર, 5 જૂને સેન્સેક્સ 116 પોઈન્ટના ઘટાડા સાથે 74,243 પર બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 50 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો, તે 23,366 ના સ્તરે બંધ થયો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન શું છે? માર્કેટ કેપ એ કોઈપણ કંપનીના કુલ આઉટસ્ટેન્ડિંગ શેર એટલે કે હાલમાં તેના શેરધારકો પાસે રહેલા તમામ શેરનું મૂલ્ય છે. તેની ગણતરી કંપની દ્વારા જાહેર કરાયેલા શેરની કુલ સંખ્યાને તેમની કિંમત વડે ગુણીને કરવામાં આવે છે. કંપની પર અસર : મોટું માર્કેટ કેપ કંપનીને માર્કેટમાંથી ભંડોળ એકત્ર કરવામાં, લોન લેવામાં અથવા અન્ય કંપની હસ્તગત કરવામાં મદદ કરે છે. જ્યારે, નાના અથવા ઓછા માર્કેટ કેપથી કંપનીની નાણાકીય નિર્ણય લેવાની ક્ષમતા ઓછી થઈ જાય છે. રોકાણકારો પર અસર : માર્કેટ કેપ વધવાથી રોકાણકારોને સીધો ફાયદો થાય છે. કારણ કે તેમના શેરની કિંમત વધી જાય છે. તે જ સમયે, ઘટાડાથી નુકસાન થઈ શકે છે, જેનાથી રોકાણકારો શેર વેચવાનો નિર્ણય લઈ શકે છે. ઉદાહરણ: જો TCSનું માર્કેટ કેપ 12.43 લાખ કરોડ વધે છે, તો રોકાણકારોની સંપત્તિ વધશે, અને કંપનીને ભવિષ્યમાં રોકાણ માટે વધુ મૂડી મળી શકે છે. પરંતુ જો માર્કેટ કેપ ઘટે છે તો તેનું નુકસાન થઈ શકે છે. માર્કેટ કેપની દ્રષ્ટિએ દેશની 10 સૌથી મોટી કંપનીઓમાંથી 7 કંપનીઓની વેલ્યુ છેલ્લા અઠવાડિયાના કારોબારમાં 1.25 લાખ કરોડ રૂપિયા ઘટી ગઈ. આ સમયગાળા દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માર્કેટ વેલ્યુ સૌથી વધુ ઘટી છે.

# ખાદ્ય તેલનું વેચાણ માનક પેકેજિંગમાં કરવાની વ્યવસ્થા ફરીથી અમલમાં મુકાઈ


- રિટેલ બજારમાં વ્યવસ્થા અને પારદશતા પુનઃસ્થાપિત થશે
- રિટેલ બજારમાં વ્યવસ્થા અને પારદશતા પુનઃસ્થાપિત થશે તેમજ તમામ ઉત્પાદકો માટે સમાન સ્પર્ધાનું વાતાવરણ તૈયાર કરશે.

મુંબઈ

ઉદ્યોગની લાંબા સમયની માગણીને ધ્યાનમાં રાખી ગ્રાહક બાબતોના મંત્રાલયે છેવટે એક એડવાઈઝરી જાહેર કરીને ખાદ્ય તેલનું વેચાણ માનક પેકેજિંગમાં કરવાની વ્યવસ્થા ફરીથી અમલમાં મૂકી છે. આના કારણે ગ્રાહકો માટે ભાવ પારદશતા વધશે અને વિવિધ બ્રાન્ડોના ભાવોની સરખામણી કરવી સરળ બનશે. ઉત્પાદકો, પેકર્સ અને આયાતકારોને નવા નિયમોનું પાલન કરવા માટે ત્રણ મહિનાનો સમય આપવામાં આવ્યો છે. ગ્રાહક બાબતોના વિભાગે કાનૂની માપવિજ્ઞાન (લીગલ મેટ્રોલોજી) માળખા હેઠળ ખાદ્ય તેલો અને ચરબી (ફેટ્સ)ની શુદ્ધ માત્રા તથા માનક પેક કદ નક્કી કરવા અંગેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) માં સુધારો કર્યો છે. સુધારેલા નિયમો હેઠળ પામ તેલ, પામોલીન, સોયાબીન તેલ, સૂર્યમુખી તેલ, સરસવ/રેપસીડ તેલ, મગફળી તેલ, તલ તેલ, રાઈસ બ્રાન તેલ, કપાસિયા બીજનું તેલ, મકાઈનું તેલ તેમજ તેમના મિશ્રણો માટે માનક પેક કદ નક્કી કરવામાં આવ્યા છે. મંજૂર કરાયેલા પેક કદ આ પ્રમાણે છે: ૨૦૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ, ૧ કિલો, ૨ કિલો, ૩ કિલો, ૪ કિલો, ૫ કિલો, ૧૫ કિલોગ્રામ ૨૦ કિલોગ્રામનો સમાવેશ થાય છે. પ્રવાહી માત્રા મુજબ તેના સમકક્ષ પેક કદ ૨૦૦ મિલીલીટર, ૫૦૦ મિલીલીટર, ૧ લીટર, ૨ લીટર, ૩ લીટર, ૪ લીટર, ૫ લીટર, ૧૫ લીટર તથા ૨૦ લીટરમાં હોવા જોઈશે. જો કે ૨૦૦ ગ્રામ અથવા ૨૦૦ મિલીલીટરથી ઓછી માત્રાવાળા પેકેટો પર કોઈ પ્રતિબંધ રહેશે નહીં.આ નિર્ણયના પરિણામે ૬૫૦ ગ્રામ, ૭૦૦ ગ્રામ, ૮૧૦ ગ્રામ, ૮૫૦ ગ્રામ અને ૮૭૦ ગ્રામ જેવા બિન-માનક પેક આગામી ત્રણ મહિનામાં બજારમાંથી દૂર થઈ જશે.

## દિલ્હી સુધી પડઘા પડ્યા ત્યારે જાગ્યું AMC તંત્ર

# એક જ વિસ્તારની 5 ફરિયાદ આવશે તો જ 6 કલાકમાં નિકાલ કરવાની SOP બનાવી




**સ્માર્ટ સિટી અમદાવાદના સ્વચ્છતા અને વિકાસના દાવાઓની નીકળી હવા, દૂષિત પાણી મુદ્દે જનતા પરેશાન, સત્તાધારી પક્ષ સામે ઉઠ્યા સવાલો**

**અમદાવાદ: પવન માકન**

વર્લ્ડ હેરિટેજ સિટી અને સ્માર્ટ સિટીના મોટા મોટા બણગાં ફૂંકતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પોલ આજે સદંતર ખુલી ગઈ છે. શહેરમાં છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીમાં ગટરનું ગંદુ અને કેમિકલયુક્ત પાણી આવતું હોવાની ફરિયાદો ઉઠી રહી છે. પ્રજાના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા છે છતાં તંત્ર ઘોર નિદ્રામાં હતું. પરંતુ આ દૂષિત પાણીનો મુદ્દો જ્યારે છેક દિલ્હી સુધી પહોંચ્યો અને હાઈકમાન્ડ સુધી આબરૂ જવાના વારા આવ્યા, ત્યારે જઈને કુંભકર્ણની નિદ્રામાં સૂતેલું એએમસી તંત્ર અચાનક જાગ્યું છે.

તંત્ર દ્વારા ઉતાવળે એક નવી એસઓપી જાહેર કરવામાં આવી છે. આ નવી સિસ્ટમ મુજબ, જો કોઈ એક જ વિસ્તારમાંથી દૂષિત પાણી આવતું હોવાની 5 ફરિયાદો નોંધાશે, તો તંત્ર દ્વારા આગામી 6 કલાકની અંદર તે ફરિયાદનો નિકાલ કરવામાં આવશે. જો કે, તંત્રની આ નવી ગાઈડલાઈન સામે પણ હવે સ્માર્ટ સિટીના જાગૃત નાગરિકો સવાલો ઉઠાવી રહ્યા છે. પ્રજા પૂછી રહી છે કે, શું કોઈ એક સિંગલ પરિવાર ગંદુ પાણી પીને બીમાર પડે તો તંત્રને તેની કોઈ ચિંતા નથી? શું 5 પરિવારો બીમાર પડે કે રોગચાળો ફેલાય તેની એએમસી રાહ જોશે? અમદાવાદ શહેરમાં ભાજપ છેલ્લા ઘણા સમયથી એકચક્રી શાસન ભોગવી રહ્યું છે. મહાનગરપાલિકામાં કરોડો રૂપિયાના બજેટો માત્ર કાગળ પર જ ચમકી રહ્યા છે, જ્યારે વાસ્તવિકતા એ છે કે લોકોને પીવાનું શુદ્ધ પાણી પણ નસીબ થતું નથી. શાસક પક્ષની નબળી પકડના કારણે વહીવટી તંત્ર તદ્દન બેકાબૂ બન્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. કરોડો રૂપિયાનો ટેક્સ વસૂલ્યા પછી પણ જનતાને નરકાગાર જેવી સ્થિતિમાં જીવવું પડે છે.

આજે અમદાવાદના અનેક વિસ્તારોમાં દૂષિત પાણી અને ગંદકીના મુદ્દે જનતાનો ભારે આક્રોશ જોવા મળ્યો હતો. મહિલાઓએ ખાલી બેડાં સાથે રસ્તા પર ઉતરીને વિરોધ પ્રદર્શન કર્યા હતા અને સ્થાનિક કોર્પોરેટરો તેમજ ધારાસભ્યો સામે નારેબાજી કરી હતી. જનતા પૂછી રહી છે કે ચૂંટણી સમયે હાથ જોડીને વોટ માંગવા આવતા નેતાઓ આજે ક્યાં છુપાયા છે? પ્રજાના સ્વાસ્થ્ય સાથે રમત રમતા આ ભ્રષ્ટ તંત્ર સામે કડક પગલાં ક્યારે લેવાશે? જો આગામી દિવસોમાં આ સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે તો આ આંદોલન વધુ ઉગ્ર બનશે તેવી ચીમકી પણ સ્થાનિકોએ ઉચ્ચારી છે.

## અમદાવાદની ઘી કાંટા મેટ્રોપોલીટન કોર્ટમાં

# ઉશ્કેરાયેલા પતિએ પત્નીના વકીલને ચાલુ કોર્ટમાં ચાર-પાંચ લાફા ઝીંકી દીધા

**અમદાવાદ**

અમદાવાદની ઘી કાંટા મેટ્રોપોલીટન કોર્ટમાં શનિવારે (છઠ્ઠી જૂન) બપોરે ચોંકાવનારી ઘટના સામે આવી હતી. કોર્ટ નંબર-15માં ઘરેલુ હિંસા (ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ)ના એક કેસની સુનાવણી ચાલી રહી હતી. આ દરમિયાન ચાલુ કોર્ટે જજની હાજરીમાં જ એક ઉશ્કેરાયેલા પતિએ તેની પત્નીના વકીલ પર હુમલો કરી ચારથી પાંચ લાફા ઝીંકી દીધા હતા. આ અણધારી ઘટનાને પગલે વકીલો અને પક્ષકારોથી ભરેલા આખા કોર્ટ રૂમમાં સન્નાટો છવાઈ ગયો હતો અને સુરક્ષાને ધ્યાને રાખી જજ તાત્કાલિક ડાયસ પરથી ઊભા થઈ પોતાની ચેમ્બરમાં જતા રહ્યા હતા. રખિયાલ વિસ્તારમાં રહેતી પત્નીએ તેના પતિ વિરૂદ્ધ ઘરેલુ હિંસા સહિતની વિવિધ કલમો હેઠળ મેટ્રો કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. શનિવારે આ કેસની સુનાવણી હોવાથી બંને પક્ષો કોર્ટમાં હાજર હતા અને પોતાના કેસનો નંબર આવવાની રાહ જોઈ રહ્યા હતા. તે દરમિયાન પત્નીએ તેની બાજુમાં બેઠેલા એક અન્ય યુવક સાથે સ્વાભાવિક વાતચીત શરૂ કરી હતી. આ દ્રશ્ય જોઈ દૂર બેઠેલો પતિ શંકાશીલ વર્તણૂકને કારણે અચાનક ઉશ્કેરાઈ ગયો




હતો અને 'આ કોણ છે...?' તેમ કહી ચાલુ કોર્ટમાં જોરજોરથી બોલાચાલી કરવા લાગ્યો હતો. કોર્ટ રૂમનું વાતાવરણ ડહોળાતું જોઈ પત્નીના વકીલ અશોક પરમારે તાત્કાલિક ત્યાં પહોંચી પતિને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, આવેશમાં આવેલા પતિએ કંઈ પણ વિચાર્યા વગર વકીલ અશોક પર જ હુમલો કરી દીધો હતો. વકીલને લાફા માર્યા હોવાના સમાચાર વાયુવેગે સમગ્ર કોર્ટ સંકુલમાં ફેલાઈ ગયા હતા. આ ઘટનાથી રોષે ભરાયેલા મોટી સંખ્યામાં વકીલો કોર્ટ નંબર-15માં ધસી આવ્યા હતા અને વકીલ પર હાથ ઉપાડનાર પતિને ચારેબાજુથી ઘેરીને કોર્ટ પ્રાંગણમાં જ બરાબરનો મેથીપાક ચખાડ્યો હતો. કોર્ટ કેમ્પસમાં લગભગ દોઢ કલાક સુધી ભારે હંગામો, દોડધામ અને અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો.

## શહેરની સ્કૂલોમાં ફાયર સેફ્ટીનું થશે સરપ્રાઇઝ ચેકિંગ

# DEOની ટીમ ગ્રાઉન્ડ પર ઉતરી રિપોર્ટ તૈયાર કરશે, બેદરકારી દાખવનાર સ્કૂલો સામે થશે કડક કાર્યવાહી

**અમદાવાદ**

અસહ્ય ગરમીના કારણે આગ લાગવાની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. તેમજ થોડા દિવસ પહેલા દિલ્હીમાં હોટેલમાં આગ લાગવાથી અનેક લોકોના મોત થયા હતા. જેથી અમદાવાદ શહેરને શાળાઓમાં આગ લાગવાની ઘટના ન બને તે માટે અગમચેતી રાખવા અને સતર્ક રહેવા શાળાઓને સૂચના આપવામાં આવી છે. તેમજ શાળાઓ શરૂ થતા જ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની ટીમ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ પણ કરવામાં આવશે. શહેરની શાળાઓમાં ફાયર સેફ્ટી ના સાધનો ચાલુ છે કે બંધ તેની તપાસ કરી રિપોર્ટ તૈયાર કરવા સૂચના આપવામાં આવે છે. જો કોઈ શાળા ફાયર સેફ્ટીની બાબતમાં બેદરકારી દાખવશે તો તેની સામે કડક કાર્યવાહી પણ થઈ શકે છે. છેલ્લા કેટલાક દિવસમાં અમદાવાદ શહેરમાં આગ લાગવાની અનેક ઘટનાઓ સામે આવી છે. મોટાભાગે ઈલેક્ટ્રીક



ઉપકરણમાં શોર્ટ સર્કિટના કારણે અથવા અસહ્ય ગરમીના કારણે એસી સહિતના ઈલેક્ટ્રિક ઉપકરણોમાં આગ લાગી હોવાનું સામે આવ્યું છે. તેમજ આવતીકાલથી (8 જૂન) અમદાવાદ શહેરની તમામ શાળાઓ શરૂ થવા જઈ રહી છે. શાળાઓમાં એસી અને કોમ્પ્યુટર સહિતના ઈલેક્ટ્રિક ઉપકરણનો ઉપયોગ વધારે થતો હોય છે. જેથી શાળાઓમાં આગ લાગવાની કોઈ ઘટના ન બને અને વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને શાળાઓને એલર્ટ રહેવા માટે સૂચના આપવામાં આવી છે. તેમજ શાળાઓ શરૂ થયા જ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ તેમની ટીમને સરપ્રાઈઝ ચેકિંગ કરવાની સૂચના આપી છે. શહેરની તમામ શાળાઓ પાસે ફાયર NOC તો છે. પરંતુ ફાયર સેફ્ટીના સાધનો ચાલુ હાલતમાં છે કે પછી બંધ હાલતમાં તેની ચકાસણી કરવામાં આવશે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની ટીમ દ્વારા તમામ શાળાઓમાં ફાયર સેફ્ટીના સાધનોની ચકાસણી કરી રિપોર્ટ તૈયાર કરી DEOને સોંપવામાં આવશે. સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન જો કોઈ શાળાની બેદરકારી સામે આવશે અથવા ફાયર સેફ્ટીના ઉપકરણો બંધ હાલતમાં હશે તો તેના સામે કડક કાર્યવાહી પણ થઈ શકે છે.

# 42 લાખના દાગીનાની ચોરીનો ભેદ ખુલ્યો! જ્વેલર્સનો જ કર્મચારી નીકળ્યો મુખ્ય આરોપી

**અમદાવાદ**

શહેરમાં જ્વેલરી શોરૂમમાં થયેલી ૪૨ લાખ રૂપિયાના સોનાના દાગીનાની સનસનાટીભરી ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને મોટી સફળતા મળી છે. ચોંકાવનારી વાત એ છે કે આ આખી ચોરીનો માસ્ટરમાઈન્ડ બીજું કોઈ નહીં, પરંતુ એ જ જ્વેલર્સની દુકાનમાં કામ કરતો એક વિશ્વાસુ કર્મચારી નીકળ્યો છે. જેને 'ઘરના ભેદીએ લંકા ઢાડી' જેવો ઘાટ સર્જ્યો છે.

ચોરીની સમગ્ર ઘટના અને પોલીસ તપાસ

મળતી માહિતી મુજબ, અમદાવાદના એક પ્રતિષ્ઠિત જ્વેલર્સના શોરૂમમાંથી રહસ્યમય સંજોગોમાં ૪૨ લાખની કિંમતના સોનાના દાગીના ગાયબ થઈ ગયા હતા. વેપારીની ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી જ્યારે પોલીસે દુકાનના કર્મચારીઓની પૂછપરછ શરૂ કરી, ત્યારે એક કર્મચારીની ગતિવિધિ શંકાસ્પદ જણાઈ હતી.

## ઈસનપુરના વૃદ્ધને શેર બજારમાં રોકાણ કરાવી 90 લાખથી વધુ પડાવ્યા

# BOIનો ફેક KYC લેટર અને APK ફાઈલ ઈન્સ્ટોલ કરતા નિકોલની મહિલાના ખાતામાંથી 7.46 લાખ સાફ

**અમદાવાદ**

અમદાવાદ શહેરના એક વૃદ્ધે યુટ્યુબમાં રોકાણની જાહેરાત જોઈને એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી. જે બાદ ગઠિયાઓએ વૃદ્ધને અલગ અલગ શેરમાં રોકાણ કરવાનું કહીને એપ્લિકેશનમાં ટુકડે ટુકડે 90 લાખથી વધુ રકમ ભરાવડાવી હતી. વૃદ્ધને માત્ર નફાના 22 હજાર રૂપિયા પરત આપ્યા હતા. વૃદ્ધે સાયબર ક્રાઈમમાં અજાણ્યા શખસ સામે ફરિયાદ નોંધાવી છે.

તો અન્ય એક બનાવમાં બેન્ક ઓફ ઈન્ડિયાનો ફેક KYC લેટર અને APK ફાઈલ ઈન્સ્ટોલ કરતા નિકોલની મહિલાના ખાતામાંથી 7.46 લાખ સાફ થઈ ગયા છે.

ઈસનપુરમાં રહેતા 73 વર્ષીય વૃદ્ધ નિવૃત જીવન ગુજારે છે. યુટ્યુબમાં ઈન્વેસ્ટમેન્ટની જાહેરાત જોઈને તેમણે એક લિંકમાં ક્લિક કર્યું હતું જેમાં ફોર્મ ખુલ્યું હતું તે ભરીને તેમણે વિગતો ભરી એક એપ્લિકેશન ડાઉનલોડ કરી ખાતું




ખોલાવ્યું હતુ. ખાતું ખોલાવતા તેમનો એક પોર્ટફોલિયો મેનેજર સાથે સંપર્ક થયો હતો.જે વૃદ્ધને અવારનવાર રોકાણ માટેની ટીપ્સ આપતો હતો.આ એપ્લિકેશનમાં પોર્ટફોલિયો મેનેજર કહેતો તે મુજબ વૃદ્ધ અલગ અલગ રોકાણ કરતા હતા. વૃદ્ધે 14 નવેમ્બરથી 9 એપ્રિલ 2026 સુધી કુલ 90.97 લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. એપ્લિકેશનમાં રોકાણની સામે વૃદ્ધને મોટી રકમનો નફો પણ બતાવતા હતા જે નફો જોઈને જ વૃદ્ધ લાલચમાં આવી ગયા અને તેમણે 90 લાખથી વધુનું રોકાણ કરી દીધું હતું. રોકાણ કર્યા બાદ શરૂઆતમાં નફો બતાવીને 22 હજાર રૂપિયા ઉપાડવા પણ દીધા હતા.જેથી વૃદ્ધને વિશ્વાસ આવી ગયો હતો. વૃદ્ધે પાંચ મહિનામાં કુલ 90 લાખથી વધુનું રોકાણ કર્યું જેની સામે કરોડો રૂપિયાનો નફો બતાવતા હતા.

વૃદ્ધ જ્યારે એપ્લિકેશનમાંથી પૈસા ઉપાડવા ગયા ત્યારે તેમનું એકાઉન્ટ ફ્રીજ થઈ ગયું હતું અને મેસેજ આવ્યો હતો કે જેમાં તેમણે પોર્ટફોલિયો મેનેજર અને અન્ય લોકોને મેસેજ અને કોલ કર્યા પરંતુ સામેથી કોઈ જવાબ આવતો ન હતો. જેથી વૃદ્ધને તેમની સાથે ફ્રોડ થયાની જાણ થઈ હતી.આ અંગે વૃદ્ધિ સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

નિકોલમાં રહેતા 37 વર્ષીય મહિલા સાથે 7.46 લાખ રૂપિયાની છેતરપિંડી થયાની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે.

## તંત્રની બેવડી નીતિ સામે જગતાતનો આક્રોશ

# ખેડૂતોના કપાસ પર 'વિદેશી' આક્રમણ અને અદાણી પર 'આત્મનિર્ભર' મહેરબાની!

- **સળગતો સવાલ: દેશના ખેડૂતોનું લોહી-પરસેવો પાણી, પણ ઉધોગપતિઓ માટે લાલ જાજમ?**

**અમદાવાદ**

ભારત સરકાર દેશને 'આત્મનિર્ભર' બનાવવાની મોટી-મોટી ગુલબાંગો પોકારે છે, પરંતુ જ્યારે વાત દેશના કરોડરજ્જુ સમાન ખેડૂતની આવે ત્યારે આ આત્મનિર્ભરતાનું સૂરસૂરિયું થઈ જાય છે. ગુજરાત સહિત દેશભરના કપાસ પકવતા ખેડૂતો આજે આસમાની અને સુલતાની આફતો વચ્ચે પીસાઈ રહ્યા છે. ખેડૂતોનો સૌથી મોટો અને ઘાતક સવાલ એ છે કે, દેશમાં અદાણી જેવા મોટા ઉદ્યોગપતિઓના હિતોની રક્ષા કરવા માટે જ્યારે 'આત્મનિર્ભર ભારત'ના નિયમો રાતોરાત લાગુ થઈ જાય છે, તો પછી દેશના ગરીબ ખેડૂતોના કપાસ માટે એવો નિયમ કેમ નથી બનતો કે ભારતીય મિલોએ ફરજિયાત ભારતનો જ કપાસ ખરીદવો પડશે?

આજે સ્થિતિ એ છે કે દેશનો ખેડૂત જ્યારે રાત-દિવસ એક કરીને, કાળી મજૂરી કરીને ઉત્તમ ગુણવત્તાનો કપાસ પકવે છે, ત્યારે તેને પૂરતા ભાવ (MSP) પણ મળતા નથી. ટેકાના ભાવે ખરીદી કરવામાં તંત્રના પેટનું પાણી હલતું નથી. બીજી તરફ, ટેક્સટાઈલ માફિયાઓ અને મોટી મિલો વિદેશથી સસ્તો કપાસ મંગાવીને ભારતના બજારને તોડી રહી છે. વિદેશી કપાસની આયાત પર કડક પ્રતિબંધ કેમ નથી લાદવામાં આવતો? જગતાતનો કપાસ ખુલ્લા બજારમાં કોડીના ભાવે વેચાય છે અને સરકાર વિદેશી આયાતની છૂટ આપીને પોતાના જ ખેડૂતોના પેટ પર લાત મારી રહી છે.

જનતા અને ખેડૂત સંગઠનો હવે ખુલ્લેઆમ આક્રોશ ઠાલવી રહ્યા છે કે, સરકારની નીતિઓ માત્ર મૂડીપતિઓને સમૃદ્ધ બનાવવા માટે જ ઘડાય છે? અદાણી જેવા કોર્પોરેટ જૂથોના પ્રોજેક્ટ્સ અને વેપારને બચાવવા માટે સરકાર તમામ પ્રકારના કાયદાકીય કવચ અને આત્મનિર્ભરતાના પાઠ ભણાવે છે. પણ જ્યારે એ જ નિયમ ખેડૂતોના પાકને બચાવવા માટે લાગુ કરવાનો હોય, ત્યારે મુક્ત વ્યાપાર (Free Trade) અને આંતરરાષ્ટ્રીય બજારના બહાના હેઠળ ખેડૂતોને મરવા માટે છોડી દેવાય છે.

## "ખાખી માત્ર એક યુનિફોર્મ નથી, તે વિશ્વાસ, જવાબદારી અને જનસેવાનું પ્રતિક છે"

# અમદાવાદ JCP (Crime) IPS શરદ સિંઘલ સાહેબની નિષ્ઠા અને જનસેવાને 'પાક્કો ગુજરાત'ની સલામ...!

**અમદાવાદ**

જ્યારે કોઈ વ્યક્તિ પોતાના અંગત સ્વાર્થને બાજુ પર મૂકીને સમાજની સુરક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરી દે છે, ત્યારે એ વર્દી માત્ર વસ્ત્ર ન રહેતા કરોડો લોકોના વિશ્વાસનું પ્રતિક બની જાય છે. અમદાવાદ શહેરના જેસીપી (Crime) આઈપીએસ શરદ સિંઘલ સાહેબ આજે એક એવું જ નામ છે, જે પોતાની નિષ્ઠા, કડક વહીવટ અને જનસુરક્ષા પ્રત્યેના અજોડ સમર્પણથી ખાખીની ગૌરવગાથાને નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહ્યા છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના વડા તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ IPS શરદ સિંઘલ સાહેબે ગુનેગારો વિરુદ્ધ ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે. તેમની આગવી શૈલી અને સચોટ વ્યૂહરચનાના કારણે શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બની છે. જટિલ ગુનાઓનો ભેદ ઉકેલવામાં તેમની




કુશળતા અને ત્વરિત નિર્ણયો લેવાની ક્ષમતાએ પોલીસ વિભાગમાં એક નવો સૂર્યોદય આણ્યો છે. ગુનેગારોમાં કાયદાનો ડર અને સામાન્ય નાગરિકોમાં સુરક્ષાનો ભાવ પેદા કરવો એ જ એમની કાર્યશૈલીની મુખ્ય વિશેષતા રહી છે.

એક આઈપીએસ અધિકારી તરીકે શરદ સિંઘલ સાહેબ જેટલા કડક વહીવટદાર છે, એટલા જ તેઓ સામાન્ય જનતા માટે સંવેદનશીલ અને સુલભ છે. ગરીબો, વંચિતો અને પીડિતો ન્યાય માટે જ્યારે પણ તેમની સમક્ષ પહોંચે છે, ત્યારે તેમને હંમેશા એક ન્યાયી વડીલ જેવો આશ્વાસન અને મદદ મળે છે. પોલીસ સ્ટેશનના પગથિયાં ચડતા ગભરાતા સામાન્ય માણસને ખાખી પર ભરોસો બેસે, તેવા વાતાવરણનું નિર્માણ તેમણે કર્યું છે.

આ પંક્તિઓ IPS શરદ સિંઘલ સાહેબના વ્યક્તિત્વ અને તેમની ફરજ પર બિલકુલ સચોટ બેસે છે. ૨૪ કલાક અને ૩૬૫ દિવસ તણાવ વચ્ચે પણ ચહેરા પર સ્મિત અને સેવાનો ભાવ જાળવી રાખવો એ દરેકના બસની વાત નથી.

### ■ 'પાક્કો ગુજરાત' તરફથી સલામ

ગુજરાતની જનતા વતી, 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર આવા નિષ્ઠાવાન, નીડર અને કર્મનિષ્ઠ દેશભક્ત અધિકારી IPS શરદ સિંઘલ સાહેબની સેવાની સરાહના કરે છે.

આપ જેવા અધિકારીઓના કારણે જ આજે અમદાવાદ સુરક્ષિત છે અને સામાન્ય નાગરિક શાંતિની ઊંઘ લઈ શકે છે.

ખાખીનું ગૌરવ વધારતા અને જનસેવાને જ પોતાનો પરમ ધર્મ માનતા IPS શરદ સિંઘલ સાહેબને 'પાક્કો ગુજરાત' ન્યૂઝના કોટી કોટી પ્રણામ અને સલામ!

**બ્યુરો રિપોર્ટ: પાક્કો ગુજરાત ન્યૂઝ**

# કોમનવેલ્થના યજમાન અમદાવાદના અંડરબ્રિજમાં ડૂબીને મર્યા તો જવાબદારી તમારી!

- **ચોમાસામાં 25 અંડરબ્રિજ જોખમી; મ્યુ. કમિશનર ચેતવણી આપી છટક્યાં**
- **સ્માર્ટ સિટી અને ભવિષ્યના કોમનવેલ્થ ગેમ્સના હોસ્ટ અમદાવાદમાં પ્રી-મોન્સૂનની પોલ ખુલી**
- **અંડરબ્રિજમાં પાણી ભરાય અને દુર્ઘટના થાય તો મ્યુનિસિપલ કોર્પોરેશન જવાબદારી લેવા તૈયાર નથી**

**અમદાવાદ**

ભવિષ્યમાં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરવાના સપના જોતા સ્માર્ટ સિટી અમદાવાદમાં ચોમાસાની શરૂઆત પહેલા જ સત્તાધીશોની લાચારી અને બેશરમી સામે આવી છે. જો ચોમાસા દરમિયાન શહેરના કોઈ અંડરબ્રિજમાં પાણી ભરાવાને કારણે તમે ડૂબીને મરી જાઓ, તો તેની જવાબદારી મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની રહેશે નહીં! મ્યુનિસિપલ કમિશનરે માત્ર 'ચેતવણી'નું બોર્ડ મારીને પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લીધા છે. ચોમાસાની ઋતુમાં અમદાવાદના ૨૫ જેટલા અંડરબ્રિજ ભારે વરસાદ દરમિયાન વાહનચાલકો માટે જોખમી સાબિત થઈ શકે છે. દર વર્ષે કરોડો રૂપિયા પ્રી-મોન્સૂન એક્શન પ્લાન પાછળ વાપરવા છતાં, અંડરબ્રિજમાં પાણી ભરાવાની સમસ્યા જસની તસ છે. આ વર્ષે તંત્રએ આધુનિક પંપ અને ડ્રેનેજ સિસ્ટમ ઠીક કરવાને બદલે એક નવો જ કિમીયો અપનાવ્યો છે - અંડરબ્રિજની બહાર ચેતવણીના બોર્ડ મારી દેવા, જેથી કોઈ દુર્ઘટના થાય તો દોષનો ટોપલો જનતાના માથે ઢોળી શકાય. મ્યુનિસિપલ કમિશનર દ્વારા જારી કરાયેલી આડકતરી ચેતવણી બાદ શહેરીજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે, જો અંડરબ્રિજમાં ડૂબી જવાથી થતા મોત માટે નાગરિક પોતે જ જવાબદાર હોય, તો દર વર્ષે તંત્ર કરોડો રૂપિયાના ટેક્સ અને પ્રી-મોન્સૂનની ગુલબાંગો કેમ પોકારે છે?

વિશ્વકક્ષાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓના દાવા કરતા સત્તાધીશો વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં દર વર્ષે


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI